
સળંગ અંક ૪૩-૪૪ નવે.-ડિસે. - ૨૦૧૦ કિંમત રૂા. ૫-૦૦

# શ્રી સ્વામિનારાયણ

માસિક







પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

# અન્નકૂટ દર્શન



જેતલપુર



મૂળી



નારણઘાટ



ઈડર



સ્ટ્રેધામ



કલિવલેન્ડ



લેસ્ટર



એટલાન્ટા



સીડની



ટોરેન્ટો



સિનેમિન્શન



શિકાગો




**સંસ્થાપક**
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૬૨.
www.swaminarayan.in
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - ૪ અંક: ૪૩-૪૪ નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદિયમ્ | ૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૩ |
| ૦૩. | "દર્શનમ્" | ૦૫ |
| ૦૪. | ચોરી ન કરની કાહુ કી | ૦૭ |
| ૦૫. | દિન-દિન દિવાળી | ૦૯ |
| ૦૬. | આજ કળિયુગમાં પરચા | ૧૧ |
| ૦૭. | કારતક સુદ-૧૧ એટલે ધર્મનું સ્મરણ કરવાનો દિવસ | ૧૩ |
| ૦૮. | સંસ્કાર | ૧૫ |
| ૦૯. | સ્વામિનારાયણ ભગવાન રાજી થયા તો..... | ૧૬ |
| ૧૦. | સંસ્કૃત અને વ્રજભાષાના સમર્થ કાવ્ય સમ્રાટ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી પાંડે કવિવર 'કૂટ' | ૧૭ |
| ૧૧. | સ્વામી નિત્યાનંદનું જીવન અને કવન | ૧૯ |
| ૧૨. | રંગ મહોલ શ્રી ઘનશ્યામમહારાજના ૧૨૫ માં પાટોત્સવ પ્રસંગે | ૨૧ |
| ૧૩. | શ્રી સહજાનંદ સ્વામીએ ભુજ મધ્યે અતિ ઉમંગ ઉલ્લાસ ભેર ઉજવેલો દીપોત્સવી તથા અન્નકૂટોત્સવ | ૨૩ |
| ૧૪. | પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ઈડર ખાતે ૩૮ મો પ્રાકટ્યોત્સવ | ૨૫ |
| ૧૫. | નિર્વિકલ્પ ઉત્તમ અતિ પદની રચના | ૨૭ |
| ૧૬. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મ-પ્રવાસ | ૨૯ |
| ૧૭. | બદ્રિનારાયણ - કેદારનાથ યાત્રા | ૩૧ |
| ૧૮. | સત્સંગ સુરભિ | ૩૨ |
| ૧૯. | સત્સંગ બાલવાટિકા | ૩૫ |
| ૨૦. | ભક્તિ સુધા | ૩૭ |
| ૨૧. | પ્રશ્ન પેટી | ૪૨ |
| ૨૨. | સત્સંગ સમાચાર | ૪૩ |

# અસ્મદીયમ

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે સભ્યો, વાચકો અને લેખકોને નૂતન વર્ષના નૂતન વર્ષાભિનંદન સહ જયશ્રી સ્વામિનારાયણ.

સંવત ૨૦૬૭ નું નૂતન વર્ષ આપ સૌને ખૂબજ સુખાકારી, મંગલમય અને સ્વાસ્થ્ય ખૂબજ સુંદર અને સાનુકુળ રહે, પરિવારમાં સુખ શાંતિ અને સંપ રહે અને વિશેષને વિશેષ પ્રગતિ થાય અને સૌથી વિશેષ તો જે કરવું છે તે સર્વાવતારના અવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ખૂબજ ભજન-સ્મરણ થાય અને શ્રી નરનારાયણદેવની નિષ્ઠામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે તેવી પરમકૃપાળુ ઈષ્ટદેવ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો દિવ્ય અલૌકિક સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો ઉદ્‌ઘાટન પ્રસંગ આગામી ફાગણ સુદ-૩ ત્રીજ ૮, માર્ચ ૨૦૧૧ શ્રી નરનારાયણદેવના પાટોત્સવ મહોત્સવના શુભ મંગલ દિને ખૂબજ ધામધૂમ અને ભવ્યતાથી ઉજવાશે. દેશ-વિદેશના સમસ્ત હરિભક્તો આ પ્રસંગનો લાભ લેવા પધારશે.

આ મહા ભગીરથ સેવા યજ્ઞમાં આપણે શરતચૂક કે સંજોગવશાત્ રહી ગયા હોઈએ તો હજુ સમય છે માટે વહેલી તકે આપણા આવા ભાગ્ય ઉદય થયા છે તો અવસર મળ્યો છે તે ચૂકી ન જવાય તેનું ધ્યાન રાખશો. આપ સૌનું સર્વોપરિ શ્રીહરિ સર્વ પ્રકારે શ્રેય અને મંગળ કરે તેવી પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૦)**

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા મહાપૂજા પ્રસંગે પધરામણી. ત્યાંથી ગાંધીનગર પધરામણી.

૫. પ.ભ. જયંતીભાઈ નરસીભાઈ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.

૮. પ.ભ. રાજેન્દ્રભાઈ ઠાકરસીભાઈ પટેલને ત્યાં પધરામણી, મેમનગર.

૯. પ.ભ. ધીરૂભાઈ પાચાભાઈ પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ.

૧૦. પ.ભ. કનુભાઈ કુરજીભાઈ પટેલને ત્યાં પધરામણી, બાપુનગર.

પ.ભ. ગાંડાલાલ કાળીદાસ પટેલ (ગુલાબપુરાવાળા)ની ફેકટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, સાંતેજ.


૧૪. પ.ભ. પ્રકાશભાઈ અંબાલાલ પ્રજાપતીના શો-રૂમના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, સી.જી. રોડ.

પ.ભ. અરવિંદભાઈ હરિભાઈ ઢોલરીયાને ત્યાં હરિયાગ પ્રસંગે પધરામણી, બોપલ.

૧૫. અક્ષર મહોલવાડી જેતલપુર શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહા વિદ્યાલય શ્રી સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.

૧૬. પ.ભ. કિરીટભાઈ રમણભાઈને ત્યાં પધરામણી, રાણીપ.

પ.ભ. રાજેશભાઈ વિઠ્ઠલભાઈ શાહને ત્યાં પધરામણી, શીલજ.




૧૭. ૩૮ મો પ્રાકટ્યોત્સવ સાબરકાંઠાના ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સત્સંગ સમાજે ધામધૂમથી ઉજવ્યો.
પ.ભ. ભીખાભાઈ વિહીદાસ પટેલ (ડાંગરવાવાળા)ને ત્યાં પધરામણી, સોલા રોડ.
પ.ભ. સૂર્યકાન્તભાઈ પટેલને ત્યાં પધરામણી, ઊંઝા.
નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.
૧૯ થી ૩. નવેમ્બર ઓસ્ટ્રેલીયાના ધર્મપ્રવાસે પધરામણી.

નવેમ્બર-૨૦૧૦

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા કાળી ચૌદશ શ્રી હનુમાનજીના પૂજન પ્રસંગે પધરામણી.
૫. જીરાગઢ (હાલાર મૂળીદેશ) શ્રી રોકડીયા હનુમાનજી મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન પોતાના શુભ વરદ્ હસ્તે સંપન્ન થયું.
૬. શ્રી નરનારાયણાદિ દેવોની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.
૭. સં. ૨૦૬૭ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની મંગળા આરતી ઉતારીને બેઠકમાં સંત-હરિભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા શ્રી હનુમાનજીના અભિષેક પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મોટા અંકેવાળીયા (મૂળીદેશ) પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૨. થી ૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૧૫. માણસા ગામે પ.ભ. રમેશભાઈ કચરાભાઈ મંગળદાસ પટેલને ત્યાં પધરામણી.
૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક કથા પ્રસંગે પધરામણી.
પ.ભ. જીતુભાઈ મગનલાલ લીલાધર સોનીને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.
૧૮. થી ૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પારાયણ પ્રસંગે પધરામણી.
૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પધરામણી.
૨૨. ડુંગરી (ઈડર દેશ) ગામે શોભાયાત્રા અને સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
પ.ભ. પ્રકાશભાઈ જે. પટેલને ત્યાં પધરામણી, થલતેજ.
૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલ પારાયણ પ્રસંગે પધરામણી.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૬. શ્રી સ્વામિનારાયણ. મંદિર (બાઈઓનું) વિરમગામ પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૯. પ.ભ. મેહુલભાઈ સોનીને ત્યાં પધરામણી, નારણપુરા.
૩૦. શ્રી સ્વામિનારાયણ મંદિર સલાલ કથા પ્રસંગે પધરામણી.

# "દર્શનમ્"



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક અને પૌરાણિક સેવા પૂજા રીતિમાં પરમાત્માના દર્શન કરવાં તે શ્રેષ્ઠતમ પ્રાપ્તિ છે. તેમાં તીર્થયાત્રા કે નિત્ય પ્રત્યે ભગવાનનાં મંદિરે જવું તેની યથાવિધિ પ્રમાણે કરવાથી યથાર્થ ફળ મળે. દર્શન કરવા જવું તે કોઈ દૈહિક ક્રિયા નથી, પણ દેહભાવથી પર થઈને બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મનો સ્પર્શ-આનંદ-સ્વાદ લેવા જવાની સાધના છે. પોતાના દેહ, ધન, ધામ, પદ, પ્રતિષ્ઠાથી પર થઈને જ ભગવાન પાસે જવાની પ્રક્રિયા છે. અને બ્રહ્મરૂપ થવા માટે જવાનું હોય છે. દર્શન જેમ કોઈ દૈહિક ક્રિયા ખાવા પીવા સૂવા જેવી નથી. તેમાં ઉત્સાહ-વેગ જે લાખો જન્મોના સ્વપ્ના સાકર થઈ રહ્યા જેવી ઘટના સમાન આતુરતા જોઈએ. દર્શન અનેકવાર કર્યા હોય કે નિત્ય કરતા હોય પણ આતુરતામાં વધારો થાય જરાપણ મંદ ન પડે તો ખરા દર્શન થયા જાણીએ. બીજા કામે જતા હોઈએ અને બાજુમાં મંદિર છે તો લાવો દર્શન કરીએ એ દર્શન નહિ પણ મુલાકાત વ્યવહાર કહેવાય. દર્શનનો ઉત્સાહ દિન પ્રતિદિન વધે. દર્શન માટે સ્નાનાદિથી પવિત્ર થઈને ભગવાનના સ્વરૂપને યાદ કરતાં કરતાં પગપાળા કે વાહનથી નીકળવું, પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે, ઘર દૂર હોય અને વાહનથી આવીએ ત્યારે મંદિરના દરવાજાની બહાર ઉતરીને ચાલીને આવવું. કેમ કે મંદિરમાં વાહનમાં બેસીને આવવું તે દેવ અપરાધ ગણાય છે. સર્વ પ્રથમ ધજાનાં દર્શન વંદન કરવા, ત્યાર પછી પગથીયાને હાથ વડે વંદન સ્પર્શ કરીને પગથીયા ચડવાં. તેમાં છેલ્લા પગથીયાને ખાસ પગે લાગવું, કેમ કે વૈષ્ણવ સેવા રીતિમાં ભગવાન મંદિરમાં બહારથી પધારે ત્યારે આ જ પગથીયાં પર ચરણ રાખીને મંદિરમાં પધારે છે તે પવિત્ર રજને માથે ચડાવવી. વળી શિલ્પ શાસ્ત્રમાં છેલ્લું પગથીયું ઈન્દ્રરૂપ ગણાય છે. તો તે ૫ર પગ મુકતાં પહેલાં તેની માફી માગવી જોઈએ.

મંદિરમાં જઈને દર્શન કરવાની રીત શ્રીહરિના સ્વમુખના શ્રીવચન સારંગપુર વચનામૃત-૨ માં છે. "પરમેશ્વરનાં જ્યારે દર્શન કરવાં ત્યારે મને સહિત દૃષ્ટિએ એકાગ્ર રાખીને કરવાં." "પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડી અવળી દૃષ્ટિ કરવી નહિ." એકાગ્ર દૃષ્ટિએ કરીને પરમેશ્વરમાં જોડાવું. પણ લૌકિક દર્શન ન કરવાં." "પછી તે લૌકિક દર્શનનો કરનારો આ સમાગમ માંથી દિવસે દિવસે ઉતરતો જાય છે." "જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિધ્ધ દશાને પામીશ." વળી સારંગપુર-૫ માં વચન છે કે, જ્યારે દર્શનનો કરનારો ભગવાનનાં દર્શન કરે છે ત્યારે એનું મન છે તે દૃષ્ટિ દ્વારે આવીને તે સહિત દૃષ્ટિ જો દર્શન કરે તો તે દર્શન એવું થાય છે જે વિસારે તોય વિસરે નહિ."

सकृत्मनःकृष्णापदारविन्दयो निवेशितं
तद्गुणरागि यैरहि ।
न ते यमं पाश भृतश्य तद् भक्तान् स्वप्नेऽपि
पश्यन्तिहि चीर्णनिष्कृताः भा.द्र/१/९९

શ્રીમદ્ ભાગવતના ષષ્ઠમ સ્કંદમાં અજામિલ

આખ્યાનમાં કહ્યું છે કે, તેજ યથાર્થ આંખો જે ભગવદ્ દર્શન કરે એકવાર પણ સાચા હૃદયથી ભગવદ્ દર્શન કર્યા તો યમરાજ અને તેના સેવકોનો ભય સ્વપ્નામાં પણ થતા નથી, કેમ કે દર્શનથી જ જીવન ધન્ય બની જાય છે. અને તૃતીય સ્કંધમાં પચીશમાં અધ્યાયમાં કહ્યું છે કે, દર્શન મંત્ર સહિત કરવાં તે ઉત્તમ કહેવાય છે. નામ માત્ર ઉચ્ચારણથી મધ્યમ દર્શન કહેવાય છે. અને નામ અને મંત્ર રહિત પ્રણામ કનિષ્ઠ પ્રણામ ગણાય છે. તેથી ભગવાનની સામે ઉભા રહી સ્તુતિ-કીર્તન-મંત્ર પઠન કરવું. અથવા નામ મંત્રનો જયઘોષ કરવો.

દર્શન કરતા હોઈએ ત્યારે ભગવાનના અંગોઅંગનું દર્શન કરવું. પછી વસ્ત્રો-આભૂષણો-અલંકારો. પુષ્પમાળાઓનાં નિરખી નિરખીને દર્શન કરવાં. કેમ કે પુરુષોત્તમ પ્રકાશમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે શ્રીહરિના સ્વરૂપના આયુધો, આભૂષણો, પુષ્પમાળાઓ પૂજાના પાત્રો કોઈ પદારથ માયિક વસ્તુઓ નથી. પણ અક્ષરધામના પ્રેમી મુક્તો છે. તે જુદા જુદા રૂપે ભગવાનની સેવામાં રહ્યા છે. તેથી વૈષ્ણવી સેવા રીતિમાં વસ્ત્રો-અલંકારો આયુધો પૂજાના પાત્રોની પૂજા વંદના કરવામાં આવે છે. હિમાલય પર બદરીનાથ મંદિરમાં મંગળા આરતીની પૂજાના સમયે ભગવાન જે વસ્ત્રો-અલંકારો પુષ્પો ધારણ કરવાના હોય તે એક એકની ભગવાનની જેમ પૂજન વંદન આરતી કરીને પછી જ ભગવાનને ધારણ કરાવે છે. પૂર્ણ દર્શન કરીને તે મૂર્તિને હૃદયમાં ધારવી. વળી બહાર દર્શન કરવાં, વળી હૃદયમાં ધારવી એમ હૃદયમાં તેવા દર્શન ન થાય ત્યાં સુધી ખસવું જ નહી. જેમ ધરમપુરનાં કુશળકુંવરબાઈ હતાં તે અમારાં દર્શન કરતાં તે દૃષ્ટિ પલટાવીને મૂર્તિ અંતરમાં ઉતારતા. (વ.સા.૨) તૃતિય સ્કંધના અઠ્ઠાવીશમાં અધ્યાયમાં અંગોઅંગ-આયુધોનાં દર્શન કરવાં તે કલ્યાણ સૂચક છે એમ કહ્યુ છે.

વળી આપણા પર કોઈ મલીન આસુરી શક્તિનો શક્તિપાત થયો હોય તો ભગવાનનાં દર્શન કરતાં જ તેનો પ્રભાવ નષ્ટ થઈ જાય છે.

દર્શનં તવલોકસ્ય સર્વથાઘહરં પરમ્ । શ્રીમદ્ ભાગવત માહાત્મ્યમાં કહ્યું છે કે તમારા દર્શન બધા જ પાપોને બાળનારમાં ઉત્તમ છે.

ભગવાનના મંદિરમાં દર્શન કરવા જઈએ ત્યારે સાવધાની ન હોય તો ભગવાનના અપરાધ થઈ જતા હોય છે તેથી યથાવિધિ સાવધાન થઈને શાસ્ત્રોક્ત પ્રમાણે દર્શન કરવાં. તેમાં બેદરકારીના કારણે અપરાધ થાય તેમાં સેવાદ્રોહનું પાપ લાગે છે. તેથી પુરાણોમાં શ્રી વિગ્રહની સામે સેવા દ્રોહ બત્રીશ પ્રકારે થવા સંભવ છે તો સાવધાન થઈ દ્રોહથી બચવું. તેથી પુરાણોમાં દોષ ક્યા ક્યા છે ? તો, સવારીમાં બેસીને જવું, પગરખાં પહેરીને દર્શન કરવાં, જન્માષ્ટમી રામનવમી એકાદશી આદિ ઉત્સવોના દિવસે દર્શન ન કરવાં, શ્રી વિગ્રહ (મૂર્તિ)ની સામે ઉભા રહીને પ્રણામ ન કરવા, નાહ્યા વગર અપવિત્ર થઈને દર્શન કરવા જવું. એક હાથે પ્રણામ કરવા, પરિક્રમાં કરતાં ભગવાન સન્મુખ એક ક્ષણ માટે ન રોકાવું, મૂર્તિની સામે પગ લાંબા કરીને બેસવું, વસ્ત્ર વડે ઢીંચણ બાંધીને બેસવું, મૂર્તિની સામે સૂઈ જવું. મૂર્તિની સામે ભોજન કરવું, જુઠું બોલવું, ઉંચા અવાજે બોલવું, પરસ્પર વાતો કરવી, ચીસો પાડવી, ઝઘડો કરવો, હસવું, કોઈને કષ્ટ આપવું, કોઈની નિંદા કરવી.

અશ્લીલ બોલવું, અધોવાયુ છોડવો, ભગવાન સિવાય અન્યને પગે લાગવું, શક્તિમાન હોવા છતાં ગૌણ પૂજા કરવી, ભગવાનને ધરાવ્યા વિના જળ પીવું કે ખાવું, પીઠ કરીને બેસવું, દેવ નિંદા કરવી, ગુરુ કે અન્યની અભ્યર્થના કે કુશળતા પૂછવી કે સ્તુતિ કરવી, પોતાની પ્રશંસા કરવી, આ રીતે બત્રીશ પ્રકારના દેવાપરાધથી સાવધાન રહેવું. બચવું. ભાગવતના છઠ્ઠા સ્કંધમાં નારાયણ કવચમાં દેવાપરાધથકી હયગ્રીવ ભગવાન રક્ષા કરજો. એમ કહ્યું છે. તો આ બત્રીસ (૩૨) પ્રકારના દેવાપરાધ ગણાય છે.

દર્શન કરવાં તે એક પ્રકારનો સ્પર્શ છે તેથી સ્નાન કર્યા વિના દર્શન કરવા નહિ. કેટલાક લોકો નાહ્યા વિના મંગળાના દર્શન કરવા આવી જતા હોય છે તે તો દર્શનનું ફળ નહિ પણ દેવાપરાધનો દોષ લઈ જાય છે.

મંદિરમાં અખંડ દીપને પ્રણામ કરવાં. મંદિર એ ભગવાનનું સ્થૂળ સ્વરૂપ છે. તેમાં અલગ અલગ સ્થાનોમાં ભક્તો, મુક્તો, દેવોનો નિવાસ હોય છે. તેથી સમ્પૂર્ણ દેવાલય દર્શનને પાત્ર છે. મૂર્તિના દર્શન કરીને પાછા વળતાં ભગવાનને પીઠ ન દેખાય તેમ પાછા પગે ચાલવું.

શિક્ષાપત્રી શ્લોક ૨૩ માં શ્રીહરિના વચન છે કે,

(અનુસંધાન પેજ નં. ૩૦)

# ચોરી ન કરની કાહુ કી

- શાસ્ત્રી અભયપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

સાતમો નિયમ "ચોરી ન કરની કાહું કી..."

સ.ગુ. પ્રેમાનંદ સ્વામી લખે "ચોરી ન કરની કાહું હી" કાંહું કી કહેતા કોઈ પ્રકારની ક્યારેય ચોરી ન કરવી એ પછી ધન ચોરી હોય, વેતન ચોરી હોય, દાન ચોરી હોય કે પછી કામ ચોરી હોય. એ સર્વે પ્રકારની ચોરીથી દૂર રહેવું.


ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીના ૧૭ માં શ્લોકમાં તો ત્યાં સુધી કહ્યું કે.....

स्तेनकर्म न कर्तव्यं
धर्मार्थमपि केनचित्।
स्वस्वामिकाष्ठपुष्पादि न
ग्राह्यं तदनाज्ञया ॥

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ઠ પુષ્પ આદિક વસ્તું તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું.

ભગવાન શ્રીહરિએ સ્પષ્ટ આજ્ઞા કરી દીધી કે, પોતાના સ્વાર્થ માટે નહિં પણ ધર્મ અર્થે પણ ચોરી તો ન જ કરવી. કારણ કે ચોરીના ધનથી ધર્મ કરવાથી પુણ્ય તો મળતું નથી. ઉપરથી ચોરીના કર્મનું પાપ લાગે છે.

ભગવાન સ્વામિનારાયણના સમયમાં એક સોની ભક્ત હતા. સોના ચાંદીના ઘરેણા આદિક બનાવતા. એકવાર આ ભક્તે શ્રીજી મહારાજને સુંદર ચાંદીની લોટી ભેટ અર્પણ કરી. પણ મહારાજ તો "તનકી જાને મન કી જાને, જાને ચિત્ત કી ચોરી" ભગવાન તો બધું જાણતા જ હોય. એટલે શ્રીજી મહારાજે ભક્તને પૂછ્યું ભગત આ લોટી તો બનાવી લાવ્યા છો પણ ચાંદી તો તમારી છે ને? આ ભક્તને થયું કે મહારાજ તો બધું જાણે જ છે. એમની આગળ શું ખોટું બોલવું. એટલે કહ્યું, હે મહારાજ અમારો ધંધો સોના ચાંદીનો. અનેક જણા અમારે ત્યાં સોનું કે ચાંદી લઈને ઘરેણા બનાવવા આવતા હોય. મહારાજ એમાંથી મેં થોડી થોડી ચાંદી રાખી લીધી અને એમ કરતા કરતા આ લોટી તૈયાર થઈ છે. ત્યારે મહારાજ કહે, એ તો તમે ચોરી કરી ગણાય. ભક્ત કહે, મહારાજ મેં ક્યા મારા સ્વાર્થ માટે ચાંદી લીધી છે.


ચોરીનાં કર્મો

એ તો ધર્મ કાર્ય કરવા તમને અર્પણ કરવા લીધી હતી. એમાં મહારાજ શેની ચોરી. અને એ લોકોની ચાંદી તમારા અર્થે કામ લાગી તો એ જીવોનું પણ રૂડું થશે. ત્યારે મહારાજ કહે એ સર્વને તો પુણ્ય મળશે. પણ તમને તો પુણ્યના બદલે ચોરીના કર્મનું પાપ થયું છે. માટે આજ પછી ક્યારેય આવું ન કરતા.

આપણે મંદિરે જતા હોઈએ, ને રસ્તામાં બગીચો આવે આપણને થાય, લાવને ભગવાન માટે થોડા પુષ્પ લઈ લઉં. ભગવાન કહે ના અમારે અર્થે પણ એ માલિકીની

વસ્તું એના માલિકને પૂછ્યા વિના ક્યારેય લેવી નહિ.

ઉપલેટાના વેરાભાઈ બહું મોટા અઠંગ ચોર, લૂંટફાટ ને ચોરી એજ એમનો ધંધો. ચારે બાજુ ભલ ભલા થથરી જાય એવી એમની ધાક પણ ખરી. પણ જ્યારથી સંતો મળ્યા મહારાજ ઓળખાણા. સત્સંગ થયો. ત્યારથી ગધેડા જેવો સ્વભાવ છોડી ગાય જેવા પવિત્ર થઈ ગયા. આ વેરાભાઈ એકવાર સીમમાંથી પસાર થતાં કોઈના ખેતરના શેઢે ઉગેલા બાવળીયામાંથી શ્રીજીમહારાજ માટે એક સુંદર દાતણ કાપી લીધું પણ કાપ્યા પછી શ્રીજી મહારાજની આજ્ઞા યાદ આવી કે ધર્મ કરવાને અર્થે પણ કાષ્ઠ-પુષ્પ તે ધણીની આજ્ઞા વિના ન લેવાય. પોતાનાથી મહારાજની આજ્ઞા લોપાણી એ ભાન થતા મનમાં દુઃખ થયું. પણ હવે શું ? દાતણ તો કાપી લીધું. થયું લાવ ખેતરના ધણીની માફી માંગી આજ્ઞા લઈ આવું. આવો પવિત્ર વિચાર કરી તપાસ કરી ખેતરના ધણીને ઘેર પહોંચ્યા. ખેડૂત વેરાભાઈને ઓળખી ગયો. ગળગળો થઈ કહેવા લાગ્યો આવો બાપ આવો. તમારા જેવા આજ અમારા ગરીબની ઝુંપડીએ ક્યાંથી. ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય. આમ કહી આવકારવા લાગ્યો પણ વેરાભાઈ કહે બાપ આજ હું તારા આંગણે તારી માફી માંગવા આવ્યો છું. ખેડૂત કહે બાપું માફી વળી શેની ! એય મારા જેવા ગરીબ પાસે ! વેરાભાઈ કહે. તારા ખેતરે ઉભેલા બાવળમાંથી મેં તને પૂછ્યા વિના દાતણ કાપ્યું માટે તારી પાસે એ ગુનાની બદલ માફી માંગું છું. મને માફ કરી દે નહિ તો મારા પ્રભુ મારી પર નારાજ થશે. એમ ખાલી કહ્યું જ નહી પણ પેલા ખેડૂતના પગમાં લાકડી પડે તેમ પડી દંડવત્ કર્યા.

વિચાર કરો ? એજ ચોરને લૂંટારા પણ સત્સંગ મળ્યો એટલે સમજણ આવી કે ધર્મકાર્ય માટે પણ ચોરી ન કરાય.

જો એક ધર્મ કાર્ય માટે કોઈની વસ્તુ ન લેવાતી હોય તો પછી પોતાના મોજ શોખ પુરા કરવા પોતાના મનની માનેલી વધુ પડતી જરૂરીયાતો ને પુરી કરવા તો ચોરી કેમ થાય ? પોતાને જીવન જરૂરી વસ્તુ તો પોતાને મળી રહે છે. છતાં દેખાદેખીના મોજ શોખને પુરા કરવા આવા ચોરીના કૃત્યો કરે એ તો કેવી વાત.....

હમણાં હમણાં રોજ છાપાં માં આવે છે કે ચેન સ્નેચર્સ અને બાઈકર્સગેંગ વાળાનો ત્રાસ વધી ગયો છે. નવરાત્રી દરમ્યાન તો બહું ચાલ્યું. શા માટે ? શું એને ખાવાનું નહિ મળતું હોય ? પહેરવા કપડા નહિં મળતા હોય ? અમથા ૭૦ હજારના બાઈકો લઈને રખડે છે. પણ ના ! છે તો પોતા પાસે જરૂરી બધું પણ મનને સંતોષી શકતા નથી. ને દેખાદેખીની ફેશન માટે આવો ધંધો કરતા હોય છે.

પણ સાચો ખાલી સત્સંગી જ નહિ પણ સાચો માણસ કોણ સત્પુરુષ કોણ ?

"પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ" કોઈની વસ્તુ ચોરે ના નહિ જ. પણ રસ્તામાં પડેલી વસ્તુને પણ હડપી લેવાનો વિચાર ન થાય.

સંપ્રદાયમાં જાણીતો ઘેલા કોળીનો પ્રસંગઃ કચ્છનો કાળઝાળ દુકાળ હોય એમાંય જ્યારે પતિ-પત્નીને ખાવાંનાં ફાંફા પડવા લાગ્યા. તેથી રોજગાર શોધવા સુરત જવા નીકળે. રસ્તામાં સોનાનો તોડો દેખાય. ગરીબીએ પોતાને ઘેરી લીધી છે. ખાવાના પણ ફાંફા પડે છે. છતાં પણ પતિ-પત્ની બંનેને એ સોનાનો તોડો ધૂળ સમાન લાગે. એ સાચો સત્સંગી ને એજ સાચો સત્પુરુષ.

અને કોઈને હડપીને લઈ લીધેલું. કોઈનું ચોરી લીધેલું કોઈને છેતરીને લીધેલું. અનિતીનું ધન ક્યારેય સુખી ન કરી શકે ન કરી શકે ને જ કરી શકે. અન્તે એનાથી જરૂર દુઃખ દુઃખને દુઃખ જ થાય છે. એને આપણી ભાષામાં "કરેલા ભોગવે છે." એમ કહીએ છીએ.

## આપણા આગામી ઉત્સવો

**માગસર સુદ-૫ :** શુક્રવાર તા. ૧૦-૧૨-૨૦૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેકટર-૨) પાટોત્સવ

**માગસર સુદ-૬ :** શનિવાર તા. ૧૧-૧૨-૨૦૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ

**૧૬ ડિસેમ્બર થી ૧૪ જાન્યુઆરી-૨૦૧૧ :** પવિત્ર ધનુર્માસ ધૂન મહોત્સવ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર અને તાબાના શિખરબંધ અને હરિમંદિરોમાં ઉજવાશે.

# દિન-દિન દિવાળી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા (મહંત સ્વામી, માણસા)

દિવાળી આવીને શું શું લાવી ? આનંદ-ઉલ્લાસને નવજીવનના અરમાનો લાવી, ભક્તો કાજે ભક્તિસુખના શણગાર સજાવી અન્નકૂટના રાજભોગ લાવી એવી જ એક દિવાળી ભગવાન સ્વામિનારાયણે કારીયાણીમાં ઉજવી હતી. સંતો-ભક્તોના અંતરમાં આનંદ ઉભરાઈ-ઉભરાઈને બહાર છલકાતો હતો. કારણ કે ભક્તિના ભાવ સ્વીકારનાર હરિવર પ્રત્યક્ષપણે સામે બિરાજમાન હતા. સુંદર દિપમાળ પુરી હતી. તેના ઝગમગાટ મધ્યે મંચ બાંધ્યો હતો અને તે મંચ ઉપર છપ્પર પલંગ બિછાવી મખમલના ગાદલે ગાલીચા પાથરી તોરણ ચાકણે શણગાર્યા હતા. તેના ઉપર હરિવરને પધરાવી તેઓશ્રીને પણ વિધ-વિધના શણકારો સજાવ્યા હતા. સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબ નો સુરવાળ પહેરાવ્યો હતો. વળી નર-નારાયણ સ્વામિનારાયણ નામે અંકિત એવા કાળા કિનખાબની ડગલી પહેરાવી હતી. માથા ઉપર સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ ઓપી રહી હતી. આસમાની રંગનો ફેંટો કસીને કમરે બાંધ્યો હતો અને પીળાં પુષ્પના હાર, તોરા અને છોગલું શોભામાં અભિવૃદ્ધિ કરતું હતું. ચાતક દૃષ્ટિએ સૌ મુક્તો રંગભીનાનું અનેરૂ રૂપ અનિમેષ દૃષ્ટિએ પી રહ્યા હતા. જીવનમાં ઉજવેલી ઘણી બધી દિવાળીઓમાં આ દિવાળી પ્રભુ સાથે ઉજવીને ધન્યતા અનુભવી રહ્યાં હતા.

એવામાં દિવબંદરનાં હરિભક્તો પધાર્યા. ત્યાંના મહિલા મુક્તોએ સ્વહસ્તે સોનેરી તારના બુટ્ટાદાર જરીયાની કિનખાબ અને જામા હેતના ટેભે બનાવીને લાવ્યા હતા. મહારાજનું પૂજન અર્ચન કરવા ઉત્સુકતા બતાવી ત્યાં તો સ્વયં હરિવર સિંહાસનેથી ઉઠીને સામા આવ્યા પૂજા અંગીકાર કરી અને ભેટ સામગ્રી હાથોહાથ સ્વીકારી ચાલુ સભાએ ઓરડામાં જઈ વસ્ત્રો બદલ્યાને ભાવભર્યા હેત હુલામણા સિંહાસને આવી બિરાજ્યાં. છત્ર પાદુકા પણ નવી જ ગ્રહણ કરી પાછા કહે "આટઆટલા વરસ થયા તેમાં અમારા અર્થે કોણ જાણે કેટકેટલા હરિભક્તો વસ્ત્ર અને હજારો રૂપીયાના અલંકારો લાવે છે તો પણ અમે આવી રીતે કોઈની સામે જઈને લેતા નથી તથા આવી રીતે કોઈના વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી પણ થતા નથી, પણ આજે તો અમારે એ હરિભક્તો ઉપર અતિશય રાજીપો થયો છે. તે સાંભળીને દિવબંદરના હરિભક્તોનો દાખડો પણ સફળ થઈ ગયો અને આ દિવાળી પણ અમર બની ગઈ. આ રીતે સર્વે સંતો-હરિભક્તો અને મુક્તો એ પોતપોતાનું જે કાંઈ હતું તે હરિવર ઉપર ન્યોછાવર કરીને દિવાળી ઉજવ્યાનો અણમોલો અવસર વધાવી લીધો પણ હવે વારો આવ્યો હરિવરનો ! પ્રભુ પણ દિવાળી ઉજવવા ઉત્સુક થયા. ભક્તો અલ્પ છે જ્યારે પ્રભુ તો અગાધ છે. બંનેની ઉજવણીમાં આકાશ-પાતાળનો તફાવત છે. હર એક ઉત્સવની ઉજવણી પાછળ તેઓનો સ્પષ્ટ ઉદ્દેશ છુપાયેલો છે. મોતીઓની માળા, દોરો, સોંસરો ચાલ્યો આવે તેમપ્રસંગે પ્રસંગે હરિવર ચૈતન્યનું શુધ્ધિ કરણ ચુકે નહિ આજે પણ સભાજનોનો પ્રેમ પારખ્યો ત્યાં ચરિત્રામૃત પસારવા લાગ્યા.

બન્યું એવું કે સભામાં વિપ્ર દિનાનાથ ભટ્ટ પધાર્યા અને જે હેતના દાવે સિંહાસનેથી ઉતરીને ભેટ સામગ્રી સામે ચાલી હાથોહાથ લીધી હતી એજ પ્રેમની પ્રબળતાએ ઉભા થઈને, સામે ચાલીને હાથોહાથ એ સઘળું આ વિપ્રના હાથમાં દક્ષિણાના દાનમાં પધરાવી દીધું અને કહે "અમે આ ભટ્ટને વસ્ત્રો દીધાં તેમાં પણ જે મત્સરવાળા હશે તેને

એવો વિચાર નહિ આવે જે વસ્ત્ર લાવ્યા હતા તેને ધન્ય છે. જે આવા ભારે વસ્ત્ર મહારાજને પહેરાવ્યા અને મહારાજને પણ ધન્ય છે જે તરત બ્રાહ્મણને દઈ દીધા એવા ને તો કોઈક લે અને કોઈક દે તો પણ ઠાલો ઠાલો વચમાં બળી મરે એવો જે મત્સર તે સર્વ પ્રકાર માત્રનું કારણ છે તેથી જ વ્યાસજી એ શ્રીમદ્ ભાગવતમાં નિર્મત્સર એવા જે સંત તેને જ ભાગવત ધર્મના અધિકારી કહ્યા છે. માટે હે ભક્તો મત્સર ટાળવો એ કઠણ તો ઘણો છે છતાં આવશ્યક પણ ઘણો છે. આટલું કહી શ્રીહરિ હવે જે કહેવા આગળ જઈ રહ્યાં છે તે દિવાળીને અણમોલ-અદ્‌ભુત અને અત્યંત દુર્લભ મહાપ્રસાદ જેવી વાત છે. આજે સમગ્ર મુક્ત કોટિ ઉપર હરિવર અત્યંત કરૂણાભરી કૃપા વરસાવવા જઈ રહ્યાં છે. મહારાજ સ્વસ્વરૂપની સમજણ સ્પષ્ટ શબ્દોમાં પરખાવી રહ્યા છે. ભગવાનનું સ્વરૂપ કેવું નિર્દોષ છે તે આજે સ્વયં ભગવાન સ્વમુખે કહી રહ્યાં છે. દિવાળીઓ તો ઘણી આવી અને આવશે પણ આજની દિવાળીને પ્રભુ પોતે અદ્વિતીય અમરત્વ આપી રહ્યાં છે તે વાતને સમજવી અને પચાવવી-રગેરગમાં પ્રવર્તાવવી. ખૂબ ખૂબ મહત્ત્વની જાણી રાજીપામાં નાથજી શ્રીહરિ ભાથું બંધાવે છે. તો આવો હરખે પડે તે પહેલા બોલે બોલને અધ્ધર ઝીલી લઈએ, શ્રીહરિ ઉવાચઃ-

"અમારે તો કામ, ક્રોધ, લોભ, માન, મસ્તર, ઈર્ષા એ સર્વેનો ક્યારેય હૈયામાં લેશ પણ આવતો નથી અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેનો તો હૈયામાં અતિશય અભાવ વર્તે છે પણ એકેયને વિશે લેશ માત્ર ભાવ થતો નથી. જેટલું કાંઈક અન્ન, વસ્ત્ર આદિકનું ગ્રહણ કરતા હોઈશું તે તો ભક્તની ભક્તિને દેખીને કરતા હઈશું પણ પોતાના દેહના સુખને અર્થે નો જણાય ને પોતાને અર્થે જણાય તો અમે તેનો તત્કાળ ત્યાગ કરી દઈએ અને અમે તો દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી ને અમે તો આકાશ સરખા નિર્લેપ છીએ અને અમે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારે દેહ પણ શ્રી કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે ને તે વિના તો ચૌદ લોકની સંપત્તિ તે ત્રણખલા જેવી છે.....

સ્વરૂપ દર્શનની ઉંચામાં ઉંચી, ગૂઢ રહસ્યની સમગ્ર તત્વજ્ઞાનના મૂળ સમી અને તમામ આધ્યાત્મિકતાના સાર સમી આ અતિ અદ્‌ભુત વાત જીવના જીવન સમી મહારાજે ખૂબ દયાએ કરીને સમજાવી છે. જ્યારે ભગવાનને આવા સમજીશું ત્યારે જ સંપૂર્ણ શરણાગતિ, સાચો આશરો, સર્વોત્કૃષ્ટ નિશ્ચય અને હૈયામાંથી દૃઢ પ્રીતિનું ઝરણું આપોઆપ તેઓ પ્રત્યે વહેવા લાગશે. બસ એક આટલી સમજણ પાકે પાયે દૃઢ થઈ જાય તો તેને દિન-દિન દિવાળી છે.....

## લેખકોને વિજ્ઞપ્તિ

શ્રી સ્વામિનારાયણ માસિક માટે લેખો મોકલતી વખતે લેખકોએ આટલું ધ્યાનમાં રાખીને લેખ મોકલવા.


- લેખની કોપી જોડણી કોશ પ્રમાણે શુધ્ધ લખાણમાં મોકલવી.
- સંપ્રદાયના સિદ્ધાંત અને મર્યાદા મુજબ અને અન્ય કોઈનો ઉતારો અથવા બીજે પ્રસિદ્ધ અથવા પ્રકાશિત થયેલું લખાણ ન મોકલવું. જે શરત ચૂકથી છપાશે તો સંપૂર્ણ જવાબદારી જે તે લખનાર લેખકની રહેશે.
- લેખના અક્ષરો સુવાચ્ય હોવા જોઈએ.
- અંગ્રેજી કે સંસ્કૃત શ્લોક શુદ્ધ અને વાંચી શકાય તેવા અર્થ સાથે ચોખ્ખા લખવા.
- લખાણ ટુંકુ અને મુદ્દાસર હોવું જોઈએ.


## નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com

# આજ કળિયુગમાં પરચા

- શા. ધર્મકિશોરદાસ (એલ.એ. સ્વામિનારાયણ મંદિર)



આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આજે હળાહળ ઘોર કળિયુગમાં પણ અવાર-નવાર એવા લોકોને પરચા આપે છે જે સંપ્રદાયથી સાવ અજાણ હોય.

કેલિફોર્નિયાના લોસએંજલસમાં આપણું આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિર છે. જ્યાં આજથી દશ વર્ષ પહેલા શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા ખૂબજ ધામધૂમથી સંપન્ન થઈ હતી. તે સમયે હજારો હરિભક્તો અને સંતોની ઉપસ્થિતિમાં એક આશ્ચર્યકારી દિવ્ય ઘટના-પ્રસંગ બન્યો ! શ્રીહરિકૃષ્ણ મહારાજે પ્રતિષ્ઠા વિધિ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ખેસ પકડી લીધો ! જે હજારો ભક્તોએ પોતાના ચર્મચક્ષુ દ્વારા અદ્‌ભુત રીતે નિહાળ્યું અને જેના અલૌકિક દર્શન પણ થયા. ત્યારે જ સૌને પ્રતિતિ થઈ કે શ્રીજી મહારાજના સ્થાને બિરાજેલા આચાર્ય મહારાજશ્રીમાં ભગવાન સાક્ષાત્ રહ્યા છે અને તેઓશ્રી દ્વારા પ્રસ્થાપિત સ્વરૂપોમાં ભગવાન પ્રત્યક્ષ રહ્યા છે તેનો આથી બીજો ક્યો પુરાવો હોય શકે.

હમણાં આ જ લોસએંજલસ મંદિરમાં દક્ષિણ અમેરિકામાં ઘણા સમયથી સ્થાયી ભારતીય પરિવાર અને પંજાબી પરિવાર અને એક અમેરિકન યુવતી ને જે પરચો થયો તેનું ટૂંકમાં વર્ણન.

એક અમેરિકન યુવતી પોતાના મિત્રો સાથે પાર્ટીમાં આપણા મંદિરમાં અનાયાસે આવી હતી અને તેને કાંઈક સ્ફુરણા થઈ જેથી તેણે મંદિરમાં ભગવાન સમક્ષ એક દૃષ્ટિ રાખીને દર્શન કર્યા. આ બધું જોઈને આપણા એક હરિભક્તે ભગવાનનો ફોટો અને અંગ્રેજી શિક્ષાપત્રી તેને ભેટરૂપે આપી. જે તેના ઘરે લઈ ગઈ. ત્યારબાદ ચારેક વર્ષ બાદ તેને કોઈક બિમારી લાગુ પડી. ઘણા ડોકટરોના ઈલાજ બાદ પણ તેની બિમારીમાં કોઈ ફેર ન પડ્યો. ઘરમાં એકલી એકલી રડ્યા કરતી અને મનોમન ભગવાનને યાદ કરતી. ત્યારે અચાનક તેની નજર અંગ્રેજી શિક્ષાપત્રી ઉપર પડી અને તેણીએ આખી રાત શિક્ષાપત્રી વાંચી ત્યારે તેને ખૂબજ શાંતિ થઈ અને ભગવાનને તેના પર કાંઈક અનુકંપા થઈ અને સ્વયં સ્વપ્નમાં દર્શન દીધા ! અને કહ્યું કે તું હવે ચિંતા ન કરીશ તને સારું થઈ જશે. તું અમારા મંદિરમાં દર્શન કરવા આવજે. જેથી તારું બધું જ દુઃખ દૂર થઈ જશે. ત્યારે તેનામાં એકદમ સ્ફૂર્તિ અને સજાગતા આવી. પરંતુ તેને મંદિર શોધવું ક્યાં ? તેણે ગુગલ ઉપર સર્ચ કરીને કાર્ડિફની સીટ ઉપર આપણા મંદિરનું એડ્રેશ શોધીને સાંજના સમયે મંદિરમાં દોડતી દોડતી આવી. અને જેવા ભગવાનના દર્શન કર્યા તેવી જ તે બોલી ઉઠી કે આ એજ ભગવાન અને એજ મૂર્તિ-સ્વરૂપ છે જે મને સ્વપ્રમાં મળ્યા હતા. બસ તેજ ક્ષણે તે ભક્ત બની ગઈ અને ત્યારથી નિયમિત રૂપે મંદિર દર્શન કરવા આવવા લાગી અને તેની બિમારી પણ દૂર થઈ ગઈ !

એક પંજાબી પરિવાર આપણા મંદિરની બાજુમાં

સનાતન મંદિરમાં દરરોજ દર્શન કરવા આવે પરંતુ આપણા મંદિર ન આવે. તે પરિવાર માનસિક અને આર્થિક રીતે દુઃખી હતો. ઘણા પંડિતો, જ્યોતિષીઓને બતાવ્યું, પણ કોઈ ફેર ન પડ્યો. એમાં અચાનક એની નાની પુત્રી નંદીનીને ભગવાનનો કાંઈક સાક્ષાત્કાર થયો હશે તેથી તેના માતા-પિતાને ખૂબજ વિનંતી કરીને આપણા મંદિરમાં દર્શન કરવા લઈ આવી અને દર્શન કરતા જ તેમને એક ગજબનો આનંદ થયો. પછી એક સમયે રાત્રે ત્રણેને એક સાથે ભગવાને દર્શન દીધા ! જે સ્વરૂપ મંદિરમાં હતું તેજ સાક્ષાત્ સ્વરૂપ એક જ સમયે એકજ સ્વરૂપના દર્શન એ આ પરિવાર માટે અજીબ ઘટના હતી. તેઓ તો સ્વામિનારાયણ સંપ્રદાયથી સાવ અજાણ હતા. છતાં ભગવાન તો દરેકના હૃદયમાં સૂક્ષ્મરૂપે જીવમાં રહેલા છે. ત્યારથી આ પંજાબી પરિવાર સ્વામિનારાયણ ભગવાનના ચૂસ્ત આશ્રિત થઈ ગયા છે. નિયમિત સ્નાન કરી પૂજા પાઠ, નિત્ય વિધિ અને દર્શનનું નિયમ આ બધું કરતા તેના સઘળા દુઃખો આપો આપ દૂર થઈ ગયા ! કેટલો પ્રતાપ છે મહારાજનો!

એક દક્ષિણ ભારતનો પરિવાર અમેરિકાના સાન ડિયોગામાં વસે છે. જેઓ એક સમયે (હોળી પ્રસંગે) એલ.એ. ફરવા આવ્યા હતા. અને રસ્તામાં આપણું મંદિર જોઈને દર્શન કરવા આવ્યા. ત્યારે ભગવાનને પોઢવાનો સમય થઈ ગયો હતો. ત્યારે આ પરિવારની નાની બાળકી એકીટસે કઠેડા આગળ ભગવાન સામે જોવા લાગી. છોકરી એટલી બધી ભગવાનમાં તન્મય થઈ ગઈ કે રીતસર ભગવાન સાથે વાતો કરવા લાગી. થોડીવાર બાદ છોકરી એકદમ રડવા લાગી. સતત પાંચ મિનિટ સુધી રડ્યા બાદ જોર જોરથી બોલવા લાગી "માધવ મુકુંદ હે ગોપાલા મોરલી મનોહર નંદલાલા." આમ પાંચ મિનિટ સુધી બોલતી રહી - નાચતી રહી અને ભગવાનમાં એકદમ ભાવ વિભોર બનીને ભગવાનને જાણે પકડવા જતી હોય તેમ હે ભગવાન હે માધવ કહાં જા રહે હો. હે માધવ કહાં જા રહે હો. એમ કહેતા કહેતા ધરતી પર ઢળી પડી. અને મૂર્તિ સામું જોવા લાગી. આ છોકરી ફક્ત ૬ વર્ષની છે. પણ તેના મા-બાપ કહેતા હતા કે જ્યારે અહીં આવવાનું નક્કી કરતા હતા ત્યારે તેણીએ કહ્યું કે મને સ્વામિનારાયણ મંદિર લઈ જાવ તો હું એલ.એ. આવું. મને ફરવા નથી જાઉં. આટલી નાની ઉંમરમાં તે ભગવાનમય બની ગઈ છે. માટે જ આચાર્યશ્રી દ્વારા પ્રસ્થાપિત દેવમાં ભગવાન પ્રત્યક્ષ છે અને હાજરા હજુર છે. માટે ભક્તો અન્ય ક્યાંય જવાની જરૂર નથી. આપણને તો મહારાજે ખૂબજ સુખ આપી દીધું છે. અહીંયા આપણા મંદિરમાં તેમજ આપણા (મૂળ સંપ્રદાય) અન્ય મંદિરો માં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અવાર-નવાર પરચા બતાવીને આપણને સમજાવે છે કે આચાર્યશ્રી દ્વારા પ્રતિષ્ઠાપિત મંદિરોમાં - દેવમાં હું પ્રત્યક્ષ અને હાજરા હજુર બિરાજીને ભક્તોના સંકલ્પો મનોરથો ને પૂર્ણ કરું છું. અહીંયા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અને કૃપાથી સંત મંડળ ખૂબજ સુંદર સત્સંગની પ્રવૃત્તિ કરે છે. હરિભક્તો પણ ખૂબજ નિષ્ઠાવાળા છે.

### નવા વ્રત ઉત્સવના નિર્ણયમાં સુધારા વધારા મોકલવા અંગે

શ્રી નરનારાયણદેવ દેશના અમદાવાદ, મૂળી અને ભુજ મંદિર તાબાના તથા વિદેશના આપણા મંદિરોના ગત વર્ષના વ્રત ઉત્સવના નિર્ણયમાં પાટોત્સવ તિથિ અથવા ફોન નંબરમાં કોઈ ફેરફાર થયા હોય તો આગામી નવા નિર્ણયમાં આપના મંદિરના પાટોત્સવ ફોન નંબર વગેરે સુધારા "શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય" શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરના નામથી વહેલાસર મોકલી આપવા વિનંતી છે.

# કારતક સુદ-૧૧ એટલે ધર્મનું સ્મરણ કરવાનો દિવસ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પિતા ધર્મદેવ જેઓ વિક્રમ સંવત ૧૭૮૬ના વર્ષે કાર્તિક શુક્લ પક્ષની એકાદશી બુધવારના દિવસે ઉત્તર કોશલ દેશમાં મેહદાવ નામે નગરમાં પ્રાદુર્ભાવ પામ્યા હતા. ધર્મદેવના પિતાનું નામ બાળ શર્મા અને માતાનું નામ ભાગ્યવતી હતું. ધર્મદેવના પિતા બાલશર્મા સદાચાર અને વિદ્યા એ આ લોકમાં પ્રસિદ્ધિ પામેલા, જીતેન્દ્રિય અને સ્વયં બ્રહ્માના અંશભુત હતા. ધર્મદેવનું કુળ એ સાવર્ણિ ગોત્ર, સામવેદી, કૌથુમી શાખા અને ભાગ્રવ વૈતહવ્ય અને સાવેતસ એવાં શાસ્ત્ર પ્રસિદ્ધ ત્રણ પ્રવર ધરાવતું બ્રાહ્મણકુળ છે. ધર્મદેવ જન્મથી જ દેવ તુલ્ય, મંદહાસ્યથી યુક્ત મુખવાળા, નવીન નીલમેઘના સમાન શરીરની કાંતિવાળા, આજાન બાહુ અને કમળપત્ર સરખા નેત્રવાળા હતા. દેવ સમાન કાંતિ હોવાથી જ બાલ શર્માએ પોતાના આ તેજસ્વી પુત્રનું નામ પ્રથમ દેવ શર્મા રાખ્યુ હતું. પરંતુ પોતે સાક્ષાત ધર્મ પ્રજાપતિ હોવાથી જ આ લોકમાં ધર્મદેવ તરીકે વિખ્યાતિ પામ્યા.

શ્રીહરિ બાળચરિત્રમાં શ્રીહરિના પિતા ધર્મદેવ એ સાક્ષાત્, ધર્મનો અવતાર છે એવો નિશ્ચય કરાવતું એક ખૂબ સુંદર ચરિત્ર આવે છે. ધર્મદેવનો વિવાહ ભક્તિમાતા સાથે થયેલો. આ પવિત્ર દંપતિના ત્રણ પુત્રો છે. મોટા રામપ્રતાપભાઈ, વચેટ ઘનશ્યામમહારાજ (શ્રીહરિ) તથા નાના પુત્ર ઈચ્છારામભાઈ. તેમાં મોટા રામપ્રતાપભાઈના પત્નીનું નામ સુવાસિની બાઈ. આ રામપ્રતાપજી અને સુવાસિનીબાના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જેઓ અમદાવાદ ગાદીના આદિ આચાર્ય છે. તેઓ પોતાના ભત્રીજા રામશરણજીને ઉદ્દેશીને છપૈયાપુરની વિશાળ સભામાં શ્રીહરિના દિવ્ય બાળચરિત્રો સંભળાવે છે. તે સમયે ધર્મદેવનું ચરિત્ર સંભળાવતા કહે છે કે આ ચરિત્ર કેવું છે તે કોટી જન્મનાં પાપને નાશ કરે તેવું છે. એક સમયને વિષે ધર્મદેવ પોતે શ્રીહરિના જન્મસ્થાનકના કૂવા ઉપર ઉગમણે મુખે સ્નાન કરતા હતા. તે સમયે સુવાસિનીબા ધોતીયું આપવા ગયા. એટલે પોતાના મનમાં એવો વિચાર થયો જે, અમારા સસરાને સર્વે મનુષ્યો ધર્મદેવ કહે છે ત્યારે ધર્મદેવને તો ચાર મુખ ને ચાર હાથ તથા ચાર પગ ને આઠ નેત્ર હોય. આવું સ્વરૂપ ધર્મદેવનું શાસ્ત્ર થકી સાંભળ્યામાં આવે છે. પરંતુ આમને વિષે તો કોઈ દિવસ હું દેખતી નથી એવો સંકલ્પ કરતાં થકાં આવીને ધર્મદેવને ધોતિયું પહેરવા આપ્યું. ત્યારે ધર્મદેવ પોતે ધોતીયું લઈને કૂવાના પરથાર થકી નીચે ઊતરીને છેટે જઈને પહેરવા લાગ્યા. તે સમયે ધર્મદેવ અંતર્યામીપણે પોતાના પુત્ર (શ્રીહરિ)ની ઈચ્છા થકી સુવાસિની બાઈનો સંકલ્પ જાણી સત્ય કરવા સારૂ પોતાનું મૂળ સ્વરૂપ જે ચાર હાથ, ચારમુખ, ચાર પગ અને આઠ નેત્ર, આવાને ને એક હાથમાં ધર્મશાસ્ત્રોનો ગુટકો અને બીજા હાથમાં કનકની ઝારી અને બે હાથ જોડીને વાસુદેવ જે પોતાના પુત્ર ભગવાન રૂપે ઘનશ્યામમહારાજ તેમની સ્તુતિ કરે છે. એવા મહા અદ્‌ભુત રૂપે દર્શન આપતા હતા. ત્યારે જેમનો સંકલ્પ સત્ય થયો છે. એવાં અમારા માતુશ્રી સુવાસિની બા તે જે તે બે હાથ જોડીને મસ્તક નમાવીને પાસે આવીને ધર્મદેવને પગે લાગીને પ્રાર્થના કરતાં હતાં. ત્યારે ધર્મદેવ બોલ્યા જે, અમો બન્ને ધર્મ અને ભક્તિ છીએ. અને ઘનશ્યામભાઈ તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ છે અને અમો મનુષ્ય જેવા તમોને દેખાઈએ છીએ તે તો તમારા સુખને અર્થે છે એમ સમજજો. એમ કહીને પ્રથમની માફક બે ભુજાવાળા થયા. તે મહાઅદ્‌ભુત ચરિત્ર જોઈને સુવાસિની બાઈ તો મહા આશ્ચર્ય પામતા સતા ભક્તિમાતા, સુંદરીબાઈ આદિક સર્વે પુરવાસી જનોને તે વાર્તા કરતા હતાં.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રીહરિના પિતા સાક્ષાત્ ધર્મદેવ છે. આ ધર્મદેવ સદાય એકાંતિક ધર્મમાં રહેતા અને અનેક સદ્‌ગુણો ધરાવતા હતા. નિરંતર શાસ્ત્રોનું

પઠન પાઠન અને ચિંતવન કરવામાં રૂચિવાળા હતા. શરણમાં આવેલા જનોને, ધર્મદેવ પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસેથી સાંભળેલા અને બીજાને આપવાનો અધિકાર પામેલા "श्रीकृष्ण त्वं गतिर्मम" ઈત્યાદિ મંત્રોનો તથા પાલન કરવા યોગ્ય ધર્મોનો યોગ્યતાનુંસારે ઉપદેશ કરતા હતા. તેમજ સ્ત્રીઓ ને પોતાની ભાર્યા ભક્તિદેવી થકી મંત્રોપદેશ કરાવતા હતા. સ્વયં શ્રીહરિએ પણ મનુષ્ય ચરિત્રરૂપે પોતાના પિતા ધર્મદેવ પાસેથી સર્વવેદ, સંપૂર્ણ મહાભાષ્ય (બ્રહ્મસૂત્ર ભાષ્ય), છ શાસ્ત્રો, કાવ્યો અને પુરાણોનો અભ્યાસ કર્યો હતો. ધર્મદેવે શ્રીહરિને સામાન્ય વૈષ્ણવી દીક્ષા આપેલી જે દીક્ષામાં ધર્મદેવે પુણ્યકાળમાં શ્રીહરિને શ્રીકૃષ્ણ સંબંધી અષ્ટાક્ષર મંત્ર "श्रीकृष्ण त्वं गतिर्मम" અને ત્રણ અક્ષરોવાળો શ્રીકૃષ્ણ એ નામ મંત્ર પણ આપેલો.

ચારે વર્ણો તથા ચારે આશ્રમોને આલોક તેમજ પરલોકમાં સુખકારક એવો ધર્મ તે બ્રહ્મચર્ય (ગૃહસ્થોને ઋતુકાળે જ સ્ત્રીસંગ અને ત્યાગીઓને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ), અનુચિત વસ્તુનો અલોભ (ભગવાન સિવાય અન્ય વસ્તુની પ્રાપ્તિનો લોભ નહિ તે) દેહ ઈન્દ્રિયોનું દમન (ઉપવાસાદિકથી), જીવપ્રાણીમાત્ર ઉપર દયા, આત્મા-પરમાત્માના જ્ઞાનને આપે તેવું તપ, પારકાનો દ્રોહ ન થાય એવું સત્ય, દંભથી રહિતપણું, સહન શક્તિ, ધૈર્ય, કોઈપ્રાણી માત્રનો મનથી પણ દ્રોહ ન કરવો. આવી રીતનું સનાતન ધર્મનું સ્વરૂપ વેદમાં કહેલું છે. આ સનાતન ધર્મ જ્યારે ભગવાન શ્રી નારાયણના સંબંધે સહિત હોય ત્યારે તે એકાંતિક ધર્મ કહેવાય છે અને તે વિનાના ધર્મને સામાન્ય વેદોક્ત ધર્મ કહેલો છે. એકાંતિક ધર્મનો આશ્રય કરીને જે મનુષ્યો વાસુદેવ ભગવાનનું ભજન કરે છે તેઓ આ જીવનના અંત સમયે શરીરનો ત્યાગ કરીને માયાથી પર એવા વાસુદેવના ધામને પામે છે. જે જનો પૂર્વે કહેલા બીજા વૈદિક ધર્મનો આશ્રય કરી, નિરંતર વર્તે છે તે મનુષ્યો આ દેહના અંત સમયે, નાશવંત એવા સ્વર્ગાદિ ત્રણ લોકને પામે છે.

સત્સંગિજીવન પ્ર. ૨ માં શ્રીહરિ કહે છે, ધર્મે રહિત જે કર્મ જો કે ધનનો લાભ વગેરે મહાફળ આપનારું હોય તો પણ બુદ્ધિમાન અને પવિત્ર મનુષ્યો, મલિન જળની પેઠે તે કર્મનું સેવન ન કરે. જે કર્મની, શાસ્ત્ર જાણનાર આર્ય પુરુષો તે કરતા થકા પ્રશંસા કરે છે તેને ધર્મ જાણવો અને જેની નિંદા કરે છે તેને અધર્મ જાણવો. વિદ્યા, લક્ષ્મી, શરીરની સુંદરતા, શૌર્ય, સારા કુળમાં જન્મ થવો, રોગે રહિતપણું, સંસારના કષ્ટથી ઉદ્ધાર આ બધું ધર્મમાંથી જ પ્રવર્તે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધમાં મનુષ્યોને તે તે શબ્દાદિ ભાગો અધિક પ્રાપ્ત થાય છે તે ધર્મનું જ ફળ છે. એમ જાણવું. જે માણસ ધર્મનું ચિંતવન કરતો થકો દેહ મૂકે છે તે પણ સ્વર્ગને પામે છે તો પછી ધર્મનું આચરણ કરનારના ફળની તો વાત જ શી કહેવી ? જેવી રીતે જળથી સંપૂર્ણ ભરેલા એવા સરોવરમાં અંડજ એવા જળચરો એની મેળે જ જઈને ભળે છે. તેની પેઠે શુભ કર્મ કરનારને સર્વ સંપત્તિઓ સહેજે પ્રાપ્ત થાય છે. એક ધર્મ જ એવો મિત્ર છે કે જે મનુષ્યના મરણ પછી પણ તેની સાથે જાય છે, જ્યારે બીજાઓ તો શરીરના નાશની સાથે જ ચાલ્યાં જાય છે. મનુષ્યનું જીવન તો તણખલાના અગ્રભાગ ઉપર રહેલા જળ બિંદુના જેવું ચંચળ છે માટે ધર્મની સાધના સત્વરે કરવી. નિષ્કુળાનંદ સ્વામી લખે છે. ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે.

પ્રગટ પ્રભુના વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે ? ॥ ભાવાર્થ છે કે, સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાઓનું પાલન કરવું એ જ મોટો ધર્મ છે.

ધર્મદેવ જ ધર્મનું ખરું મૂળ હોવાથી શ્રીહરિએ તેમજ ધર્મવંશી આચાર્યશ્રીઓએ આપણા ઘણાં મંદિરોમાં પોતાના સ્વરૂપો સાથે ધર્મદેવ તથા ભક્તિમાતાની મૂર્તિઓ પધરાવી છે. વળી, શ્રીહરિએ આ ધર્મદેવના કુળમાં જ આચાર્યપદ સ્થાપન કર્યું છે. સત્સંગની અમદાવાદ અને વડતાલ એમ બે ગાદી પર ધર્મકુળમાંથી જ આચાર્યશ્રીની નિયુક્તિ થાય છે. અજ્ઞાની જનો માટે ખાસ લખવાનું કે 'ધર્મકુળ' એટલે ધર્મદેવનું જ કુળ, નહી કે ધર્મ પાળે તે ધર્મકુળ વળી ધર્મકુળ તો તમારા કહેવાતા ગુરુઓ કરતા લાખ દરજ્જે વધારે સારો ધર્મ પાળે છે.

નૂતન વર્ષે શ્રીહરિના ચરણકમળમાં એજ પ્રાર્થના કે હે મહારાજ ! આપ આપના માતા પિતા ધર્મદેવ-ભક્તિમાતા ની સાથે સદાય અમારા હૃદયમાં નિવાસ કરીને રહેજો. અમારા જીવનમાં નિરંતર ધર્મ-ભક્તિની વૃધ્ધિ થતી રહે એવા આશીર્વાદ આપજો.

# સંસ્કાર

- પ્રહલાદભાઈ વિ. પટેલ (કરજીસણવાળા-ન્યુજર્સી)

ભગવાન પોતાના ભક્તોને પ્રેમથી વશ થાય છે. ભગવાન ધન દોલત કે રાજવૈભવથી રાજી થતા નથી. દૂર્યોધનના રાજવૈભવના મેવાને ત્યજી વિદુરજીની ભાજી આરોગી રાજી થયા. જીવુબા, લાડુબા, ગંગાબા, જતનબા, સોનબાઈ, વખતબા, કેશીનીબા વગેરે પ્રેમી ભક્તોના થાળ જમી તેમની ભક્તિને વખાણી. રાજમાતા કુશળકુંવરબા પણ અનન્ય ભક્ત હતાં.

રાણી કુશળકુવરબાના પ્રેમને કારણે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના રાજ્યમાં ધર્મપુર (વાંસદા) પધાર્યા હતા. રાણીએ ભગવાનને હાથીની અંબાણી ઉપર પધરાવી સંતો સહિત શાહી સન્માનથી ભભકાદાર સામૈયું કરી રાજગાદી ઉપર બિરાજમાન કર્યા. અને સામે ઊભા રહી એકીટસે ભગવાનને નિરખી હૃદયમાં મૂર્તિ ઉતારી દીધી. જેથી શ્વાસોચ્છવાસે અંતરમાં સદા મૂર્તિ દેખાવા લાગી. ભગવાને વચનામૃતમાં પણ તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે દર્શન કરવાં તો રાણી કુશળકુંવરબા જેવા કરવા. આપણે પણ અમદાવાદ શ્રી નરનારાયણદેવ મંદિરે જઈ શ્રી નરનારાયણદેવ તથા રંગમહોલના શ્રી ઘનશ્યામમહારાજનાં દર્શન કરવાં તો એકચિત્તે ધ્યાનથી કરવાં. ઘણા હરિભક્તોને રંગમહોલના ઘનશ્યામમહારાજની મૂર્તિ ધ્યાનસ્થ થઈ ગઈ હશે. તેમનું મુખ જોઈ એમ જ થાય કે સાક્ષાત્ અક્ષરધામમાંથી ઘનશ્યામમહારાજ દર્શન દેવા પધાર્યા છે. મુખની લાવણ્યતા એટલી રૂપાળી છે કે પ્રત્યક્ષ મુખ ઉપર આપણે સુંવાળી ચામડી હોય, રૂપાળા સુંદર ગાલ હોય, સુંદર નયન હોય તથા ઉપડતી છાતી ઉપર હાર તથા આભૂષણ શોભતાં હોય. જાણે સાક્ષાત્ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ ઉભા હોય એજ શરીરની ઊંચાઈ, એજ ભવ્ય સ્વરૂપ, પ.પૂ. મોટા મહારાજશ્રીનું સ્વરૂપ પણ એજ ઘનશ્યામમહારાજ સ્વરૂપે આપણને આજે દર્શન આપે છે.



રાણી કુશળકુવરબાએ જ્યારથી ભગવાનને પોતાના રાજ્યમાં પધરાવ્યા ત્યારથી તેમનું કુટુંબ ભક્તિભાવમાં લીન થઈ ગયું. રાણીના કુંવર અને તેનાં પુત્રવધુને પણ ભગવાનની મૂર્તિ સદા દેખાવા લાગી. આપણે પણ જ્યારે સહકુટુંબ મંદિરે જઈ એકચિત્તે ભગવાનનાં દર્શન કરીએ તો ભગવાન કૃપા કરી સત્સંગના સંસ્કાર સમગ્ર કુટુંબમાં ઉતરે અને સેવામાં જોડાઈ શકે.

ખૂબજ ભાવથી કુશળકુંવરબાઈએ સ્વયં તૈયાર કરેલો થાળ પ્રભુ જમવા બિરાજ્યા. એ વખતે મહારાજે શરીર ઉપર ફક્ત એકજ સફેદ વસ્ત્ર પહેર્યું હતું. આવી માધુરી મૂર્તિનું દર્શન ખરેખર અતિ રમણીય હતું. ભલભલાની મનોવૃતિ મૂર્તિમાં ખેંચાઈ જાય તેવું સ્વરૂપ હતું. ભગવાનના સાંગ સ્વરૂપ દર્શન કરી કુશળકુંવરબા તો પ્રેમાતુર થઈ ગયાં. અંગોઅંગ દર્શન કરી મૂર્તિને અંતરમાં ઉતારી લીધી. જમતાં

જમતાં ભગવાનને વિનંતિ કરી કે મહારાજ ! આ અમારું રાજ્ય આજથી તમોને સોંપીએ છીએ. તો તમે રાજ્ય સંભાળી લો. અમો તમારા દાસદાસી થઈને તમારી સેવા કરીશું. પરંતુ ભગવાને રાજી થઈ કહ્યું, "અમો રાજ્ય કરવા આવ્યા નથી. અમે તો અસંખ્ય જીવોનું કલ્યાણ કરવા આવ્યા છીએ."

"રાજ્ય તમારું તમો કરો, પણ અંતરમાં રાખજો હરિ." તમેજ તમારું રાજ્ય ચલાવો પણ અંતરમાં ભગવાન રાખજો.

શ્રીહરિ જમીને તૃપ્ત થયા. ચળુ કર્યું. પછી હાથ લૂછવા માટે પ્રભુ રૂમાલ શોધવા લાગ્યા. પ્રભુને આમ આડા અવળા થતા જોઈને કુશળકુંવરબાના દીકરા (કુંવર)ને થયું કે મહારાજ કંઈક શોધે છે ! હે પ્રભુ, શું જોઈએ છે બોલોને ? ભગવાને હાથ બતાવી સંજ્ઞા કરી. કુંવરના ધર્મપત્નીયે સારી સાડી પહેરી હતી. તરત જ સાડીનો પાલવ આપી ભગવાનને હાથ લૂછવા વિનંતી કરી. શ્રીહરિ કહે, "આ તો અમૂલ્ય સાડી છે, આનાથી હાથ લૂછાય."

કુંવરના પત્ની વિનંતી કરી કહેવા લાગ્યા, "કેમ નહિ પ્રભુ ! આ સંસારમાં તમારાથી અધિક શું છે ? તમો તો અનંત કોટિ બ્રહ્માંડના પતિ છો. માટે પ્રેમથી હાથ લુછો." તેમની પ્રેમભરી વિનંતીથી ભગવાને હાથ લૂછ્યા. બહેને વિનંતી કરી, "ભગવાન, આ પાલવ તમે ઝાલ્યો છે તો હવે છોડતા નહીં." ભગવાન કહે, "ભૂત હોય તે પણ છોડતું નથી તો અમે કેમ છોડશું. એમ કહી અભય વરદાન આપ્યું.

ભગવાનની આ દિવ્ય લીલા છે. આપણે પણ આપણા દીકરા, દીકરી, પુત્રવધુને જો આ સંસ્કાર આપશું તો તે પણ હમેંશા સત્સંગમાં રહી ભગવાનની તથા ધર્મકુળની આવીજ સેવા કરશે. પૂ. મહારાજશ્રી તથા પૂ. ગાદીવાળાશ્રી, પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. શ્રીરાજા સર્વે ધર્મકુળની તન, મન, ધનથી સેવા કરવાના સંસ્કારથી ભગવાન આપણા ઉપર હંમેશા રાજી થશે. પાંચ દંડવત્ ભગવાનને કરો છો તેવી જ રીતે પાંચ દંડવત્ ધર્મકુળને પણ અવશ્ય કરજો. આપણું ઘરેણું કે આપણી ખરી સંપત્તિ એ આપણા સંસ્કાર છે. માટે સંસ્કાર એવા કેળવજો કે આપણામાંથી અન્ય કોઈ પ્રેરણા લઈ તેનું અનુસરણ કરે. આપણે તો સર્વોપરિ શ્રીહરિ અને સર્વોપરિ ધર્મકુળ અને ધર્મકુળ આશ્રિત સંતો અને હરિભક્તો એજ આપણા સાચા સગા છે.

# સ્વામિનારાયણ ભગવાન રાજી થયા તો.....

- વાઘેલા મહિપાલસિંહ આર. (માણસા)

શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા. એકવાર કથા-વાર્તામાં તેઓ ચાર પ્રકારના પ્રલયની વાત કરતા હતા. સૌ સંતો-હરિભક્તો ધ્યાનથી સાંભળતા હતા. પરંતુ બળોલ ગામના એક બાળકનું ધ્યાન કંઈક વધું હતું.

તે શ્રીજી મહારાજની અલૌકિક મૂર્તિને નયનથી અંતરમાં ઉતારતો હતો. અને તેમની વાણીને પણ કાનને સતેજ કરીને સ્મૃતિમાં સંઘરી લેતો હતો. આ બાળક સાંજે ઉતારે જઈ શ્રીજી મહારાજે કરેલી વાતો ગજા ગઢવીને શબ્દે-શબ્દ સંભળાવતો હતો.

હવે વાત જાણે એમ હતી કે એ લોકોનો ઉતારો અક્ષર ઓરડીની પાછળ હતો. અક્ષરઓરડીમાં શ્રીજી મહારાજને તે લોકોની વાતો બરાબર સંભળાતી હતી. આવી વાતો ઘણા દિવસ સુધી મહારાજે સાંભળી.

એકવાર સવારે જીવાખાચરના દરબારમાં સભા થઈ. ત્યાં ગજા ગઢવી પણ હાજર હતા. શ્રીજી મહારાજે તેમને બોલાવીને પૂછ્યું, 'રાત્રે કોણ વાતો કરે છે ?' ગજા ગઢવીએ બધી વાત કરી. તે સમયે પેલો બાળક પણ ત્યાં હાજર હતો. શ્રીજી મહારાજ તેના પર ખૂબ રાજી થયા.

પછી સભામાં વાત કરતાં સૌને કહ્યું, 'કથાવાર્તા સાંભળીએ તો આ બાળ ભક્તની જેમ કાન સરવા કરીને એક ચિત્તે સાંભળીએ. કથા વાર્તાના શબ્દોને યાદ રાખીએ. અને સાંભળેલી કથા, મહિમા સાથે અન્યને પણ કરીએ ને તો શ્રવણ ભક્તિ થઈ કહેવાય.

હરિભક્તો, આપણે પણ કથાવાર્તા થાય, તે ધ્યાનથી સાંભળવી જોઈએ. તેને યાદ રાખી અન્યને કહેવી જોઈએ. તેમ કરવાથી સ્વામિનારાયણ ભગવાન અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી તથા સંતો રાજી થાય.

# સંસ્કૃત અને વ્રજભાષાના સમર્થ કાવ્ય સમ્રાટ આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી પાંડે કવિવર 'કૂટ'

- પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)



શ્રી નરનારાયણદેવ પીઠ શ્રી સ્વામિનારાયણ ગ્રંથમાળાનું ચતુર્થ પુષ્પ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી પાંડે કવિવર 'કૂટ' કૃત "કૂટ કાવ્યાલોક" પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ મને આપ્યું. જે મારા માટે કૃપા પ્રસાદરૂપ એટલા માટે છે કે ધર્મવંશની તથા આચાર્યપદની ગરિમાના આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની અનેક કાવ્યકૃતિઓમાં દર્શન થાય છે. તથા માનવ જીવનનાં અનેકાનેક ક્ષેત્રનું જ્ઞાન, આરાધના, ઉપાસના અને કર્તવ્ય પરાયણતાના પણ તેમાં દર્શન થતા જ રહે છે. આ કૂટ કાવ્યલોકના સંપાદકો ઉચ્ચ સાહિત્ય વિદો ડૉ. ધનાનંદ શર્મા "જદલી", આચાર્ય. રઘુનાથ ભટ્ટ, ડૉ. રઘુવીર ચૌધરી તથા ડૉ. વાચસ્પતિ મિશ્ર છે. પ્રકાશકીય નિવેદનમાં હિંદી સાહિત્ય પરિષદ અમદાવાદના અધ્યક્ષ ડૉ. અંબાશંકર નાગરે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીનો આવા સુંદર સ્તુત્ય કાવ્યોને પ્રકાશિત કરવા અનુમતિ આપી તે બદલ આભાર વ્યક્ત કર્યો છે.

પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી કૂટકાવ્યાલોકમાં ઉદ્‌બોધનમાં લખે છે કે, "બાપુજીની રચનાઓ કોઈ કાલ્પનિક નથી. કિન્તુ સત્યતાને પ્રગટ કરવાનો તેઓશ્રીએ પૂર્ણ પ્રયત્ન કરેલો છે. એ જમાનામાં એમણે જે કંઈ નિરખ્યું તેનું યથાર્થ નિરૂપણ પોતાના કાવ્યોમાં કર્યું છે. બાપુજીની કવિતાઓમાં સમાજોત્થાન, દેશની પરિસ્થિતિ, સત્સંગ સમાજ, પ્રેમાળુતા, કરૂણાર્દતા તથા જીવનની યથાર્થતા ચરિતાર્થ થયેલી દ્રશ્યમાન થાય છે. તેઓ તો એકાંતપ્રિય તથા આત્મચિંતન કરવાના સ્વભાવ વાળા હતા. ભવિષ્યમાં ભાવક લોકો આ કાવ્યકૃતિઓ પ્રગતિવાદ તથા પ્રયોગવાદના સિદ્ધાંતો પર સમન્વયાત્મક સંશોધનો કરશે. જેથી હિન્દી સાહિત્યનો વિકાસ-પ્રકાશ થશે ત્યારે આ કૃતિને પ્રશસ્તિ પ્રાપ્ત થશે."

સૃષ્ટિનું સૌંદર્ય એટલે કવિતા. કવિતાનો જન્મ આત્મસ્ફૂરણામાંથી જ થતો રહે છે. આવી સ્ફૂરણા દૈવયોગે થતી રહે છે. કૂટ કાવ્યાલોકમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીની ઈ.સ. ૧૯૪૫ થી ઈ.સ. ૧૯૯૫ એમ ૨૦ વર્ષ સુધીની રચનાઓને આવરી લેવામાં આવી છે. વિલક્ષણ પ્રતિભા ધરાવતા જન્મજાત કવિ, શ્રીનરનારાયણદેવ ગાદીના પાંચમાં આચાર્ય, સ્વ કર્તવ્ય પરાયણતામાં સદાય સજાગ રહ્યા. ધર્માચાર્ય તરીકેની તેઓશ્રી સુચારૂ ફરજ બજાવતા રહ્યા. તેઓશ્રી અતિશય. સંવેદનશીલ, ભક્તિભાવપૂર્ણ, શ્રધ્ધાવાન અને ઉત્સવપ્રિય પ્રકૃતિવાળા હતા. તેઓશ્રીનો પ્રકૃતિપ્રેમ અજોડ હતો. તેમની કૃતિઓમાં શ્રી ગણેશ સ્તવન, શારદાસ્તવન, નરનારાયણ સ્તવન, શ્રી કૃષ્ણાષ્ટક, શિવસ્મરણ આદિ કાવ્યો શ્રધ્ધાના દ્યોતક છે.

પુસ્તકના પ્રારંભે પ્રભુ સ્મરણ મહિમાના ગુણગાન વ્યક્ત કરતી કંડિકાઓ આ મુજબ છે.

**સ્વામિનારાયણ શરન હર નર સંકટ હરન,**
**સ્મરન કરન મંગલ સદા ધન્ય ધર્મધુર ધારન.**

પૂજ્ય દેવેન્દ્રપ્રસાદજીએ ઉપનામ"કૂટ" રાખ્યું છે. આમ તો કૂટ એટલે શૃંગ અર્થાત્ પર્વત, જેવી રીતે ચિત્રકૂટ. કૂટ શબ્દનો શબ્દાર્થ અનેરો છે. કૂટ એ તો ખાસ લાક્ષણિકતા દર્શાવે છે. આ શબ્દ ગૂઢોક્તિના પણ દર્શન કરાવે છે. ગૂઢોક્તિને સહેલાઈથી સમજી શકાતી નથી. તેથી કેટલાક કાવ્યો એવા હોય કે જે બુદ્ધિ કસીને સમજી શકાય છે.

સંસ્કૃત ભાષા પરત્વેનો ભગવાન શ્રીહરિનો એક લગાવ હતો. આ ભાષાથી જનતા જનાર્દન અભિપ્રેત થાય તે માટે તેઓએ સંસ્કૃત પાઠશાળાઓની સ્થાપનાને પ્રાથમિકતા આપેલી. પૂજ્ય દેવેન્દ્રપ્રસાદજીએ પણ સંસ્કૃત મહાવિદ્યાલયોની સ્થાપના કરી. તેઓશ્રીના યજ્ઞોપવિત સંસ્કાર સંવત ૧૯૮૬ મા આઠ વર્ષની વયે થયા. ત્યારબાદ તેઓ સંસ્કૃત, અંગ્રેજી, વ્રજભાષા, પ્રાકૃત, સંગીતકલા, અશ્વકલા જેવી અનેક વિદ્યાઓમાં ઉત્તરોત્તર પારંગત થતા રહ્યા. પાદપૂર્તિ તથા કાવ્યલેખનમાં તથા છંદાભ્યાસમાં મહારાજશ્રીએ પોતાના વિદ્યાગુરૂઓ શ્રી દુર્ગાનાથજીઝા તથા શ્રીમાન ગિરીજા શંકરજીને જ પ્રેરક બળ માન્યા છે. ચારણી સાહિત્યમાં પણ તેમને રૂચી હતી. ગુરૂ વંદનામાં તેઓ આલેખે છે કે,

**વંદન ગુરૂજન કો વિમલ, દવદય શુદ્ધિ કે હેત,**
**પારસમનિ કે પરસતે, લોહકનક પન લેત.**

ગુરૂપૂર્ણિમાના શુભ અવસર વિષે મહારાજશ્રી લખે છે કે, "જીવનમાં સાચા પથદર્શકો તો ગુરૂજ છે. તેથી અજ્ઞાનરૂપી અંધકાર તથા દુઃખોનો નાશ ગુરૂ કરી શકે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અષ્ટનંદ સંત કવિઓએ વ્રજભાષામાં કેટલીક કાવ્યકૃતિઓનું નિર્માણ કર્યું. તેથી પ્રેરાઈને વ્રજભાષામાં કાવ્યોનું સર્જન કર્યું હોય તે ખૂબ સ્વાભાવિક છે. વાણીના અસંયમીપણાથી થતા નુકશાનના દ્રષ્ટાંતો રામાયણ-મહાભારતમાંથી નિષ્પન્ન થાય છે. તેથી વાણી પર સંયમઆવશ્યક અને અનિવાર્ય છે. વાણીનો ગેર ઉપયોગ કરવા કરતાં તો મૌન સેવવું સારૂં છે. તેથી જ મહારાજશ્રી સંસ્કૃતમાં પદ રચના કરી લખે છે કે :-

**વાણી સંયમનો ચિતા વિસ્તૃતા અનુચિતા**
**ઉચ્ચાર્યાઃ નિઃસૃતા,**
**ધન્યા ભો વનજન્મવો ભુવિતયે વાણી**
**વિહિના યતઃ.**

શ્રીમતી રાજેન્દ્રકુમારી લાલીરાજાએ પોતાના વ્હાલસોયા પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી વિષે આલેખ્યું છે કે, "તેઓ તો એક વત્સલ પિતા હતા. અમારો સંબંધ તેઓશ્રી સાથે મિત્રતાપૂર્ણ હતો. તેઓ મિતભાષી છતાં હાસ્ય વિનોદી સ્વભાવ ધરાવતા હતા. થોડા શબ્દોમાં ઘણું બધું કહી દેવાની તેમની આગવી રીત હતી." કવિવર સ્વયં માતૃભક્ત તથા પિતૃભક્ત હતા. એક સમયે બદ્રીધામયાત્રા સમયે માતુશ્રીની શિબિકા અર્થાત્ ડોલી પોતાના ખભા પર મૂકી સ્વયં ચાલતા રહી ધર્મયાત્રા કરાવેલી. એક સમયે તેમના મામા બિમાર પડ્યા ત્યારે તેમણે મામાની રક્ષા કરવા માટે હરિહરને પ્રાર્થના કરી તેની કાવ્ય પંક્તિઓ આ મુજબ છે.

**મામા કો મંગલ કરો, દર્દ કરો દ્રુત દૂર,**
**શસ્ત્રકાર્ય મેં શસ્ત્ર પૈ, હરિહર રહો હજૂર.**

પૂજ્ય મહારાજશ્રી પુત્ર વત્સલ પિતા હતા. તેમના નાના પુત્ર ચિ. યોગેન્દ્રપ્રસાદજીનો અક્ષરવાસ માત્ર બે વર્ષની વયે તા. ૨૬-૨-૧૯૫૫ શિવરાત્રીના રોજ થયો. તેથી અત્યંત ખેદ પામ્યા. તેમના હૃદયને ઊંડી ચોટ લાગી. તેઓ અત્યંત શોકાતુર બની ગયા. તેઓએ પુત્ર વિયોગમાં જે કાવ્ય કૃતિ રચી છે તે વાચકના હૃદયને કંપાવનારી છે.

**કૈસે પ્રિય બિન દિન કટૈ, અંતર કટિ-કટિ**
**આહ,**
**તન-મન ભયો તબાહ, જનમ અકારથ**
**જોગિયા.**

'જોગિયા' શબ્દ ચિ. યોગેન્દ્રપ્રસાદજી માટે જ ઉપયોગમાં લેવાયો છે. વિશેષમાં અંતરવેદના વ્યક્ત કરતાં લખે છે કે-

**વિસરત નહિં છનબાર, રોવત જાગત સપનમે,**
**પ્રિયજન વિસરે પ્યાર, જીવન મિથ્યા જોગિયા.**

એક સર્વગુણ સંપન્ન આચાર્ય તરીકે શ્રીજી મહારાજનું શરણું તથા તેમની આજ્ઞાઓનું પરિપૂર્ણ પાલન કરનારા તથા સંપ્રદાયમાં સત્સંગ અભ્યુદયાર્થે અવિરત કાર્યરત

(અનુસંધાન પેજ નં. ૩૦)

# સ્વામી નિત્યાનંદનું જીવન અને કવન


- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

ઉત્તર ભારતમાં બુદેલ ખંડમાં લખનૌ જિલ્લામાં 'દતિયા' નામે એક ગામ છે. અહીં વિષ્ણુશર્મા નામે યજુર્વેદી ગૌડ બ્રાહ્મણ અને અ.સૌ. વિરજાદેવીના પવિત્ર ગૃહે ગોવિંદ શર્મા અને દિનમણિ શર્માનો જન્મ થયો. આ દિનમણિ શર્મા એ જ આપણા પ્રકાંડ પંડિત અને ધુરંધર વિદ્વાન શ્રી નિત્યાનંદ સ્વામી.

પિતા વિષ્ણુ શર્માને સરસ્વતી અને લક્ષ્મીનો સુંદર સુયોગ અને સુભગ સમન્વય થયો હતો. પોતે જેવા વિદ્વાન તેવા જ ગર્ભશ્રીમંત પણ ખરા. અપાર સમૃદ્ધિ અને સંપત્તિવાળા આ કુટુંબમાં બુદ્ધિમત્તા, ધીર ગંભીર ગાંભીર્ય, સુશીલતા અને સુંદર મુખકાંતિથી દિનમણિ શર્મા તત્કાલીન સમાજમાં કંઈક જુદા જ તરી આવતા હતા.

તેમને સંસ્કૃતનો અને શાસ્ત્રાભ્યાસનો ખૂબ જ શોખ હતો. તેથી કાશીમાં થોડાં વર્ષો રહીને તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેમને પરમતત્ત્વની શોધ કરવાની ગજબ તમન્ના હતી. શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યા પછી ઘેર જવાને બદલે સમગ્ર ભારતમાં તીર્થાટન કર્યું. દ્વારિકા જતી વખતે વિસનગર આવ્યા. અહીં તેમને કોઈ સત્સંગીએ કહ્યું કે, કાઠિયાવાડમાં ભગવાનનો અવતાર થયો છે. તેમની પાસે વિશાળ શિષ્યવૃંદ છે. આ પરમહંસો પણ ખૂબજ વિદ્વાન અને પ્રતાપી છે. આ અવતારના અવતારીના અંગ પર શાસ્ત્રોમાં જે ઉલ્લેખ છે તેવા ભગવાનપણાંના સર્વ ચિહ્નો છે. આ સાંભળી મહારાજને મળવા માટે અતિ ઉત્સુક બન્યા.

દ્વારિકાની યાત્રા કરી 'ફણેણી' ગામે આવ્યા. અહીં સહજાનંદ સ્વામીના શિષ્ય પ્રભુતાનંદજીનો મેળાપ થયો. તેમના દ્વારા મહારાજનો મહિમા જાણી આનંદ વિભોર બન્યા. સ્વામી પ્રભુતાનંદજીનો ઉપદેશ સાંભળી આંતર કલેશ શમી ગયો. મન એકદમ શાંત થયું, ચિત્ત આનંદમય બન્યું. હવે તેઓ મહારાજને મળવા વધુ ઉત્સુક બન્યા. તેમને સમાચાર મળ્યા કે, ભગવાન સ્વામિનારાયણ સિધ્ધપુર થઈને પછી ઊંઝા પધારવાના છે.



દિનમણિ શર્મા સત્વરે સીધા ઊંઝા પહોંચ્યા. મહારાજ અહીનાં તળાવ તીરે વિશાળ સભા ભરીને ઉચ્ચ આસને વિરાજમાન હતા. મહારાજનાં દર્શન થતાંની સાથે જ દેહભાન ભૂલી ગયા ! થોડીવાર પછી દંડવત્ પ્રણામ કર્યા. મહારાજ તેમને સભા મધ્યે પ્રેમપૂર્વક ભેટ્યા. મહારાજનું વિલક્ષણ વ્યક્તિત્વ અને શ્રીહરિના મંદ હાસ્ય સાથે 'મહારાજની દંતપંક્તિ' નિહાળી અને તે જોતાં જ ભગવાનપણાનો, ભગવાન સંબંધી જે કંઈ શાસ્ત્રોમાંથી જાણ્યું હતું, તે અંગેનો દૃઢ નિશ્ચય થયો. દિનમણિ હવે ત્યાં જ રહ્યા. પછી દીક્ષા લેવા મહારાજને નમ્ર વિનંતી કરી, 'મેઘપુર' મુકામે, તેમને ભાગવતી દીક્ષા આપી અને 'નિત્યાનંદ મુનિ' એવું નામ રાખ્યું.

મહારાજે નિત્યાનંદ સ્વામીને આજ્ઞા કરી કે તમે જો કે વિદ્વાન છો, છતાં હજુ થોડો વધુ શાસ્ત્રાભ્યાસ કરો. આથી સ્વામી નાંદોલના અતિ વિદ્વાન પુરુષોત્તમભટ્ટ પાસે વેદાન્ત, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રોનો વધુ અભ્યાસ કર્યો.

સ્વામી પોતાની પાસે અધ્યયન કરી રહ્યા હતા, પરંતુ અધ્યાપનકાર્ય કરતી વખતે ભટ્ટજીને એવી અનુભૂતિ થઈ કે આ કોઈ માનવીય બુદ્ધિ નથી. સ્વામી તો શાસ્ત્રોનાં કઠિન રહસ્યોના ઉકેલો હસતાં હસતાં કરે છે. આમની પાસે તો ઊલટું મારે અધ્યયન કરવા જેવું છે, ભણવા જેવું છે.

એક વખત ભટ્ટજીએ અનેક વિદ્વાનોને બોલાવીને 'શાસ્ત્રાર્થ'નું આયોજન કર્યું. ભટ્ટજીએ સ્વામીની સભામાં ભારોભાર પ્રશંસા કરી. આથી અન્ય વિદ્વાનોએ તેમના પર પ્રશ્નોની ઝડી વરસાવી!

જ્ઞાનના પ્રકારોમાં ક્યું, જ્ઞાન કોને હોય છે તે વિશે કેટલાક પ્રશ્નો પૂછ્યા :

(૧) આત્મા જ્ઞાનસ્વભાવી છે, કારણ સ્વભાવજ્ઞાન, કાર્ય સ્વભાવજ્ઞાન તેના નવ પ્રકાર ક્યા ક્યા છે?

(૨) આમાંથી ક્યું જ્ઞાન ક્યા જીવને હોય છે?

(૩) ક્યા જ્ઞાન 'પ્રત્યક્ષ' છે અને ક્યા 'પરોક્ષ' છે?

(૪) ક્યું જ્ઞાન મોક્ષનું મૂળ છે?

(૫) આત્માને કેવો જાણવો?

(૬) બ્રહ્મોપદેશ અને તેનો મહિમા જણાવો.

ઉપરોક્ત છ પ્રશ્નોના જવાબ સાંભળીને સારીય સભા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ ! ગુરુવર્ય ભટ્ટજીના આનંદની તો કોઈ સીમા ન હતી.

વિદ્યાભ્યાસ ભટ્ટજી પાસે પરિપૂર્ણ કરીને સ્વામી 'લોયા' મુકામે મહારાજને મળ્યા. અંતર્યામી પૂર્ણ પુરુષોત્તમભગવાન તો બધું જ જાણતા હતા છતાં કહ્યું કે, તમે જે જે ભણ્યા તે બધું અમને કહી સંભળાવો. સ્વામીએ અથથી ઈતિ સુધી સર્વ હકીકત કહી સંભળાવી. મહારાજ ખૂબ રાજી થયા.

પછી તો સ્વામી મહારાજની સાથે જ રહેતા. તેમની કથા સાંભળીને સભાજનો મંત્રમુગ્ધ બની જતા!

"કરે કથા નિત્યાનંદ નિત્ય,
રાખી ગ્રંથો રળિયામણા."

મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો સાથે અમદાવાદ ઘુમટમાં રહીને સંતોને ભણાવતા. ઝોળી માગી લાવીને સ્વહસ્તે રસોઈ બનાવી પાણી નાખીને નાનો એવો ગોળો વાળીને જમવાનું. સ્વામી કાંતિમાન અને શરીરે હૃષ્ટપુષ્ટ હતા. તેથી તેમને કોઈએ કહ્યું : સ્વામી! તમે તો લાડુ જમીને જામી ગયા છો."

"અરે ભાઈ ! આ શરીરમાં તો લુખું અનાજ જાય છે, પણ રગેરગમાં ભગવાન સ્વામિનારાયણનો મહિમા ભર્યો છે."

મહા સમર્થ વિદ્વાન સ્વામી નિત્યાનંદના પિતા વિષ્ણુ શર્મા સંપત્તિવાળા હતા. છતાંય પિતાની છલકાતી સંપત્તિ અને સમૃદ્ધિને અવગણીને આવેલા સ્વામીએ મહારાજની આજ્ઞાથી અનેક સંતોને ભણાવી, વિદ્વાન કર્યા હતા. તેમણે કેટલાય સંસ્કૃત ગ્રંથો ઉપરાંત 'શ્રીહરિદિગ્વિજય' નામનો શાસ્ત્રાર્થપૂર્ણ મહાગ્રંથ પણ રચ્યો છે.

સ્વામીએ સત્સંગની સેવા કરીને સત્સંગને અનેરો, અનોખો અને અનુપમ ઓપ આપ્યો છે. પોતાની વિદ્વતાથી સંતોને ભણાવીને તેમજ કથાવાર્તા કરીને સંપ્રદાયનું ગૌરવ વધાર્યું છે. સ્વામીએ સારાય સમાજને વિદ્વતાપૂર્વક 'સ્વામિનારાયણ સંપ્રદાય' વેદોક્ત, શાસ્ત્ર સંમત અને શ્રેષ્ઠ છે તે પુરવાર કર્યું હતું. પુષ્ટિ સંપ્રદાયની માન્યતા એવી એવી હતી કે 'સ્વામિનારાયણ સંપ્રદાય' નહિ તે તો 'સ્વામિનારાયણ પંથ' કહેવાય. પરંતુ વલ્લભી સંપ્રદાયના વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ કરીને એ પુરવાર કરી આપ્યું કે, 'સ્વામિનારાયણ સંપ્રદાય' એ એક શ્રેષ્ઠ સંપ્રદાય છે. આખરે સભાએ કબૂલ કરવું પડ્યું. એ જ રીતે જૂનાગઢના નવાબને પણ સ્વામીએ 'સંપ્રદાય'ની ગૌરવતા, સંપ્રદાયનું બંધારણ અને સંપ્રદાયની વિશિષ્ટતા સમજાવીને નવાબને આશ્ચર્યચકિત કરી દીધા હતા!

આવા તો અનેક પ્રસંગો નિત્યાનંદ સ્વામીના જીવનના છે, પરંતુ સ્થળ-સંકોચને કારણે જે તે પ્રસંગોનું આલેખન કરવું અશક્ય છે. આથી અત્રે તો એટલો જ નિર્દેશ કરવાનો છે કે, દિનમણિ શર્માના પિતા મહાસંપત્તિવાન હતા, સ્વામી પોતે મહા વિદ્વાન અને પ્રકાંડ પંડિત હતા, છતાંય અવતારના અવતારી અને કારણના કારણ એવા 'કરુણાનિધાન'ને ઓળખીને તેમનું 'દાસત્વ' સહર્ષ સ્વીકારી સંપ્રદાયની અને સત્સંગની મોટી સેવા કરી હતી. સ.ગુ. સ્વામી નિત્યાનંદજીને આપણા કોટિ કોટિ જય સ્વામિનારાયણ!

# રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજના ૧૨૫ માં પાટોત્સવ પ્રસંગે

- રાજન ભાવસાર (વિસનગર)



ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની શ્રી હરિકૃષ્ણ નામે મૂર્તિ અમદાવાદમાં શ્રીભક્તિમાતા-શ્રી ધર્મદેવ સાથે તથા વડતાલમાં શ્રીરાધા-શ્રીકૃષ્ણ સાથે તથા જેતલપુરમાં શ્રી રેવતીજી-શ્રીબળવેદજી સાથે સ્થાપિત કરી હતી. આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના અનાદિ એવા "શ્રી વાસુદેવ" નામે પોતાની મૂર્તિ શ્રીભક્તિમાતા-શ્રીધર્મપિતા સાથે વડતાલ મંદિરમાં સ્થાપિત કરી હતી. આમ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની મૂર્તિ "શ્રીહરિકૃષ્ણ" તથા "શ્રીવાસુદેવ" નામે પધરાવી હતી.

શ્રી નરનારાયણદેવ પીઠ આચાર્ય પરંપરામાં સર્વ પ્રથમ વાર આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ "શ્રી ઘનશ્યામમહારાજ" નામે છપૈયા મંદિરના મધ્ય શિખરમાં શ્રી ભક્તિમાતા-શ્રીધર્મપિતા સાથે સ્થાપિત કરી. ત્યારબાદ શ્રી નરનારાયણદેવ પીઠ આચાર્ય પરંપરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ કોઈપણ ભક્ત કે અવતાર રહિત, "શ્રી ઘનશ્યામમહારાજ" નામે એકલી પધરાવવાની શરૂઆત આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજે વિ.સં. ૧૯૪૨ ના કારતક સુદ-૧૨ ના દિવસે અમદાવાદ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના નિવાસ સ્થાન એવા રંગમહોલમાં પધરાવીને કરી હતી. ત્યારબાદ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજે "શ્રી ઘનશ્યામમહારાજ"ની એકલી મૂર્તિ વિ. સંવત ૧૯૬૨ ના વસંત પંચમીના મૂળી મંદિરના સભામંડપમાં પધરાવીને કરી. ત્યારબાદ તેઓશ્રીએ વિ.સં. ૧૯૬૩ ના જેઠ સુદ-૨ ના દિવસે "શ્રી ઘનશ્યામમહારાજ"ની એકલી મૂર્તિ પ્રાંતિજ મંદિરમાં તથા વિ. સંવત ૧૯૬૯ ના વૈશાખ વદ-૩ ના દિવસે


"શ્રી ઘનશ્યામમહારાજ" ની એકલી મૂર્તિ માણસાના મંદિરમાં તેમજ છપૈયામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મસ્થાનની જગ્યાએ અક્ષરભુવન બનાવડાવી. વિ.સં. ૧૯૭૫ ના ચૈત્ર સુદ-૯ ના દિવસે "શ્રી ઘનશ્યામમહારાજ" ની એકલી મૂર્તિ પધરાવી.

કેટલાક સંતો તથા હરિભક્તોને ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ તેમના ભક્ત સાથે શા માટે પધરાવવામાં નથી આવતી એમ સહજ શંકા રહતી હોય છે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવદ્ સ્વરૂપ સમજાવતાં શિક્ષાપત્રી શ્લોક ૧૧૧ માં લખે છે કે, "એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનની પડખે હોય છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે. ત્યારે તો શ્રીકૃષ્ણ ભગવાન એકલાં જ હોય એમ જાણવું (૧૧૧)" આ શ્લોકનો ભગવાન શ્રી સ્વામિનારાયણનો હૃદયગત સિદ્ધાંત સમજાવતાં શ્રી શતાનંદ મુનિ "શિક્ષાપત્રી અર્થદિપીકા" માં લખે છે કે, "એ રાધાદિકનું સાહચર્ય દ્વારા દેશ્ય કે અદેશ્ય એ બંને રીતે દર્શાવે છે. એ ભગવાનના પડખામાં રહેનારા રાધાદિક ભક્તો કોઈક સમયે તે શ્રીકૃષ્ણની પડખે-પડખામાં રહેનારા રાધાદિક ભક્તો કોઈક સમયે તે શ્રીકૃષ્ણની પડખે-પડખાના ભાગમાં સમીપે રહેલાં હોય છે. સર્વજનો જોઈ શકે એ રીતે રહેલાં હોય ત્યારે તો રાધા-કૃષ્ણ વિગેરે નામથી ઓળખવા અને કોઈક સમયે અતિ સ્નેહથી ગાઢ પ્રેમના કારણે તે શ્રીકૃષ્ણનાં હૃદયાદિક અંગમાં સાયુજ્યપણે રહેલા હોય, સર્વ જનો જોઈ ન શકે, માત્ર શ્રીકૃષ્ણ જ જોઈ શકે તેવી બંને સ્વરૂપની એકતાની સ્થિતિના સમયે તે શ્રીકૃષ્ણ જ જોઈ શકે તેવી બંને સ્વરૂપની એકતાની સ્થિતિના સમયે તે શ્રીકૃષ્ણ એકલાં જ સર્વજનો વડે જોવાય. પરંતુ રાધાદિક ન દેખાય ત્યારે તો કેવળ શ્રીકૃષ્ણ એ નામથી જ જાણવાં. એથી જે મંદિરમાં એક જ શ્રીકૃષ્ણની મૂર્તિ હોય ત્યારે રાધા વિગેરે સેવક મંડળ તેમનામાં મળી ગયેલા હોવાથી રાધાદિક સેવક મંડળ સહિત જ જાણવા એવો આશય છે....."

આમ ઉપરોક્ત ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત અનુસાર જે મંદિરમાં ભગવાનની મૂર્તિ એકલી જ હોય ત્યારે ભગવાનને એકલાં ન સમજતાં અનંતકોટિ મુક્તોના મંડળે સહિત જ જાણવાં. પરંતુ ભગવાન એકલા છે તેમ ન જાણવું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આથી જ આ સિદ્ધાંત અનુસાર જુનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કોઈપણ ભક્ત રહિત પોતાના અવતાર એવા શ્રી રણછોડરાયજી (શ્રીકૃષ્ણ) અને શ્રી ત્રિકમરાયજી (શ્રી વામનજી)ની મૂર્તિ મધ્ય શિખરમાં પધરાવી. આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રગટ હતાં ત્યારે તેમણે વડતાલ દેશના આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે શ્રી લક્ષ્મીનારાયણદેવનાં જમણાં પડખે શ્રી રણછોડરાયજીની મૂર્તિ તેમના ભક્ત શ્રી રાધિકા આદિક ભક્ત રહિત એકલી જ સ્થાપિત કરાવડાવી હતી. આમ ભગવાનની મૂર્તિ તેમનાં ભક્ત વગર પણ સ્થાપિત કરી શકાય છે. અને જે મંદિરમાં ભગવાનની મૂર્તિ તેમના કોઈપણ ભક્ત રહિત જ હોય ત્યારે ભગવાનને એકલાં ન સમજતાં તેમનાં અનંતકોટિ ભક્તોએ સહિત જ જાણવા. ભારતભરના અનેક સુપ્રસિદ્ધ મંદિરો જેવા કે તીરૂપતિ બાલાજી, શ્રીનાથજી, ડાકોર, દ્વારકા, પંઢરપુર વગેરે જેવા અનેક મંદિરોમાં ભગવાનની મૂર્તિ તેમના ભક્ત વગર એકલી જ સ્થાપિત કરેલી છે.

આમ જે મંદિરમા ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ એકલી જ હોય ત્યારે ભગવાનને એકલા ન સમજતાં અનંતકોટિ અક્ષરમુક્તો તથા તેમનાં અનાદિ એવા ધામરૂપ અક્ષરબ્રહ્મ સહિત તથા મુક્તાનંદ આદિક સાધુ, મુકુંદાનંદ આદિક બ્રહ્મચારી તથા મયારામ આદિક ગૃહસ્થ ભક્તોએ સહિત જ જાણવા.



# શ્રી સહજાનંદ સ્વામીએ ભુજ મધ્યે અતિ ઉમંગ ઉલ્લાસ ભેર ઉજવેલો દીપોત્સવી તથા અન્નકૂટોત્સવ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)

આપણા તહેવારો ભારતીય સંસ્કૃતિના દેદિપ્યમાન આભૂષણો મનાય છે. શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના અવતારી લીલાકાળ દરમ્યાન ઉત્સવ સમૈયાઓને પ્રોત્સાહિત કર્યા છે. ઉત્સવો સમાજ જીવનને ખૂબ ધબકતું રાખે છે. દિવાળીને સર્વ પર્વોના રાજાનું સ્થાન અપાયું છે. દિવાળી એ તો પ્રકાશનું મહાપર્વ છે. જ્યાં પ્રકાશ આવે ત્યાંથી અંધકારને નાસવું પડે. માનવ જીવનમાં આ પર્વ આત્મશુદ્ધિનો એટલા માટે મનાય છે કે દીપક એ જ્ઞાનનો પ્રતિક છે. માનવ જીવનમાં જ્ઞાનનો પ્રકાશ અજ્ઞાનના અંધકારનો નાશ કરે છે.

આજથી ૨૦૪ વર્ષ પહેલાં એક સમયે આસો માસમાં શ્રી સહજાનંદ સ્વામી જેઠી ગંગારામભાઈને ઘરે બિરાજમાન હતા. ત્યાં કચ્છમાંથી તથા સોરઠ દેશમાંથી હરિભક્તો તેમના દર્શનાર્થે પધારેલા. એ સમયે ગંગારામજેઠીએ શ્રીજી મહારાજને વિનંતી કરતાં બે કર જોડીને જણાવ્યું કે, "હે મહારાજ ! હવે થોડાજ દિવસમાં દિવાળી આવે છે. આપશ્રી સર્વ અવતારના અવતારી છો. આપશ્રી અહિં જ ભુજ મધ્યે દિવાળી અને અન્નકૂટોત્સવ ઉજવી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવા કૃપા કરો." ત્યારે કૃપાવશાત્ સહજાનંદ સ્વામી એ ઉમંગથી કહ્યું કે, "બહુ સારૂં, અમે દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ અહીં દેશદેશાવરથી ભક્તોને બોલાવીને ઉજવીશું."

બીજી તરફ શિવરામ મહેતા, હરજીવન મહેતા તથા લાધીબાઈએ પણ શ્રીજી મહારાજને અન્નકૂટોત્સવ ઉલ્લાસભેર ઉજવવા વિનંતી કરી. શ્રીજી મહારાજે આ મહા મહોત્સવ દબદબાપૂર્વક ઉજવવા આજ્ઞા આપી. પર્વની ઉજવણીમાં લાભ લઈ શકે તે માટે શ્રીહરિએ કચ્છમાં, ગુજરાત સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ, હાલાર આદિ સ્થળોએ નિમંત્રણ પત્રિકાઓ મોકલાવી.

નિમંત્રણ પત્રિકામાં એમ લખાવ્યું જે.....

લીખાવીતં સ્વામી શ્રી ૧૦૮ સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ સર્વ બાઈભાઈઓ અમારા જય સ્વામિનારાયણ વાંચજ્યો. વિશેષ લખવાનું કે સંવત ૧૮૬૨ ના કાર્તિક સુદ-૧ ને દિવસે ભુજનગરને વિષે અન્નકૂટનો ઉત્સવ છે. માટે તમો સર્વ બાઈભાઈ આબાલ વૃદ્ધ મળીને ઉત્સવ પર આવજો."

દિવાળીના દિવસે સહજાનંદ સ્વામીએ મુક્તો સહિત ભુજના હમીરસરમાં સ્નાન ક્રિયા કરી. ત્યારબાદ સ્વચ્છ સુંદર વસ્ત્રો ધારણ કર્યા. બીજી તરફ હરિભક્તો મુનિઓ તૈયાર થયા ત્યાં શિવરામ મહેતા સુંદર સાજ સજાવીને શ્રીજી મહારાજ માટે હરડિ ઘોડી લાવ્યા અને ઘોડી પર બિરાજવા મહારાજને પ્રાર્થના કરી. મહારાજ બિરાજ્યા અને ઢોલ શરણાઈ અને બેંડવાજાની ધૂન્યો શરૂ થઈ. ભજન મંડળીઓ ભજન લલકારવા લાગી. આમ આ શોભાયાત્રા ભુજમાં ફરી વળી ને ઉતારે મહારાજને ભક્તો

વાજતે ગાજતે લાવ્યા.

લાધીબાના અન્નકૂટના સમૈયાનો ભાવ જાણી શ્રીહરિએ ભુજ નગરવાસીઓના મનમાં સમૈયામાં સેવા કરવા પ્રેરણા કરી. સૌએ વિચાર્યું કે આ તો ભગવાનની પ્રત્યક્ષ સેવાનો આપણને સૌને લાભ મળ્યો છે. એ સમયે અત્યાર જેટલી દળવાની, ખાંડવાની વિશિષ્ટ સગવડો નહોતી તેથી અનાજ દળવાની સેવા, ચોખા છડવાની સેવા, મસાલા દળવાની સાફ કરવાની સેવા, બળતણ લાવવાની સેવા, પાણી કૂવાઓમાંથી સિંચવાની અને વાસણોમાં ભરવાની સેવા તથા ઉતારા અને પાકશાળાની સેવાઓ લોકોએ સ્વેચ્છાએ સ્વીકારી.

અન્નકૂટનો પ્રસાદ બનાવવા બે પાકશાળાઓ તૈયાર કરાવવામાં આવી. જેની વ્યવસ્થા જેઠી ગંગારામ, જેઠી વાલજી, જેઠી ખીમજી, જેઠી મૂળજી તથા લોહાણા ઉકા, સેજપાલ, વલ્લભજી, ભગવાનજી, રામદાસ સુથાર, સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા બાઈઓમાં લાધીબાઈ, ગોમતીબાઈ, મૂળીબાઈ, જેઠીબાઈ, સુરજબા, બહેરખીબા આદિએ કરી. પ્રાગજી પુરાણી અને સુથાર હીરજીભાઈ પાકશાળા પર દેખરેખ સંભાળ રાખવા લાગ્યા. ભટ્ટ મહીદાસ, ભટ્ટ વિશ્વેશ્વર, ભટ્ટ કામેશ્વર, દવે ઈશ્વરલાલ, ગોર હરિરામ, ગોર ભવાનીદાસ આદિ બ્રાહ્મણો વિવિધ પકવાનો બનાવવા લાગ્યા.

શ્રી સહજાનંદ સ્વામીશ્રીની નિશ્રામાં દિવાળી અન્નકૂટ મહોત્સવના નિમંત્રણને પોતાનું અહોભાગ્ય સમજી દેશાંતરથી ભક્તો ભુજ આવવા લાગ્યા. પ્રથમ પાવર પટ્ટીના હરિભક્તો આવ્યા બાદમાં બન્ની, વાગડ, અંજાર ચોવીસી, ભુવડ ચોવીસી, હાલાર ચોવીશી તથા દેશાંતર ફરતા મુનિ મંડળો આવવા લાગ્યા. શ્રીજી મહારાજે પાકશાળા વિષે સૂરજબાને તથા બીજી પાકશાળા વિષે પ્રાગજી પુરાણીને પૂછીને કહ્યું કે અમારે આવતી કાલે કેટલા પકવાન તૈયાર થયા તે જોવા માટે આવવું છે. શ્રીજી મહારાજે પ્રાગજી પુરાણી તથા લાધીબાને પણ પોતાના આગમન વિષે જણાવ્યું કે, "તમો સૌ તૈયાર રહેજો અમે અન્નકૂટ ભરવા આવીએ છીએ."

મૂળજી બ્રહ્મચારી અને મુનિમંડળ સાથે શ્રીજી મહારાજ પાકશાળાઓએ પધાર્યા. ત્યારે આશ્ચર્યકારક ઘટનાઓ બનવા પામી. મહારાજ તો બે સ્વરૂપે થઈ ગયા. એક સ્વરૂપે પાર્ષદો સાથે તેઓ બાઈઓની પાકશાળામાં પધાર્યા. ત્યારે બાઈઓને થયું કે મહારાજ સૌ પ્રથમ આપણે ત્યાં પધાર્યા છે. એજ સમયે ભાઈઓની પાકશાળામાં બાલમુકુંદજીની મૂર્તિ સિંહાસન પર પધરાવી તેમના સમીપે અન્નકૂટ ધર્યો. અહિં ભાઈઓને એમ જણાયું કે શ્રીહરિ સૌ પ્રથમ આપણી પાકશાળામાં પધાર્યા છે. પરંતુ શ્રીહરિએ બાલમુકુંદની મૂર્તિ સમક્ષ અન્નકૂટ ધરાવી એ મૂર્તિને પોતાની મૂર્તિ વિષે લીન કરી. એ સમયે વિવિધ સંપ્રદાયના ભક્તોને પોતાના ઈષ્ટદેવ, રામ, કૃષ્ણ આદિકના દર્શન થયા. આ સ્વરૂપો શ્રીહરિમાં લીન થતાં દશ્યમાન થતાં આ સહજાનંદ સ્વામી તો અવતારોના અવતારી છે તેવી પ્રતીતિ ભક્તજનોને થઈ.

આમ શ્રી સ્વામિનારાયણ ભગવાને ભુજમાં દિવાળી તથા અન્નકૂટના ઉત્સવ ઉત્સાહભેર ઉજવ્યા છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પ્રસંગે રજત-સુવર્ણ તુલાની ભેટ આપવા અંગે

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ દ્વારા આયોજીત રજત-સુવર્ણ તુલા પ્રસંગની ભેટ અને વસ્તુ રૂપે આપવા માટે વાડજ વિસ્તારના હરિભક્તોને વાડજ મંદિરમાં પહોંચ બુક આપવામાં આવેલ છે. તેજ રીતે રાણીપ વિસ્તારના હરિભક્તોને રાણીપ મંદિર અને શાહીબાગ આદિ વિસ્તારના હરિભક્તોને નારણઘાટ મંદિર ખાતે પહોંચ બુક આપવામાં આવેલ છે. તેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૮ મા પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં સાબરકાંઠાના આકરૂંદ (તા. બાયડ) ગામના શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય સભ્ય પ.ભ. ચંદ્રેશકુમાર જે. પટેલે શ્રી સ્વામિનારાયણ માસિકના ૩૮ વંશપરંપરાગત સભ્યો બનાવ્યા છે. જેમને ખૂબ ખૂબ ધન્યવાદ.

(જે.કે. સ્વામી)

# પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ઈડર ખાતે ૩૮મો પ્રાકટ્યોત્સવ



- શાસ્ત્રી હરિજીવનદાસ (હિંમતનગર)

સાબરકાંઠાના ઈડર ખાતે શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૮ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા સ.ગુ. રઘુવીરચરણદાસજી સ્વામી (સોકલી) તથા ટોરડા મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા કોઠારી સત્યસંકલ્પ સ્વામી તથા શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર) તથા સ.ગુ. વાસુદેવચરણ સ્વામી (અમદાવાદ) તથા શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજી (સોકલી) વગેરે સંતો વર્ષ અગાઉથી ઉત્સવની તૈયારીમાં લાગી ગયા હતા. જન્મોત્સવને શાનદાર ઉજવવા માટે સાબરકાંઠાના તથા ઈડરદેશના સત્સંગીઓએ તન, મન, ધનથી કમર કસી.

જન્મોત્સવના અંગભૂત ગામડાઓમાં પ્રભાતફેરી, ૩૮ મહાપૂજાઓ, વૃક્ષારોપણ તથા હિંમતનગર ખાતે વ્યસન મુક્તિ રેલીનું આયોજન થયું હતું. ઉત્સવ દરમ્યાન રક્તદાન શિબિર તથા ૩૮ ગામોની પદયાત્રાઓ ઈડર પંહોંચી હતી.

આ બધી પ્રવૃત્તિઓ અને સહકારના સથવારે ૩૮ માં જન્મોત્સવની છડી પોકારતો વિજયાદશમીનો સૂરજ ઉગ્યો, ઈડર મહંત સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ મોટા પાયે રસોડાની, સભા મંડપની શોભાયાત્રા વગેરેની તૈયારીઓ થઈ હતી.

વિજયા દશમીના વહેલી સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઈડર પધાર્યા. તેઓશ્રીના વરદ્ હસ્તે ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક કરવામાં આવ્યો. હજારો સંતો-ભક્તોએ દર્શનનો લહાવો લીધો. ત્યારબાદ ૩૮ કલાકની મહામંત્રની ધૂન તથા ૩૮ મહાપૂજાઓની પૂર્ણાહુતિ થઈ. છપ્પન ભોગ અન્નકૂટની આરતી પણ પૂ. મહારાજશ્રીના હસ્તે સંપન્ન થઈ. વિશિષ્ટ રીતે શણગારેલાં ટ્રેકટરોમાં પૂ.મહારાજશ્રી તથા સંતો બિરાજ્યા. અનોખી બેન્ડ પાર્ટી અને શોભા શણગાર સાથે હજારો હરિભક્તો કીર્તનોની રમઝટ સાથે શોભાયાત્રામાં સામેલ થયા હતા. આખા ઈડર શહેરમાં સ્વામિનારાયણનો ડંકો વગાડીને શોભાયાત્રા શ્રીજી બાયોસીડસ, લાલોડા રોડ ખાતે આવી. ત્યાં વિશાળ

શમીયાણાઓમાં સૌ પોતપોતાના સ્થાન પર ગોઠવાઈ ગયા.

આશરે પંદર હજાર હરિભક્તો અને ૨૦૦ સંતોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રઘોષથી સભાનો શુભારંભ થયો. પ્રથમ જન્મોત્સવના આયોજક સ.ગુ. જગદીશપ્રસાદદાસજી સ્વામીએ પૂ.મહારાજશ્રીને હારતોરા કરીને આશીર્વાદ લીધા. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર), મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર), મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર), શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજી (લાલોડા) તથા મંડળના સંતો તથા સ્કીમકમિટી સભ્યોએ ૩૮ દિવેટોની મહાઆરતીથી પૂ. મહારાજશ્રીનો જન્મોત્સવ ઉજવ્યો. શતં જીવ શરદઃ ના ગગન ભેગી નાદો વચ્ચે પ.પૂ. મહારાજશ્રીએ કેકનું કટીંગ કર્યું. એ મંગળ ઘડીને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. પૂ. પી.પી. સ્વામી (જેતલપુર) એ જાહેરાત કરતા ઈડર મંદિરના દર્શનીય ચરણારવિંદની જોડ ઈડર મહંત સ્વામીએ મ્યુઝિયમમાં પધરાવવા માટે પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરી. ત્યારે પ.પૂ. મોટા મહારાજશ્રીએ અપાર રાજીપો દર્શાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય યજમાન, સહ યજમાનો તથા નાની મોટી સેવા કરનાર દરેક હરિભક્તોએ પ.પૂ. મહારાજશ્રીને હારતોરા કરીને આશીર્વાદ લીધા હતા. હરિભક્તોએ તથા ઈડરના મુસ્લિમ બિરાદરોએ લાગણી ભાવથી મહારાજશ્રીને ૩૮ ફૂટના ફળ, ફુટ અને ફુલના હાર ધરાવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગરથી પધારેલ શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી તથા અમદાવાદ, જેતલપુર, મૂળી, છપૈયા, સિધ્ધપુર, ગાંધીનગર આદિ ધામોધામથી પધારેલા સંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સાબરકાંઠાના સત્સંગીઓએ જન્મોત્સવ નિમિત્તે ૨ કરોડ મંત્રલેખન, હજારો મંત્રજાપ, પ્રભાતફેરીઓ, વચનામૃત આદિની પારાયણો, મહાપૂજાઓ વગેરે ભક્તિમય નિયમો લઈને અનોખી રીતે જન્મોત્સવની ઉજવણી કરી. તેની જાહેરાત કરીને હિંમતનગર મહંત સ્વામી હરિજીવનદાસજીએ તેની અર્પણ વિધિ કરી હતી. મહોત્સવમાં પોતાની આગવી સૂઝ અને સેવા બદલ ઈડર મંદિરના કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસજી તથા સભા સંચાલક સ.ગુ. વાસુદેવચરણ સ્વામીને હાર પહેરાવીને પૂજ્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. સુંદર આયોજન બદલ સમગ્ર સંત સમાજ તરફથી મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સભામાં જન્મોત્સવ નિમિત્તે પ.પૂ. મહારાજશ્રીના (તેઓશ્રીના પપ્પાશ્રી)ના આશીર્વાદ માગ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાની આગવી શૈલીમાં કહ્યું કે અમારા ધર્મકુળના જન્મોત્સવો, જનોઈ સંસ્કાર, રજત જયંતી જેવા ઉત્સવો પાછળ ક્યારેય વ્યક્તિપૂજાનો ભાવ હોતો નથી. પરંતુ આ નિમિત્તે વિશેષ ભજન થાય અને સત્સંગમાં જાગૃતિ આવે એજ હેતુ હોય છે. પ.પૂ. મહારાજશ્રીએ પ્રવચનમાં શુભેચ્છાઓ તથા ભાવનાઓ વ્યક્ત કરનારા સંતો-હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોના ગુરૂ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પણ આ પ્રસંગે બહેનોને આશીર્વાદ આપવા ખાસ પધાર્યા હતા.


આ પ્રસંગે પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ઈડર દર્શન ડી.વી.ડી. તથા ઉત્તમાનંદ સ્વામી વિરચિત પ્રશ્નોત્તર પ્રદીપક તથા બાલ સંસ્કાર નામે પુસ્તિકાઓનું વિમોચન થયું હતું. ઉત્સવમાં લાલોડા તથા મણીયોર ગામના સત્સંગીઓએ રસોડાની જવાબદારી ઉપાડી હતી. શોભાયાત્રાની સેવા સાપાવાડા ગામે તથા સભામંડપ અને સ્ટેજની સેવા હિંમતનગર, ઈલોલ ગામ દ્વારા થઈ હતી. પ.પૂ. મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળ અને સંતોના ઉતારા, જમવાની વ્યવસ્થા નેત્રામલી તરફથી હતી. મહાપૂજા-અન્નકૂટ ઉમેદગઢ દ્વારા, પાર્કિંગની સેવા સાબલવાડ, પદયાત્રીઓની સેવા અરોડા દ્વારા, ઉપરાંત સાચોદર વગેરે સાબરકાંઠાના સત્સંગીઓએ ખડેપગે સેવા બજાવી હતી. આ પ્રસંગે ડુંગરી ગામે પાણીની સુંદર વ્યવસ્થા કરી હતી.

# નિર્વિકલ્પ ઉત્તમ અતિ પદની રચના

- બારોટ પિયુષકુમાર બળદેવભાઈ (ઝુલાસણ)

પરાત્પર પરબ્રહ્મપૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપ, તેમની કલ્યાણકારી અને મહા પ્રતાપી લીલા ચરિત્રો, તેમની વાણી, ઉપદેશ વગેરેનું સુંદર વર્ણન ભગવાનના સમકાલિન નંદ સંતો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી, સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી, સદ્‌ગુરુ શતાનંદ સ્વામી, સદ્‌ગુરુ મંજુકેશાનંદ સ્વામી આદિ કવિઓએ અસંખ્ય કીર્તનો દ્વારા કર્યું છે. આ કીર્તન સ્વામિનારાયણ સંપ્રદાયના હૈયાનો હાર છે. સત્સંગનો આત્મા છે. અને હરિભક્તોનો પ્રેમ દર્શાવવાનો રસ્તો છે.

આપણા શાસ્ત્રો તથા નંદ સંતોના મત પ્રમાણે ભગવાનની નવધા ભક્તિમાં કીર્તન ભક્તિનું સ્થાન બહું ઉંચું છે. અને તેના દ્વારા ભગવાનના એ દિવ્ય અને અલૌકિક સ્વરૂપમાં જોડાવવાનો માર્ગ સફળ તથા સુગમ બની જાય છે.



શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ કીર્તન ભક્તિ અંગે ઘણા ઠેકાણે ઉલ્લેખ કર્યો છે. જેમ કે ગઢડા મધ્ય પ્રકરણ ૧૯ મુજબ "અને ત્યાં (ગોલોકમાં) કેટલાક તો પરમેશ્વરનાં કીર્તનો ગાય છે. તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે અને તે કીર્તન ગાતા જાય અને ડોલતા જાય, જેમ કેફે કરીને ગાંડા થયા હોય ને તે ડોલે ને ગાય, તેમ કીર્તન ગાય ને ડોલે, પછી અમે પણ એ ગાવતા હોય તે ભેળા જઈને ત્યાં ને ત્યાં કીર્તન ગાવવા લાગ્યા."

નંદ સંતો રચિત આવા અનેક કીર્તનો કોઈને કોઈ પ્રસંગો પાત, કોઈ ઘટના કે મહારાજના અલૌકિક દિવ્ય સ્વરૂપની નિષ્ઠા વધારી તેમની સાચી ભક્તિ તથા યોગ્ય માર્ગ આપણા માટે ખુલ્લો અને સરળ કરી આપે છે.

જ્યારે કોઈ કીર્તન તેના આવા માહાત્મયને સમજીને શ્રીહરિ સમીપ ગાવામાં આવે ત્યારે થતો અનુભવ ફક્ત ગાવા કરતાં અનેક ઘણો વધારે હોય છે.

આજે અહીં આવું જ એક કીર્તન પદ કે જે નિત્ય દરેક સત્સંગીઓ આપણા મંદિરોમાં સમૂહમાં ભગવાનની આરતી બાદ ગાન કરે છે. જેની રચનાનો પ્રસંગ તથા તેના દ્વારા ભક્તોને મળેલી એક જીવન જીવવાની રાહનો સુંદર ખ્યાલ અહીં રજુ કરેલ છે.

સુરતના ભાવુક ભક્ત અરદેશર કોટવાળ તથા હરિભક્તોના ભાવભર્યા નિમંત્રણથી શ્રીજી મહારાજ વિ.સં. ૧૮૮૧ ના કાર્તિક વદ સાતમને શનિવારે સુરત પધાર્યા હતા. સુરતમાં શ્રીજી મહારાજનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું અને પછી શ્રીજી મહારાજ સુરતમાં નવ દિવસ લાલકૃષ્ણની વાડીમાં રહ્યા. આ સમય દરમિયાન સુરતમાં ત્યાંના નવાબ અફઝુલુદીન, અરદેશર કોટવાળ તેમના ભાઈ પીરોજશાહ, ઉપરાંત અંગ્રેજ ન્યાયધિશ એન્ડરસન, અંગ્રેજ અમલદાર મિ. હેરન તથા મિ. રોમરે, બેહરેમદખાન વગેરેના ઘરે મહારાજે પધરામણી કરી સૌએ અદ્‌ભુત સ્વાગત સામૈયું કરીને મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

આ અરસામાં એક દિવસ શ્રીજી મહારાજ સર્વે સંતો સાથે અરદેશર કોટવાળના બંગલેથી પધરામણી કર્યા બાદ પોતાના ઉતારે જઈ રહ્યા હતા ત્યારે મીરઝાના ચકલામાંથી પસાર થઈ રહ્યા હતા તે વખતે આ મીરજાના ચકલામાં ગાન કળામાં કુશળ અનેક તવાયફો રહેતી હતી. સમી સંધ્યા ટાણે

આ તવાયફોનો ધીમો માદક સૂર વાતાવરણમાં પ્રસરી રહ્યો હતો. આ સૂર એવો હતો કે જો તેનું શ્રવણ થાય તો વ્યક્તિ ઘડીક થંભી જાય. આ શ્રીજી મહારાજની સવારીમાં સંગીતમાં પ્રવિણ એવા કલાપારખું પ્રેમાનંદ સ્વામી પણ હતા આ માદક સૂર સ્વામીને સંભળાયો કે તેમનું મન તે તરફ ખેંચાયું અને તેમની ચાલ ધીમી થઈ ગઈ. સર્વે સંતો ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યા અને આ પ્રેમાનંદ સ્વામી પાછળ પડવા લાગ્યા. પોતાની સ્થિતિનો પણ તેમને ખ્યાલ રહ્યો નહી તેવા તલ્લીન બની ગયા. પરંતુ શ્રીજી મહારાજના ધ્યાનમાંથી આવી બાબતો ક્યાંથી છટકે ? તેમણે માણકીને પાછી વાળી અને આ તવાયફના રાગમાં તલ્લીન બનેલા આ પ્રેમાનંદ પાસે જઈ તેમને ઢંઢોળ્યા અને મીઠો ઠપકો આપતાં કહ્યું કેમ સ્વામી આ રાગના અને સંગીતના પ્રેમને કારણે આજે પોતાની જગ્યાએથી પાછળ રહી ગયા ?

પ્રેમાનંદ સ્વામી તરત જ આ મીઠી ટકોરને સમજી ગયા. અને મહારાજની ગદ્‌ગદ્‌ કંઠે માફી માગી. મહારાજ બોલ્યા સ્વામી સંગીતને તમારી વશમાં કરવાનું હોય આ તો સંગીતે તમને વશ કરી લીધા. ત્યાર બાદ બધા સંતો શ્રીજી મહારાજ સાથે ઉતારે પહોંચ્યા.

શ્રીજી મહારાજે રાત્રે પ્રેમાનંદ સ્વામીને બોલાવીને સમજાવ્યા અને કહ્યું સ્વામી આ સંગીતની કલા ભલે ઉત્તમ છે. પણ આ કલા જે પ્રભુ માટે તથા તેની સાધનામાં વપરાય કે ઉપયોગમાં આવે તો તે સાર્થક ગણાય પરંતુ આ કલા લોકોના આનંદ અને આર્થિકોપાર્જન માટે વપરાય તો આવી કલાનું મૂલ્ય ન રહે. ઉપરાંત આ પ્રકારના સંગીતનો આનંદ ક્ષણિકજ રહે. જ્યારે આ કલાનો યોગ્ય રસ્તે ઉપયોગ થાય તો તે જીવનને આનંદ અને ભગવાનપણાની દૃઢતા તથા નિષ્ઠામાં વધારો કરનારી બને છે.

શ્રીજી મહારાજે સ્વામીને ઠપકો આપતાં કહ્યું કે "આના પ્રાયશ્ચિતરૂપે તમારે ચાંદ્રાયણ વ્રત કરવું પડશે". આ સાંભળતાં જ પ્રેમાનંદ સ્વામી નત મસ્તકે બોલ્યા "ભલે મહારાજ". જેવી આપની આજ્ઞા. બીજા દિવસથી સ્વામીએ આ વ્રત શરૂ કર્યું. અને મુક્તાનંદ સ્વામીના દર્શને ગયા અને ચોધાર આંસુ સાથે રડી બધી વાત કહી. સાથે સાથે કહ્યું કે "સ્વામી આપ તો સત્સંગની મા છો અને આ સત્સંગના બધા જ નિતી નિયમો ફરીથી દૃઢ થાય તે મને કહો. જેથી આ પ્રકારે બીજીવાર મહારાજની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય." પછી મુક્તાનંદ સ્વામીએ બધા જ નિતી નિયમો તથા ઉપદેશની વાત શરૂ કરી. આ વાત ત્રણ ત્રણ દિવસ સુધી ચાલી. આ વાતોમાંથી પ્રેમાનંદ સ્વામીએ હંસ જેમ મોતી વીણે તેમ એક એક વાતને યાદ રાખી આ સર્વે વાત તથા શબ્દોને એક પદમાં પ્રયોજી સુંદર દોહાબંધ વાળા પદની રચના કરી. આ સમગ્ર રચનાને પ્રથમ પોતે કંઠસ્થ કરી અને ચોથા દિવસે શ્રીહરિ જ્યારે સભા ભરીને બેઠા હતા ત્યારે નત મસ્તકે બે હાથ જોડી ઉભા રહ્યા અને પોતાની આ નવીન રચના બોલવા લાગ્યા.

**"નિર્વિકલ્પ ઉત્તમઅતિ, નિશ્ચય તવ ઘનશ્યામ,**
**માહાત્મજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક**
**સુખધામ."**

દરેક કડીની પૂર્ણાહુતિ સમયે દંડવત પ્રણામ કરી મહારાજના મુખની લાવણ્યતાથી પોતાના પદની ખરાઈ કરતા હતા. સાથે સાથે મહારાજ પોતાના મસ્તકને હલાવી એક એક કડીને સાંભળતા હતા. સ્વામીએ પદમાં જ્યારે છેલ્લી લીટીમાં "પ્રેમાનંદ કહે ધામમેં જાઓ નિઃશંક જગજીત" કહી જ્યાં સાષ્ટાંગ દંડવત પ્રણામ પુરો કરી સ્વામી ઉભા થયા ત્યારે શ્રીજી મહારાજ તેમને ભેટી પડ્યા અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો.

અને એજ દિવસે સંધ્યા આરતીમાં આરતી પછી ધૂન વગેરે થઈ રહ્યું એટલે શ્રીજી મહારાજે પ્રેમાનંદ સ્વામી પાસે "નિર્વિકલ્પ ઉત્તમ અતિ" પદ ગવડાવ્યું અને પછી ઘોષણા કરી કે આ પદને અમે આજથી નિત્ય પાઠમાં રાખીયે છીએ તે સંધ્યા આરતી પછી સૌ બોલજો અને જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ આ પદ ગાશે તેને લઘુ શિક્ષાપત્રીનો પાઠ કર્યો તેમ સમજવું.

અને ત્યારથી લઈ આજ દિન સુધી દરેક શિખરબધ્ધ અને ગામડાના હરિ મંદિરો અને દેશ-વિદેશના મંદિરોમાં નિત્ય સંધ્યા આરતી બાદ આ પ્રેમાનંદ સ્વામીની કૃતિનું ગાન થાય છે અને એ પણ કોઈ વાદ્ય વગર અને દંડવત સાથે ગવાય છે.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મ-પ્રવાસ

- શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વ કારણના કારણ અને સર્વ સ્વતંત્ર હોવા છતાં ભક્ત પ્રેમ અને ભક્ત-ભાવના આગળ પરતંત્ર અને પરવશ વર્તતા. જે ભક્ત પોતાનાં મનનું ગમતું છોડી ભગવાનના ગમતામાં રહે છે તેવા ભક્ત આગળ પ્રભુ પણ પોતે હારીને ભક્તના ગમતામાં રહે છે. ભગવાન શ્રીહરિની એ પરંપરા એમના વંશમાં પણ ચાલી આવે એમાં કોઈ આશ્ચર્ય નથી.

પોતાના જીવન-નિર્વાહ કે અભ્યાસાર્થે ઓસ્ટ્રેલીયા જેવા દૂર દેશમાં વસતા ભક્તોના આગ્રહ અને આમંત્રણને સ્વીકારી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંતમંડળ સાથે માત્ર અને માત્ર ભક્તોને સત્સંગ-દર્શનનો લાભ મળે ને ત્યાં પણ તેમના પંચવર્તમાન અને નિષ્ઠા બળવાન થાય એવા જ માત્ર એક હેતુથી તા. ૨૧-૧૦-૨૦૧૦ થી તા. ૦૨-૧૧-૨૦૧૦ પર્યંત ઓસ્ટ્રેલીયાના ધર્મ પ્રવાસે પધાર્યા હતા.

સૌ પ્રથમ તા. ૨૦-૧૦ ની રાત્રીએ પર્થ પહોંચ્યા. મોડી રાત્રે પણ અનેક ભક્તો પૂ. મહારાજશ્રીના સ્વાગત માટે એરપોર્ટ આવ્યા હતા. સૌમ્ય છતાં દિવ્ય એવું નૈયું ત્યાં એરપોર્ટ પર જ ભક્તોએ અંતરના ભાવથી કર્યું ને ત્યારબાદ પૂ. મહારાજશ્રી પ્રેમજીભાઈ ખેતાણીને ત્યાં ઉતારે પધાર્યા. ૩ દિવસ સુધી સર્વે સત્સંગીઓને પૂ. મહારાજશ્રીએ દર્શન-આશીર્વાદ પધરામણીનું ખૂબ ખૂબ સુખ આપ્યું. રોજ સાંજે હોલમાં દિવ્ય સત્સંગ સભા થતી જેમાં અનેક ભક્તોએ સત્સંગનો લાભ લીધો. યુ.કે. આફ્રિકાથી આવેલ ભક્તો તથા અહીંથી ગયેલા વિદ્યાર્થીઓ સર્વેના દિલ પૂ. મહારાજશ્રીએ જીતી લીધા. પર્થ ખાતે આપણા મંદિરની જગ્યા લેવાઈ ચુકી છે. તે જગ્યાની મુલાકાતે પણ પૂ. મહારાજશ્રી પધાર્યા હતા. પ્રમુખશ્રી રવજીભાઈ તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે મંદિર ઝડપથી બંધાય તેવી પ્રાર્થના પૂ.મહારાજશ્રીને કરી હતી. સૌ ભક્તોને રાજી કરી યુવાનોને પોતાના વિશેષ સાનિધ્યનું સુખ આપી આપણો આ સત્સંગ એ આપણું કુટુંબ છે. સૌ સંપીને ભજન કરજો તેવી શિખ આપી પૂ. મહારાજશ્રી ત્યાંથી બ્રિસબન પધાર્યા.

પ.પૂ. મહારાજશ્રી ગાદી પર પદારુઢ થયા બાદ પ્રથમ જ વખત બ્રિસબન પધારતા હોઈ સર્વ ભક્તોમાં અતિ આનંદ હતો. બ્રિસબનમાં મૂળ ભારતીય પરંતુ વર્ષો પહેલા ફીજી જઈ સ્થાયી થયેલા તથા ત્યારબાદ ત્યાંથી ઓસ્ટ્રેલીયા આવેલા આપણા ઘણા સત્સંગી તથા કેટલાક અહીંથી જ અભ્યાસાર્થે તથા વેપાર અર્થે ગયેલા ભક્તો વસે છે. સત્સંગ સમુદાય સંખ્યાની દૃષ્ટિએ નાનો હોવા છતાં ભક્તોની ભાવના અને પ્રેમ જોઈ પૂ. મહારાજશ્રી ખૂબ રાજી થયા. પૂ. મહારાજશ્રી આજથી ૧૬ વર્ષ પહેલા પૂ. લાલજી મહારાજશ્રી સ્વરૂપે ત્યાં પધારેલા તે આજે ફરીથી પધારેલ જાણી સર્વે ખૂબ રાજી થયા. ભાસ્કરભાઈ, જગદીશભાઈ, જીતેનભાઈ, મુળજીભાઈ આદિ પરિવારોના આનંદનો પાર ન રહ્યો. બે દિવસ સાંજે સુંદર સત્સંગ સભાઓ થઈ. બ્રિસબનથી એક દિવસ સવારે પૂ. મહારાજશ્રી ત્યાંથી થોડે દૂર ગોલ્ડ કોસ્ટ પધાર્યા હતા ને ત્યાં પણ સુંદર સત્સંગ સભાનો લાભ આપ્યો હતો. સીડની તેમજ પર્થથી પણ ભક્તો પૂ. મહારાજશ્રીના દર્શન માટે બ્રિસબન આવ્યા હતા. ત્રણ દિવસ સુધી સૌ ભક્તોને હરિરસમાં ભીંજવીને પૂ. મહારાજશ્રી ત્યાંથી મેલબોર્ન પધાર્યા.

મેલબોર્નના ભક્તો કાગડોળે પૂ. મહારાજશ્રીની રાહ જોઈ રહ્યા હતા. પૂ. મહારાજશ્રીના દર્શનથી સૌ ધન્યભાગી થયા. એરપોર્ટથી પ.પૂ. મહારાજશ્રી દિપકભાઈ રાઘવાણીના ઘેર ઉતારે પધાર્યા. ૪ દિવસના રોકાણમાં તો જાણે હર્ષ-ઉલ્લાસ અને આનંદની વર્ષા થઈ. દરરોજ સાંજે મંદિરમાં સત્સંગ સભા અને દિવસ દરમિયાન પધરામણીનો દિવ્ય લાભ સૌએ લીધો. યુવાનોની વિનંતીથી ૧ દિવસના ફીલીપ આઈલેન્ડના પ્રવાસનું પણ આયોજન થયું. પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં હરપળ હર ક્ષણ કંઈક નવું શીખવા મળે છે. એ વાતની અનુભૂતિ સૌ યુવાનોને થઈ. મંદિરના

આંગણામાં પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ફુલછોડનું રોપણ પણ થયું. દરરોજ સાંજની સભામાં સત્સંગ અને સમજણનો દિવ્ય ધોધ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સંતોની દિવ્ય વાણીમાં વહેતો રહ્યો. એક દિવસ સાંજે ઠાકરથાળી (રાસોત્સવ)નું પણ સુંદર આયોજન થયું. ભક્તોની માંગણી અને લાગણીને વશ થઈ રાત્રે આયોજીત બીબીક્યુ માં પણ ભક્તોને રાજી રાખવા પૂ. મહારાજશ્રી તથા સંતો સહભાગી થઈને સાથે બેસી સૌ પ્રસાદ જમ્યા. પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં દિવસો જાણે ક્ષણની જેમ વીતી ગયા. સૌને સત્સંગનું પિયુષ પાન કરાવી મંદિર પૂર્ણરૂપ જલ્દીથી તૈયાર થાય તેવા રૂડા આશિષ પાઠવી પૂ. મહારાજશ્રી ત્યાંથી એડીલેડ પધાર્યા.

એડીલેડનો સત્સંગ સમુદાય બહુ સિમિત હોવા છતાં ઉમંગ, ઉત્સાહ અને આનંદ અસિમિત હતો. ધામધૂમપૂર્વક પૂ.મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ થયું. ૨ દિવસના રોકાણમાં ૧ દિવસની સત્સંગ શિબિરમાં કથા-વાર્તાની સાથો સાથ જ્યારે પૂ. મહારાજશ્રી સ્વમુખે ભક્તોના હૃદયમાં રહેલી શંકાઓના જવાબ આપતા હતા ત્યારે જાણે વચનામૃતની સભા હોય તેવી અનુભૂતિ સહુને થઈ. બી[illegible] દિવસે પધરામણી અને સાંજની સભામાં ફરી કથા-કીર્તનની ઠોર જામી. બે દિવસમાં તો જાણે બે વરસનો આનંદ સૌ ભક્તોને મળી રહ્યાનું અનુભવાયુ. સૌ ભક્તોને ખૂબ ખૂબ આનંદ આપી, પંચવર્તમાન પાળી, નિષ્ઠાપૂર્વક ભગવાનના ભજનના આશિષ આપી પૂ. મહારાજશ્રી ભારત પરત આવવા પધાર્યા.

માત્ર બાર દિવસનો આ ટુંકો પ્રવાસ પણ સૌ ભક્તો માટે સત્સંગનો પોષક બની રહ્યો. સીડની, બ્રિસબેન, પર્થ અને એડીલેડમાં ઘણાં ભક્તો બીજા ગામ પણ સત્સંગનો લાભ લેવા પધાર્યા હતા. આ સમગ્ર પ્રવાસમાં પૂ. મહારાજશ્રીની સાથે અમદાવાદથી સંતમંડળમાં શ્રી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) તથા શ્રી રામસ્વામી (કોટેશ્વર) તથા હજુરી પાર્ષદ વનરાજ ભગત જોડાયા હતા. પર્થથી પ.ભ. શ્રી વિશ્રામભાઈ પણ સતત ૧૨ દિવસ પૂ. મહારાજશ્રીની સાથે જ સત્સંગનો લાભ લેવા હાજર રહ્યા હતા.

શ્રી નરનારાયણદેવની કૃપાથી આપણો આ મૂળ સત્સંગ વધુને વધુ વિશ્વવ્યાપી થાય તેવી પ્રભુને પ્રાર્થના.

(અનુસંધાન પેજ નં. ૬ નું)

આપણી વૈદિક અને પૌરાણિક સેવા પૂજા રીતિમાં પરમાત્માના દર્શન કરવાં તે શ્રેષ્ઠતમ પ્રાપ્તિ છે. તેમાં તીર્થયાત્રા કે નિત્ય પ્રત્યે ભગવાનનાં મંદિરે જવું તેની યથાવિધિ પ્રમાણે કરવાથી યથાર્થ ફળ મળે. દર્શન કરવા જવું તે કોઈ દૈહિક ક્રિયા નથી, પણ દેહભાવથી પર થઈને બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મનો સ્પર્શ-આનંદ-સ્વાદ લેવા જવાની સાધના છે. પોતાના દેહ, ધન, ધામ, પદ, પ્રતિષ્ઠાથી પર થઈને જ ભગવાન પાસે જવાની પ્રક્રિયા છે. અને બ્રહ્મરૂપ થવા માટે જવાનું હોય છે. દર્શન જેમ કોઈ દૈહિક ક્રિયા ખાવા પીવા સૂવા જેવી નથી. તેમાં ઉત્સાહ-વેગ જે લાખો જન્મોના સ્વપ્ના સાકર થઈ રહ્યા જેવી ઘટના સમાન આતુરતા જોઈએ. દર્શન અનેકવાર કર્યા હોય કે નિત્ય કરતા હોય પણ આતુરતામાં વધારો થાય જરાપણ મંદ ન પડે તો ખરા દર્શન થયા જાણીએ. બીજા કામે જતા. હોઈએ અને બાજુમાં મંદિર છે તો લાવો દર્શન કરીએ એ દર્શન નહિ પણ મુલાકાત વ્યવહાર કહેવાય. દર્શનનો

(અનુસંધાન પેજ નં. ૧૮ નું)

શ્રી નરનારાયણદેવ પીઠ શ્રી સ્વામિનારાયણ ગ્રંથમાળાનું ચતુર્થ પુષ્પ પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી પાંડે કવિવર 'કૂટ' કૃત "કૂટ કાવ્યાલોક" પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ મને આપ્યું. જે મારા માટે કૃપા પ્રસાદરૂપ એટલા માટે છે કે ધર્મવંશની તથા આચાર્યપદની ગરિમાના આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની અનેક કાવ્યકૃતિઓમાં દર્શન થાય છે. તથા માનવ જીવનના અનેકાનેક ક્ષેત્રનું જ્ઞાન, આરાધના, ઉપાસના અને કર્તવ્ય પરાયણતાના પણ તેમાં દર્શન થતા જ રહે છે. આ કૂટ કાવ્યલોકના સંપાદકો ઉચ્ચ સાહિત્ય વિદો ડૉ. ધનાનંદ શર્મા "જદલી", આચાર્ય રઘુનાથ ભટ્ટ, ડૉ. રઘુવીર ચૌધરી તથા ડૉ. વાચસ્પતિ મિશ્ર છે. પ્રકાશકીય નિવેદનમાં હિંદી સાહિત્ય પરિષદ અમદાવાદના અધ્યક્ષ ડૉ. અંબાશંકર નાગરે પ.પૂ. મોટા મહારાજશ્રી

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રી ના સાનિધ્યમાં

# બદ્રિનારાયણ - કેદારનાથ યાત્રા

-પ્રહલાદભાઈ પટેલ (કરજીસણવાળા)

જાત્રા કરવાથી જીવને શાન્તિ મળે છે. ભગવાનના દિવ્ય ચરિત્રોની ઝાંખી થાય છે. જાત્રાના સ્થળની મુલાકાતથી ભગવાન તે સ્થળે હાજર હોય તેવી અનુભૂતિ થાય છે. પુલ્હાશ્રમ, છપૈયા જેવા સ્થળે તો પ્રત્યક્ષ દર્શનનો અનુભવ થાય છે. તેમાં વળી મોટા પુરુષની સાથે રહીને જાત્રા કરી હોય તો તેનો પ્રત્યક્ષ પરચો પણ મળે છે.

બદ્રિનારાયણ - કેદારનાથ ભૂમિને શાસ્ત્રોમાં દેવ-ભૂમિ કહી છે. ત્યાં અત્યારે પણ ભગવાનનો સાક્ષાત્કાર થાય છે જ, પ.પૂ.ધ.ધુ ૧૦૦૮ શ્રી મોટા મહારાજશ્રી, સંતો હરિભક્તો સાથે તા.૦૫ ઓકટોબર, ૨૦૧૦ થી ૧૨ ઓક્ટોબર, ૨૦૧૦ સુધી બદ્રિનારાયણ મંદિરના પાટોત્સવ નિમિત્તે યોજેલ યાત્રા તો ખૂબજ યાદગાર બની રહેશે.

પમી ઓક્ટોબર, ૨૦૧૦ ના રોજ વહેલી સવારે પ.પૂ. મોટા મહારાજશ્રી, અમદાવાદ કાલુપુર મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સંતો, ઈન્ડિયા-અમેરિકાના હરિભક્તો સાથે મળી કીંગફિશર એરલાઈન્સથી અમદાવાદ- દિલ્હી -દેરાદૂન પહોંચ્યા ત્યાંથી સાંજે વાહન દ્વારા હરિદ્વાર શ્રી સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. ઉતારો કરી રાત્રે હરકીપૈઢી ગંગા નદીની આરતી કરવા પધાર્યા.

બીજે દિવસે સવારે સિચ્યાનંદ ઘાટે ગંગાસ્નાન કરી. સાંજે પ્રયાણ કરી બસ દ્વારા કેદારનાથની તળેટીમાં હિમાલય રિસોર્ટમાં પહોંચી આરામ કર્યો. સવારે હિમાલય હેલી સર્વિસ દ્વારા સેરસી હેલીપેડથી હેલીકોપ્ટર્સ દ્વારા કેદારનાથ શિવલીંગના દર્શને પધાર્યા. સુંદર પૂજાવિધિ કરી. કેદારનાથ યાત્રા ખૂબ જ કઠીન યાત્રા છે.

સવારે પ્રયાણ કરી ગુપ્તકાશી સંનડ્રાઈવ મોટેલ પહોંચ્યા. રસ્તામાં મોટા પહાડ ઉપરથી નાની - મોટી પથ્થરશિલા પડતી હતી ત્યાં થોડું ફસાયા પણ ખરાં. થોડી થોડી વારે પથ્થરો પડે ને પબ્લીક જાન બચાવી ભાગે થોડી ગાડી નીકળે ને રસ્તો બંધ થાય ! પૂ. મોટા મહારાજશ્રી તો નિર્વિઘ્ને આરામથી પહેલા જ નિકળી ગયા હતા પરંતુ ઘણા હરિભક્તો બાકી હતા તે માંડ માંડ, પડતા પત્થરો વચ્ચે કટકે કટકે સરકી જઈ સન ડ્રાઈવ મોટેલ પહોંચ્યા.

બીજે દિવસે પ્રયાણ કરી બદ્રિનારાયણ મંદિરે પહોંચ્યા. પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળા તરફથી આયોજીત શ્રીમદ્ સત્સંગિજીવન પંચમ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના શ્રીમુખે કથા સાંભળવાનો લ્હાવો મળ્યો. સાંજે મુખ્ય મંદિર બદ્રિવિશાલ ભગવાનના મંદિરે પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં આરતીનો લાભ લીધો. બીજે દિવસે વ્યાસગુફા, ગણેશ ગુફા, સરસ્વતી નદી, ભીમશીલા, વસુધરા, મુચકંદગુફા, ચરણપાદુકા, નીલકંઠપર્વત, અલકનંદા નદી તપ્તકુંડ, ગરુડ શીલા અને નારદશીલાના દર્શન કર્યા.

સવારે બદ્રિનારાયણ મંદિરનો પાટોત્સવ હોઈ શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક, અન્નકૂટ દર્શન, સંતવાણી પૂ.મોટા મહારાજશ્રીના આશીર્વાદ તથા મહાપ્રસાદનો લાભ લીધો. ઘણા હરિભક્તોએ બદ્રિનારાયણ નૂતન મંદિર તથા ઉતારા માટે દાન નોંધાવ્યું. ત્યાંના મહંત શાસ્ત્રી ગોલોકવિહારી સ્વામીએ પાટોત્સવ નિમિત્તે ખૂબ જ સારી વ્યવસ્થા કરી હતી.

બીજે દિવસે પાછા વળતા રસ્તામાં હનુમાન ચટ્ટી, (જ્યાં ભીમે હનુમાનજીનું વૃક્ષ સ્વરૂપ દેખી તાકાત બતાવવા કહ્યું કે હે વાનર ! તારી પૂંછ હટાવ મહેનત કરવા છતાં તે હલાવી પણ ન શકયો તે સ્થળ) તથા દેવભૂમિ માં અનેક પર્વતની હારમાળા, વનરાજી કિલકિલાટ કરતાં સ્પીંગ વોટરનાં શુધ્ધ ઝરણાં , દેખી ખૂબજ આનંદ થયો. રસ્તામાં તે જ પર્વત આડો આવ્યો જે પહેલા પણ નડયો હતો . આ વખતે તો તેનું રોદ્ર સ્વરૂપ જોયું. વૃક્ષો પડે મોટી ભેખડો પડે, મોટા પથ્થર, શિલાઓ ગડગડે, વૃક્ષના ડાળા છોલાઈ મૂળિયા ને થડ જ નીચે આવે. આ યાત્રામાં સહભાગી થવા ખાસ અમેરિકાથી અને લંડનથી ઘણા હરિભક્તો પધાર્યા હતા અને પોતાની જાતને ધન્ય ધન્ય અનુભવતા હતા.

# સત્સંગ સુરભિ

## આપ તો આપો આપ ખુદા છો

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

શ્રી સહજાનંદ સ્વામીએ, એ જમાનામાં ભરાતા મેળાઓનું સમૈયામાં રૂપાંતર કર્યું. વસંતપંચમી, હુતાશણી, રામનવમી આદિક તહેવારોને સમૈયા સાથે જોડી દીધા. સમૈયામાં સૌ કોઈ આવતાં, અહીં નાત-જાતનો બેદ ભૂલાતો અને સૌનાં જીવન ભક્તિભાવની અનેરી છોળોથી છલકાઈ જતાં.

આવો જ એક સમૈયો ગઢપુરમાં ભરાયો હતો. ઠેક ઠેકાણેથી ભક્તો આવેલા, અલાયદા ઉતારા હતા. શ્રીજી મહારાજ ઉતારે ઉતારે ફરે અને સૌનાં ખબર-અંતર પૂછે. ફરતાં ફરતાં વિસનગરનાં ભક્તોના ઉતારે જઈ મહારાજે પૂછ્યું, "કેમ ! ભજન-ભક્તિ બરાબર થાય છે ને ? કોઈ વિઘ્ન તો નથી ને ?'

"મહારાજ, આપની દયાથી ભજન-સ્મરણનું સુખ સારું મળે છે પણ દ્વેષ બહુ વધતો જાય છે."

"દ્વેષ કોણ કરે છે ?"

"મહારાજ સૂબાજી પોતે જ દ્વેષ કરે છે, વગર વાંકે નાત બહાર મૂકે છે, બંદીખાને પણ નાંખે. આપનું ભજન કરીએ એ એમને ખૂંચે છે. એકવાર તો ભર ઉનાળાની બપોરે અમને તડકે બેસાડી રાખેલા. અમે બળીએ અને સૂબા રાજી થકા તમાશો જુએ !"

"તોય તમે ભજન ન છોડ્યું ? ક્યાં સુધી તડકે રાખ્યા?"

"મહારાજ એ તો એમનાં સગાં બહેન ઉદયકુંવરબા તથા ભાણેજ બળદેવકુમારજીને સત્સંગનો રંગ ચઢી ગયો છે તે બંન્નેને ખબર પડી કે "અમને તડકે ઊભા રાખ્યાં છે" તો દોડતાં આવ્યાં અને અમારી જોડે એ બેઉ તડકે ઊભાં રહ્યા. સૂબાએ એમને વાર્યા તો કહેવા લાગ્યા કે અમે પણ સ્વામિનારાયણનાં સત્સંગી છીએ. બીજા સત્સંગીઓ જેમ રહેતા હશે તેમ અમે પણ રહીશું અમારે તો દેહનાં સગાં કરતાં આ સત્સંગી વિશેષ છે."

"ઓહોહો ! આવો પક્ષ રાખ્યો ?"

"હા મહારાજ ! એમની આવી ટેક જોઈને સૂબાજી પીગળ્યા અને અમને છાંયડે લીધા !"

"તમે પણ અમારાં સગાં છો. તમે તડકે બળો એ અમને પણ જરાય ન ગમે. અમારે વિસનગર આવવું જ પડશે." "ના ના મહારાજ ! જો જો આવતા ! સૂબાજી તો કહે છે કે જો સહજાનંદ અહીં આવે તો તૂરત પકડીને બંદીખાને કેદ કરી લઈએ."

"તો તો અમારે ચોક્કસ આવવું પડશે, તમે બધા નિશ્ચિંત થઈ ભજન કરતા રહેજો. ધીરજ ધરજો સૌ સારાં વાનાં થશે."

શ્રીહરિની અલૌકિક હેયા ધારણથી વિસનગરનાં ભક્તજનોનાં હૈયે પરમ શાંતિ થઈ. પરંતુ શ્રીજી મહારાજને ઓછું આવી ગયું, હૈયું ભરાઈ ગયું, ઉદાસ પણ થઈ ગયા ! "ભક્તો ભગવાનનું ભજન કરે..... નિર્મળ જીવન જીવે... છતાં આવો દ્વેષ ! આજે ભક્તોનાં દુઃખે ભગવાન દુઃખી થઈ ગયા.

સમૈયો તો વિખરાયો. આજ્ઞા લઈ સૌ પોત પોતાના ગામ તરફ ગયાં. એક રાત્રિએ બધા ગાઢ નિંદ્રામાં હતાં ત્યારે મહારાજ એકલા ચાલતાં નીકળી પડ્યા, ન તો માણકી લીધી કે ન મોજડી પહેરી ! થોડીવારે મહારાજને ઢોલિયા પર જોયાં નહિ એટલે મૂળજી બ્રહ્મચારીને ફાળ પડી ને શ્રીજી મહારાજની પાછળ તેમણે પણ ચાલવા માંડ્યુ. મહારાજે જોયું કે બ્રહ્મચારી પાછળ આવે છે એટલે એમણે અંતર ઘટાડી પથ્થર ફેંકવા માંડ્યા ! આજ્ઞા વગર કેમ અનુસર્યા ! પરંતુ સેવક તો પથ્થરને ઝીલતાં સામે પગલે ચાલતા રહ્યાં "મહારાજ ! જ્યાં તમે ત્યાં હું, દેહ પડશે તોય હું મારી ફરજ ચૂકીશ નહિ."

મૂળજી બ્રહ્મચારીની નિષ્ઠા જોઈ મહારાજ પ્રસન્ન થયા. છેવટે એમને સાથે લીધા.

વહેલી સવારે ઝાકળ એટલું વરસેલું કે મહારાજનાં ગાત્ર ભીંજાઈ ગયા. પથરાળ ધરતીમાં રસ્તો કાપતાં બેઉ

વિસનગર આવ્યાં અને ઉદયકુંવરબાઈ ને ઘેર ઉતારો કર્યો.

અવનિપતિને અણધાર્યા આવેલાં જોઈ બાઈનાં હરખનો પાર ન રહ્યો. અછો અછો વાનાં કરવાં લાગ્યા. 'મહારાજ અમારે આંગણે આવ્યા છે' એ જાણી સમગ્ર વિસનગરનાં ભક્તો દર્શને ઊમટ્યાં.

મહારાજે ઉદયકુંવરબાના પુત્ર બળદેવકુમારને કહ્યું કે તમારા મામાને અમારા આવ્યાનાં સમાચાર આપો અને કહો કે અમે ત્યાં આવીએ કે તેઓ અહીં આવશે ! "અરે મહારાજ ! મામાને મળવા જેવું નથી. કંસમામા ના વંશજ છે ! આપના બહુ દ્વેષી છે, તમને પકડીને કેદ કરશે તે અમારાથી નહીં જોવાય !"

'બળદેવજી સૂબા ભગવાનથી ય મોટા થયા ?'

"ના મહારાજ ! જીવ ક્યારેય ભગવાન ન થાય !"

"બસ ત્યારે ! ભગવાનનું ધાર્યું જ થશે. જીવ ઊંચા-નીચા થાય એ એની પ્રકૃતિ છે."

બળદેવજી એ સૂબા પાસે જઈ વાત કરી કહ્યું, "બોલો મામા ! તમે ત્યાં આવો છો કે અમારા પ્રભુ અહીં આવે ?"

સૂબાજી તો આ સાંભળી લાલ-પીળા થઈ ગયા. એમણે ક્રોધમાં કહ્યું, "સાથે કોણ કોણ આવ્યા છે ?

"તેઓ પોતે એકલાં જ છે, સાથે એક બ્રહ્મચારીજી છે!"

સૂબાએ તરત એક આરબ જમાદારને બોલાવી કહ્યું, "ત્રીસ આરબોને હથિયારથી સજ્જ કરી બળદેવના ઘેર જાઓ, ત્યાં સહજાનંદ આવ્યા છે - એમને પકડીને બાંધીને અહીં લઈ આવો."

બળદેવજી તો હતપ્રત થઈ ગયા !

મહારાજ તો અંતર્યામી બધું જાણે. એમણે બ્રહ્મચારીને આજ્ઞા કરી કે આખા શરીરે ભભૂત લગાવી દો" બ્રહ્મચારીએ તૂરત ભભૂત ભૂંસી.

'હવે વીર આસને બેસી જાઓ ને લો આ સોટી. અમે જેની સામે સાન કરીએ તેના સામે આ સોટી ધરજોને બીજા ઈશારે બીજો છેડો ધરજો.'

"ભલે મહારાજ ! જેવી આજ્ઞા." કહી બ્રહ્મચારી તો વીર આસન લગાવી બેસી ગયા. એટલામાં ત્રીસ આરબો સાથે જમાદાર આવી પહોંચ્યો. એણે સૂબાનો હૂકમ સુણાવ્યો. મહારાજ કંઈ બોલવા જાય ત્યાં તો 'પકડો બાંધો' નો હૂકમ થયો. જમાદાર પોતે નજીક આવ્યો. ત્યાં તો મહારાજે ઈશારો કર્યો અને બ્રહ્મચારીએ સોટી લાંબી કરી કે જમાદાર ભોંય પર પડ્યા. એમને સમાધિ થઈ ગઈ! આ જોઈ બીજા આરબ તો ડઘાઈ જ ગયા. કોઈ આગળ ન આવ્યા. ટૂંકી સમાધિમાં મહારાજે જમાદારને ઘણું બતાવી દીધું. એમણે મહારાજને ખુદાતાલા રૂપે જોયા! શ્રીહરિના કહેવાથી બ્રહ્મચારીએ સોટીનો બીજો છેડો લાંબો કર્યો. જમાદાર સમાધિમાંથી બહાર આવ્યા. એ ઊભા થઈ મહારાજના ચરણોમાં પડી ગયા !

"આપ તો ખુદાતાલા છો, મારી બે અદબી બદલ દરગુજર કરજો. કહી વારંવાર નમ્યા ને માફી માંગી. આ જોઈ બીજા ત્રીસ આરબોએ પણ યા અલ્લાહ ! કહી માથાં નમાવ્યાં."

આરબની બેરખ મહારાજને લીધા વગર પાછી ફરેલી જોઈ સૂબાજી ક્રોધે ભરાયા. પરંતુ જમાદારે તો સાફ સાફ કહી દીધું. "માલિક ! એ તો આપોઆપ ખુદા છે. એમની સાથે બાથ ન ભીડાય ! હું બીજા શત્રુઓ સાથે લડીશ પણ ખુદાની સામે નહી લડું." બંદૂક નીચે મૂકી જમાદાર બેસી ગયા. કહેવા લાગ્યા, "માલિક ભલું ઈચ્છતા હો તો એ પરવરદિગારના ચરણ ચૂમો."

સૂબાજી સાંભળતા રહ્યા. ઊંડા ઉતરી ગયા. એવામાં શ્રીજી મહારાજ બ્રહ્મચારી સાથે આવી પહોંચ્યા. ભભૂત લગાવેલા બ્રહ્મચારીને સૂબા નમ્યા કારણ કે નાગર જાતિના આ લાલદાસ સૂબા શિવભક્ત હતા. એટલે બ્રહ્મચારીને સન્યાસી જાણી નમ્યા. આસન આપ્યું, નાની વય વાળા શ્રીજી મહારાજને એમના સાથી જાણી આવકાર આપ્યો.

શ્રીજી મહારાજે સૂબાજીને કહ્યું, "તમે સૂબા લાલદાસ તરીકે ખ્યાનામછો ને અમારા સંતો-ભક્તો સાથે દ્વેષ રાખો છો તે સારું નથી. સાધુજન તો સમાજના ઉદ્ધારક ને પાલક છે. તેમને દુઃખ દેશો તો શાસ્ત્રોમાં કહ્યાં મુજબ જમપુરીનાં દુઃખ પામશો."

"હું શાસ્ત્રોમાં માનતો નથી. મને જે નજરે દેખાય તે જ સાચું છે." સૂબાના અવાજમાં સત્તાનો મદ અને

નાસ્તિકતાનો રણકાર હતો.

તમારે નજરે જ જોવું છે તો નજરે બતાવીએ અને શ્રીહરિની એક નજરથી સૂબાનો જીવ સમાધિમાં ચાલ્યો ગયો ને ખોળિયુ જમીન પર પડી રહ્યું. જમપુરીમાં સબડતા અનેક જીવોને સૂબાએ જોયા અને જમદૂતો જ્યારે પોતાને મારવા માંડ્યા ત્યારે ખોળિયું ઊછળવા માંડ્યું ! એરણ પર ઘા પડે ને લોઢું ટીપાય એવી દશા સૂબાની થઈ !" યા અલ્લાહ કરતાં આરબો માલિકને તરફડતાં જોઈ રહ્યાં.

થોડીવાર પછી શ્રીહરિએ ફરી દૃષ્ટિ કરી ને સૂબાજી દેહમાં આવ્યા, સમાધિના અનુભવથી થર થર ધ્રૂજતા હતા. પોતાના અવિવેક બદલ માંફી માંગી ને શ્રીહરિના ચરણોમાં બેસી, રડી પડ્યા. આંસુઓની ધારાથી શ્રીહરિના પાવન ચરણો પ્રક્ષાલી રહ્યા. ગદગદ કંઠ અને રોમાંચિત ગાત્રે એમણે સાચા હૃદયથી ભગવાનની માફી માંગી.

શ્રીહરિએ એમની નિષ્કપટતા પિંછાણી. એમનું ડહોળાયેલું દિલ હવે તદ્દન નિર્મળ બની ગયું હતું. સૂબાએ મહારાજને હાથ જોડી વિનંતી કરીને કહ્યું, "કૃપાનાથ, મને તમારો આશ્રિત કરો, આ પાપીનાં પાપ હરો !"

અનંત જન્મોથી વિખૂટો પડેલો જીવ જાણે આજે ભગવાનના શરણે આવેલો હતો. મહારાજે એમને સ્વીકાર્યાને નિયમ-ધર્મ આપ્યા.

"હે પરવરદિગાર ! આપ તો આપો આપ ખુદા છો ! સૂબા સહિત સમગ્ર આરબની બેરખે બંદગી કરી. વિસનગરના દ્વારે ભક્તજનોએ આજે શ્રીહરિનું અલૌકિક સ્વરૂપ નિહાળ્યું. શ્રીહરિની રહેમ નજરથી સૌ કોઈ અંજાઈ ગયા.

સંધ્યાકાળ થવા આવ્યો. મંદિરોમાં ઝાલરો રણકી ઉઠી. મહારાજ સંધ્યા આરતી માટે ઊભા થયા. ભક્તજનો પણ એમની સાથે જોડાયા.

## ડાંગરવાના જતનબાના વંશજોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ્રસાદીની વસ્તુઓ અર્પણ કરી

દંઢાવ્ય પ્રદેશના ડાંગરવાના પૂ. જતબાનું નામ સત્સંગમાં ખૂબજ જાણીતું છે. તેમણે મહારાજને ખરા અર્થમાં ઓળખી લીધા હતા અને મહારાજના વચને ટુકટુક થઈ જતા. એટલે તો ભયંકર દુકાળમાં પણ તેમની કોઠીમાંથી અનાજ ખૂટતું ન હતું ! આવા હતા આપણા પૂ. જતનબા. આજે પણ તેમના વંશજના પરિવારોમાં એવોને એવો સત્સંગનો રંગ છે. જેથી તેઓની પાસે રહેલી પ્રસાદીની વસ્તુઓ પ.પૂ. મોટા મહારાજશ્રીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પધરાવવા અર્પણ કરી દીધી. ધન્ય છે. પૂ. જતનબાના વંશજોને !

## અમેરિકન સ્કોલરોએ રૂપીયા બે લાખનું દાન કર્યું.

સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાતે આવે તે મ્યુઝિયમ નિહાળીને પ્રભાવિત થઈ જાય છે. હરિભક્તો માટે તો સહજ હોય પણ વિદેશી મૂલકના લોકોને એકજ મુલાકાતે કાંઈક કરી છૂટવાની સ્ફુરણા થઈ આવે તે નાની સૂની વાત ન કહેવાય. હમણા જ વોબાશ કોલેજ ઈન્ડિયા - અમેરિકાના ૨૦ જેટલા રિચર્સ સ્કોલરો આપણા એક વિક માટેના મહેમાન બન્યા હતા. જેઓ ગૃપ મુજબ શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસ સ્થાન તેમજ આપણા પ.ભ. દશરથભાઈ પટેલ (મેમ્બરશ્રી), પ.ભ. રતિભાઈ પટેલ (મેમ્બરશ્રી), પ.ભ. રસિકભાઈ પટેલ (મોખાસણવાળા), પ.ભ. વિઠ્ઠલભાઈ પટેલ અને પ.ભ. ધર્મેન્દ્રભાઈ પટેલને ત્યાં ઉતર્યા હતા. જેઓ અહીં પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન-મુલાકાતથી પ્રભાવિત થઈ ને અહીં આપણા ગુજરાતમાં અને અમદાવાદમાં ધર્મસ્થાનની મુલાકત લઈ તેનું રિચર્સ કરતા હતા. પરંતુ તેમને આપણા અમદાવાદનું શ્રી નરનારાયણદેવ મૂળ સંપ્રદાયના મંદિર પ્રત્યેની રુચિ વધારે દેખાતી હતી. તેમાંય આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની મુલાકાત લઈ પ્રસાદી ની વસ્તુઓ નિહાળીને તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. અને વિદાય લેતા સમયે ગૃપ તરફથી પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરત્વે ખૂબજ પ્રેમ અને આભારની લાગણી અનુભવતા રૂપીયા બે લાખ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ડોનેશન કરીને ધન્યતાની લાગણી અનુભવી હતી.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## દીપાવલિનું રહસ્ય

– શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

પ્રતિ વર્ષ દિવાળી આવે છે અને જાય છે. આવી તો કેટલીય દિવાળીઓ જીવનમાં આવી ને ગઈ પણ ખરી. પરંતુ જ્યાં સુધી દિવાળીનો એટલે કે તહેવારોનો સાચો મર્મ સમજાય નહિ તો તેનો લાભ આપણને મળતો નથી. અને બહાર પ્રગટાવેલા દિવાનું અંતરમાં અજવાળું થતું નથી. તો તહેવાર કે ઉત્સવના રહસ્યને સમજવા માટે આ વાત બહુ કામની છે.

વાત બહુ સરસ છે. કોઈ ગામમાં એક મહાત્માજીનો આશ્રમ હતો. મહાત્માજી ખૂબ મહાન, પવિત્ર હતા. સદાય મૌન વ્રત ધારણ કરીને રહેતા. મનમાં પ્રભુનું સ્મરણ કરતા. કોઈ ભક્તોને મુંઝવણ હોય, કોઈ પ્રશ્ન પૂછે તો ટૂંકમાં લખીને તેનો જવાબ આપતા. અને ફરી પાછા પ્રભુ સ્મરણ કરવા લાગી જતા.

એકવાર કોઈ શ્રધ્ધાળુઓનો સમુદાય મહાત્માજી પાસે આવ્યો. બધાએ સાથે મળીને વિનંતી કરી કે મહાત્માજી અમે બધા ખૂબ દુઃખી છીએ. અંધારાથી અતિ પરેશાન થઈ ગયા છીએ. સાંજ પડતાં આખું ગામ અંધકારમાં ગરકાવ થઈ જાય છે. કાંઈ કામ થતું નથી. કાંઈ સુઝતું નથી, હેરાન હેરાન થઈ ગયા છીએ. માટે કાંઈક કૃપા કરો અને અજવાળુ રહે તેવો ઉપાય બતાવો. ગામડાનાં આ બધા અભણ માણસોને ઝાઝી સમજ પડતી નહી તેથી શ્રધ્ધાથી પ્રેરાઈને મહાત્માજી પાસે આવીને પોતાની મુશ્કેલી રજુ કરી.

મહાત્માજી તો મૌન વ્રતધારી હતા. તેથી તેમણે એક કાગળ ઉપર દિવાનું ચિત્ર દોરી આપ્યું. એમાં તેલની વાટકી પણ દોરી. સરસ મજાની દિવેટ પણ દોરી અને આ ભાવિકોને આપી. બધા ખુશ થતાં થતાં પોતાને ગામ આવ્યા અને ચિત્રની પૂજા શરૂ કરી. ભેગા મળીને દિવાના ચિત્રને કંકુના ચાંદલા કરે. ચોખા ચોટાડે. જપ કરે, છતાં એમાંથી કાંઈ અજવાળું નીકળ્યું નહિ. તો કોઈ કહે હજાર જપ કરો, કોઈ કહે લાખ જપ કરો એટલે અજવાળું થશે. આ મહાત્માજીનું માર્ગદર્શન-પ્રેરણા આશીર્વાદ ક્યારે પણ ખોટા ન હોય. અને જપને પૂજા ચાલુ રાખ્યાં. વધારી દીધાં. છતાં કાંઈ લાભ ન થયો. આટલું કરવા છતાં સફળતા ન મળી તો પણ કોઈએ મહાત્માજીના બતાવેલા ઉપાયનો સાચો મર્મ જાણવાનો પ્રયાસ ન કર્યો. તો તેઓને પ્રકાશની પ્રાપ્તિ ન થઈ અને કરેલો શ્રમ બધો નકામો ગયો આનું નામજ દિવા તળે અંધારું. એમને એમ અંધકારમાં અટવાતા રહ્યાં.

ભગવાને માનવ માત્રના સુખ માટે, શ્રેય માટે, આત્યંતિક કલ્યાણ માટે ખૂબ સારા અને સચોટ ઉપાયો શિક્ષાપત્રી વગેરે શાસ્ત્રોમાં બતાવ્યા છે. પરંતુ એનો મર્મ જો સંતો પાસેથી સમજીશું તો બ્રહ્માનંદ સ્વામીના શબ્દો જીવનમાં સાર્થક થશે.

**"સખી હૈડે તે હરખ ન માય આજ દિવાળી રે,**
**હું તો મગન થઈ મનમાંય ભૂધર ભાળી રે."**

જ્યારે જ્યારે ભગવાનનાં દર્શન કરીએ તે દિવસ આપણા માટે દિવાળી અંતરમાં દિવ્યાનંદની પ્રાપ્તિ થાય અને આનંદમાં અંતર ડોલી ઉઠે અને બોલી ઉઠે.

**રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાઈએ રે,**
**લઈ મેરાઈયા લાલજી રે, આવશે આપણે ઘેર**
**બ્રહ્માનંદ કહે ઘી ઘણું માંહી, પુરશું સારી પેર**
**મંગળ ગાઈએ રે.....**

ભક્તિનો, સત્સંગનો, સેવાનો, આજ્ઞા-ઉપાસનાનો, સંપ સદ્‌ભાવનાનો સાચો મર્મ જો સમજાઈ જાય તો બ્રહ્માનંદ સ્વામી કહે છે પરમાત્મા મેરૈયાં (જ્યોત) લઈને આપણે ઘેર આવશે પછી તો આપણે ફક્ત ભક્તિ રૂપી ઘી પુરવાનું રહ્યુ. બાકી જય જયકાર.

બાલવાટિકાના વાચક મિત્રો તથા નાના મોટા સહુ વાચકોને સદ્‌ભાવના સહ નૂતન વર્ષની અનેકાનેક શુભેચ્છાઓ સાથે જય સ્વામિનારાયણ.

●

## શાસ્ત્રમાં વિશ્વાસ રાખે તેનું કામ થાય

– સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

**દિવાળી આવી રે, આજ મારે દિવાળી આવી"**

તમે દિવાળી કેવી રીતે ઉજવશો ? નવા કપડા ખરીદી ? ઘરમાં રંગરોગાન કરી સજાવીને ? મીઠાઈ બનાવીને ? ચાહે ગમે તે રીતે ઉજવો પણ એ ભૂલાવું ન જોઈએ કે આપણે કોના આશીર્વાદથી સુખી છીએ ? તો જીવનમાં અંધશ્રદ્ધાને, અવિશ્વાસને દૂર કરી સત્સંગના રસ્તે આગળ વધીએ અને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા તથા

મરજીને જાણી તેવી રીતે વર્તવા પ્રયત્ન કરીશું તો હૃદયમાં ભક્તિ તથા સદ્‌ગુણના દિપ પ્રગટશે.

એક દરિદ્ર ભૂદેવની વાત વાંચો તે બહુ ગરીબ હતા. તેને ગીતાજી ઉપર બહુ શ્રદ્ધા અને દૃઢ વિશ્વાસ હતો. એમની પત્ની પણ ભણેલી. બન્ને સાથે બેસીને ગીતા વાંચે. ગીતામાં એક શ્લોક છે :-

**અનન્યાશ્ચિન્તયન્તોમાં યેજનાઃ પર્યુપાસતે,**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમો વહામ્યહમ્.**

અનન્ય ભાવથી જે મારૂં ચિંતન કરે, મારી ભક્તિ કરે એનો મોક્ષ તો મારા હાથમાં જ છે. પણ એનો સંસાર વ્યવહાર પણ હું જ ચલાવું છું. આ ભૂદેવની અટક પંડ્યા હતી. એમની પત્નીને વિચાર આવ્યો કે અમારા પંડ્યાજીને ગીતામાં બહુ વિશ્વાસ છે. અનન્ય ભાવથી અમારા પંડ્યા ભગવાનનું ભજન કરે છે. છતાં અમે કેમ આટલાં બધાં દુઃખી છીએ ? આ શ્લોકમાં ગરબડ છે. આ શ્લોક જ ખોટો હશે. તે ભગવાનનો બોલેલો નહિ હોય, ગીતાનો એ શ્લોક જો પ્રભુ બોલ્યા હોય તો અમે દુઃખી કેમ રહીએ ? અને એક દિવસે પત્નીને રીસ ચડી ગીતાની હસ્તલિખિતપોથી હતી. એમાં એ શ્લોક ઉપર ચપ્પુ વડે પાનું છોલી નાખ્યું. આ શ્લોક જ ન જોઈએ, તે ખોટો છે. અમને આટલો વિશ્વાસ છે. આટલો પ્રેમ છે. અને અમે દુઃખી કેમ? એ દિવસે પંડ્યાજી વહેલી સવારે બ્રાહ્મમૂહુર્તમાં જાગી અને નદીએ ગયા. પત્નીની કચકચથી કંટાળ્યા હતા. નદી કિનારે જ એક વૃક્ષ નીચે બેઠા. ભગવાનને ભરોંસે બેઠા ઉંઘ આવી ગઈ. એક પ્રહર સમય વીતી ગયો. એટલે કે ત્રણ કલાક થઈ ગયા. આ પંડ્યાજીના ઘરવાળાં રાહ જુએ છે કે હજુ કેમ નહિ આવ્યા હોય ? ત્યાં તો એક માણસ આવ્યો. સોળ-સત્તર વરસની ઉંમરનો હતો. તેનું મુખ બહું રૂપાળું હતું. પણ કપડાં ફાટેલાં હતાં અને હોઠ ઉપર લોહી વહેતું હતું. તેના માથા ઉપર એક પોટલું હતું. ગીતા પંડ્યાજીનું ઘર આ કે ? હા ભાઈ, શું કામ છે ? મને પંડ્યાજીએ મોકલ્યો છે. પણ પંડ્યાજીએ આ શું મોકલ્યું છે ? આ બધી સોના મહોરો છે. સોના મહોરોનું પોટલું હતું. એકાદી હોય તો આપણે પાકીટમાં સાચવી રાખીએ. તિજોરીમાં મૂકીએ આ તો આખું પોટલું. સોનામહોરો જોઇને પંડ્યાના પત્નીને નવાઈ લાગી. આટલું બધું સોનું ! પછી પૂછ્યું, તું કોણ છે ? હું મજૂર છું. તારૂં નામ ? મારૂ નામ પશલો. શું નામ છે તારૂં ? મારૂં નામ પશલો છે. મજુરને કોઈ પુરૂષોત્તમ કહે ? મજૂરને તો એજ રીતે બોલાવે. અને તારે કંઈ પાણી પીવું છે ? ના નથી પીવું. પણ તારી મજૂરી ? મજૂરીની ક્યાં વાત કરું ? પંડ્યા સાહેબનું મારે માથે ઘણું બધું ઋણ છે. આવાં તો કેટલાંય પોટલા પહોંચાડીશ ત્યારે માંડ ઋણમાંથી છૂટીશ. પછી હોઠ તરફ જોઈને પૂછ્યું, આ તને કોઈ રોગ થયો છે ? ના, ના, મને કોઈ રોગ નથી થયો. પણ મારા હોઠ ઉપર ચપ્પુ માર્યું છે ! અરેરે ! એવા કોણ દુર્જન હશે, આ મજૂર માણસને હોઠ ઉપર ચપ્પુ માર્યું છે ! એ તો બહેન અમારા હોઠ ઉપર પણ ચપ્પુ મારનારા હોય છે. લ્યો ત્યારે હું જાઉં છું બહેન અને પશલો જતો રહ્યો. બપોર થયા અને પંડ્યાજી જાગ્યા. ધીમે ધીમે ઘેર આવ્યા. એટલે પત્ની એમની ટેવ પ્રમાણે કહેવા માંડી. અડધી જીંદગી ગઈ તો પણ તમારામાં બુદ્ધિ ન આવી. કેમ શું થયું? થાય શું. આટલું બધું સોનું મજૂર જોડે મોકલાય ? તમારે સાથે આવવું જોઈએ ને ! એટલે ? પંડ્યાજી તો ડરી ગયા. આનું કાંઈક ફરી ગયું લાગે છે. સોનું કેવું ને વાત કેવી ? પછી અંદર રૂમમાં લઈ ગઈ અને સોના મહોરો બતાવી. આ કોણ આપી ગયું ? એક છોકરો હતો. સોળ વરસનો, મેં નામ પૂછ્યું તો કહે છે મારૂં નામ પશલો. કેવો હતો ? બહુ રૂપાળો હતો ? જોઈ રહેવાનું મન થાય એવો હતો. મજુરી પણ લીધી નહિ. તર્ત ચાલ્યો ગયો. પંડ્યાજી વિચાર કરે છે. હે પ્રભુ ! તમે આ શું કર્યું ? કંઈ સમજાતું નથી. અને પંડ્યાજીએ નિયમ પ્રમાણે ગીતાની પોથી ખોલી અને પેલો શ્લોક દેખાયો, "અનન્યાશ્રિન્ત યન્તોમાં" આ શ્લોક ઉપર કોણે છેદ કર્યો છે ? એ તો મેં કર્યા છે. ત્યારે પંડ્યાજી બોલ્યા, હે દેવી ! આટલું ન સમજ્યાં ! ગીતાનું વાક્ય, ગીતાના વચનો એ સ્વયં શ્રીકૃષ્ણના વચનો છે. ગીતાના વચનો ઉપર છેદ એટલે કૃષ્ણના હોઠ ઉપર છેદ તમે માર્યા છે. આ પશલો બીજા કોઈ નહિ. પુરૂષોત્તમ પોતે હતા. અને બંને જણાએ નક્કી કર્યું. હે પ્રભુ ! અમને માફી આપવા તમે ફરીથી પધારો નહિ ત્યાં સુધી અમે અન્ન-જળ નહિ લઈએ. બન્ને જણાં ધૂન્ય કરવા બેસી ગયા. ભગવાને દર્શન દીધાં અને પ્રેમથી બન્નેને કહ્યું. મારાં વચનો ઉપર, મારાં શાસ્ત્રો ઉપર કાયમ દૃઢ વિશ્વાસ રાખજો. હું મારા ભક્તોની સાર સંભાળ સતત લઉં છું.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં તથા તેમના વચનમાં દૃઢ શ્રદ્ધા હશે તો તેના જીવનમાં ભગવાનની કૃપાથી સદાય દિવાળી જ રહેશે. બ્રહ્માનંદ સ્વામીના શબ્દો છે કે,

**બ્રહ્માનંદના રે વાલા તમ સંગ રમતા મારે,**
**દાડી દાડી છે દિવાળી,**
**હૈડામાં મુને વાલા લાગો છો વનમાળી.**

# ભક્તિસુધા

## પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી "સમદૃષ્ટિ કેળવવી"

સંકલ્પ - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

અષાઢ સુદી એકાદશી એટલે નિયમની એકાદશી. તો એ પ્રસંગની દિવ્ય સભામાં પ.પૂ. ગાદીવાળાશ્રીએ નિયમની બાબતમાં આજ્ઞા કરી છે કે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આપણને જે ચાતુર્માસના નિયમ બતાવેલ છે તે નિયમો તો આપણે સર્વે જેને જે યોગ્ય લાગે તે અવશ્ય લેવાના છે. અને જેનાથી જે નિયમ પાળી શકાય એવું સરળ નિયમ સર્વેએ લેવું. અને આ નિયમની સાથે મારા તરફથી હું પણ આપ સર્વેને એક નિયમ વિશેષ એ આપું છું. "કોઈની નિંદા નહિ કરવી. કોઈની ઈર્ષા નહીં કરવી. ટુંકમાં અંતર મનની નિર્મળ અવસ્થા કેળવવાની છે. રાગ-દ્વેષ, વેર-ઝેર, દેખા-દેખી, મારું-તારું, સ્વાર્થ-દંભ વગેરે દુર્ગુણોથી રહિત થઈ નિર્મળ જીવન જીવવાથી અંતરમનની પ્રસન્નતા અનુભવાય છે. અને આવા પ્રસન્ન ચિત્રવાળાને પરમ તત્વનો સહજતાથી અનુભવ થઈ શકે છે. આમ આપણામાં રહેલા ક્રોધ-માન, માયા-લોભ વગેરે અંતઃશત્રુઓને ટાળવાનો પ્રયત્ન કરવાનો છે. અને ખાસ ભાર મુકીને આજ્ઞા કરેલી છે કે બીજા બધા નિયમોની સાથે તમે આવો પ્રયત્ન કર્યા કરશો તો જ તમારું જીવન અને તમે પાળેલા નિયમો સાર્થક થશે. અને તમારી આધ્યાત્મિક ઉન્નતિ થઈ શકશે. અને અંતમાં ખાસ જણાવેલ છે કે કોઈનાય દોષ ના જોવાય. આપણને કોઈના દોષ જોવાનો અધિકાર જ નથી. અને દોષ જોવા જ હોય તો પોતે પોતાના દોષ જુઓ ને!

**નિજદોષ દર્શન વિના, બંધન ભવોભવ તણું,**
**ખૂલે સમદૃષ્ટિ સ્વદોષ દેખ્યાથી, તરે ભવસાગર ઘણું,**

પ.પૂ. ગાદીવાળાશ્રીએ આપેલા એક જ નિયમમાં એટલી બધી તાકાત સમાયેલી છે કે જો સમજાય જાય અને તેમ રહેવાય તો અહીંયાને અહીંયા સદેહે મોક્ષ વર્તવા લાગે! જીવનમાં ખૂબજ સરળતા આવી જાય અને પરમ આનંદની અનૂભૂતિ થવા લાગે. અને જીવનમાં કોઈપણ બૂરી આદત પડી હોય તો તેમાંથી છૂટાય કઈ રીતે? પોતાનો દોષ દેખાય ત્યારે પોતે જાગૃત થયા છીએ. જાગૃતિની મુખ્ય જરૂર છે. ઘરમાં ચોર પેઠો હોય તો તે ક્યાં સુધી બેસી રહે? માલિક જાણતો ન હોય ત્યાં સુધી. માલિક જો જાણે તો તરત જ ચોર નાસવા માંડે. તેથી જ તો પૂ. ગાદીવાળાશ્રીએ આપણને આપણા દોષો જોવાની આજ્ઞા કરી છે. તો આપણે પણ પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાનું પાલન કરીશું તો આપણામાં રહેલા દોષો પણ ચોરની માફક નાસવા માંડશે. અને ધીમે ધીમે ખલાસ થઈ જશે અને શ્રીજી મહારાજે પણ વચનામૃતમાં બતાવ્યું છે કે "થોડી બુદ્ધિવાળો હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે. અને એને જ બુદ્ધિવાળો કહીએ."

●

## આશરામાં વિશ્વાસ ને શ્રદ્ધા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

જગતમાં જીવ પ્રાણી માત્રને કોઈને કોઈકનો આશરો હોય છે. આશરો એટલે આધાર, પોષણ, રક્ષણ વિગેરેનો સમાવેશ થાય છે. સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે, જે આશરો એ બહુ મોટી વાત છે. ભગવાનનો આશરો કર્યા વિના જીવનું કલ્યાણ થતું જ નથી. શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા પ્રથમના ૩૧ માં આશરાની વાત કરી છે. જે ભગવાનને પ્રસન્ન કરવાના અનંત સાધનોમાંથી ભગવાનનો દૃઢ આશરો એને જ શ્રેષ્ઠ સાધન ગણાવ્યું છે.

આશરામાં અખૂટ વિશ્વાસ મૂકવાની વાત છે. જ્યારે એવો વિશ્વાસને શ્રદ્ધા ન હોય તો શંકા પેદા થાય છે. તે શંકા રૂપી કીડો આશરાને કોતરીને પોલો બનાવી દે છે. માટે એક વખત જોઈ જાણીને, સમજીને વિચારીને પગલું ભર્યું તો પછી તેમાં પાછું વળવાનું આવતું જ નથી. આશરામાં અનન્ય ભાવનો નિર્ધાર હોવો જરૂરી છે. જેનો આશરો સ્વીકાર્યો હોય તેના બે ચરણ સિવાય અન્ય કોઈ જગ્યાએ તેની ગતિ ન હોય. તો જ ભગવાન રાજી થાય છે. ને રાજીપાના ફળ સ્વરૂપે ભગવાન આપણને વશ થઈ જાય

છે. અને બહુ સુખી થવાય છે.

એક નાનકડા ગામમાં બાર-તેર વર્ષનો છોકરો તેના મોટાભાઈ અને ભાભી સાથે રહેતો હતો. તેનું નામ હતું. કેલવો. નાની ઉંમરમાં જ તેના મા-બાપ ગુજરી ગયાં હતા. એટલે મોટા ભાઈની હૂંફમાં તે મોટો થયો. બંને ભાઈઓમાં ખૂબજ સ્નેહ હતો. પણ તેની ભાભીને કેલવો ગમતો નહિ. તેને ઘરમાંથી કાઢવા રોજ તેને હેરાન-પરેશાન કરતી. કેલવો બિચારો સાવ ભલો ભોળો, સ્વભાવે શાંત, ઓછા બોલો અને ભગવાનનો ભક્ત હતો. તેને ખોટા ગામ ગપોટામાં કે રખડવામાં રસ જ નહોતો. તેને માત્ર ભગવાનની કથા-વાર્તામાં જ રસ હતો. એક ચિત્તે કથા સાંભળતો તેથી કથામાં જે આવે તે તેની નજર સમક્ષ દેખતો. ને તેને બધું જ યાદ રહી જતું. અને રોજ તે ગાયો ચરાવવા સીમમાં જાય ત્યાં વડલા નીચે બેસી તેનું મનન કરતો. જેથી તેને ભગવાનમાં ખૂબ શ્રદ્ધા અને વિશ્વાસ હતો. ને ભગવાનનો દૃઢ આશરો હતો.

પરંતુ તેની ભાભીથી જોઈ શકાતું નહી. એટલે તેણે પોતાના પતિના ખોટી રીતે કાન ભંભેર્યા કે, આ કેલવો તો જાદુ શીખે છે. તે કાલ સવારે આપને મારી નાંખશે તો શું કરશો ? માટે આપણા ઘરમાં એ ન જોઈએ. ભાઈને આ વાત ગળે ઉતરી ગઈ. સાંજે કેલવો ઘેર આવ્યો કે તરત જ ભાઈએ સંભળાવી દીધું કે, કેલવા ! આજથી તું આ ઘરમાં નહીં. તારે જાદુ કરવા હોય તો ભલે કર, પણ અત્યારે જ આ ઘર છોડી ચાલ્યો જા. કેલવો તો બિચારો નાનો એવો બાળક હતો. તેને કાંઈ સમજાયું નહી કે, મને કેમ કાઢી મૂકે છે. પણ આજ્ઞા થઈ એટલે હાથમાં લાકડી લઈને નીકળી ગયો. ગામમાં બે-ચાર માણસોને એણે પૂછ્યું, "હવે ક્યાં જાઉ ? મારા ભાઈએ તો મને ઘરમાંથી હાંકી કાઢ્યો છે. એક જણે મશ્કરીમાં કહ્યું, "કેમ તું તો રોજ ભગવાનની કથા સાંભળતો હતો ને ? તો હવે એ ભગવાન જ તને સંભાળશે. એજ તને આશરો આપશે." કેલવાએ નિર્દોષતાથી પૂછ્યું, "એ ભગવાન ક્યાં રહે છે ?" પેલો કહે, "દ્વારકામાં રહે છે." કેલવાએ પૂછ્યું, "દ્વારકા ક્યાં આવ્યું ?" પેલાએ કહ્યું, "પશ્ચિમ દિશામાં ચાલ્યો જા ત્યાં ભગવાન મળશે." કેલવો તો બિચારો વિશ્વાસુ અને શ્રદ્ધાળુ હતો. તેણે તો તે દિશામાં ચાલવા માંડ્યું. રસ્તામાં એક જ લગની કે, ક્યારે ભગવાન પાસે પહોંચું અને હૈયું ઠાલવીને બધી જ વાત કરું. નદી-નાળા, જંગલ-ખીણ વટાવતો ભૂખ્યો-તરસ્યો રાત-દિવસ શ્રદ્ધાથી પંથ કાપતો જાય છે. પાંચ દિવસે દૂરથી મંદિર દેખાય છે. ચાલતાં-ચાલતાં ભૂખને લીધે એની આંખે અંધારા આવવાથી લથડીયા ખાતો જાય છે. હવે મંદિર નજીકજ દેખાય છે. સો ડગલા ચાલીશ એટલે ત્યાં પહોંચી જવાશે. બધી શક્તિ ભેગી કરી તે આગળ ડગલાં ભરે છે. એમ કરતાં સૂર્ય આથમે છે. ને મંદિરના પગથિયાં પાસે પહોંચે છે. પણ ૫૦ પગથીયા જોઈને તે હિંમત હારી જાય છે. કેમ ચઢાશે ? મંદિરમાં આરતી થઈ રહી હતી. તેથી તે એકદમ આકુળ-વ્યાકુળ થવા લાગ્યો કે, ક્યારે મારો પ્રભુજી મને મળશે ? હું ક્યારે એને ભેટી પડું ? એક ડગલું પણ ચાલી શકાય તેમ હતું નહિ. છેવટે કોણીને ટેકે ટેકે તે પગથીયાં ચડીને માંડ માંડ ચોકમાં આવે છે. પણ હવે મંદિર સુધી ચાલી જવા જેટલી એનામાં તાકાત નથી રહી. બેહોશ જેવી હાલતમાં એ મંદિરના પાછલા ભાગમાં ચોકમાં પડ્યો છે. ત્યાં તો મંદિરના દરવાજા બંધ થતા સંભળાયા. પૂજારીએ એને જોઈને પૂછ્યું, "અહીં કેમ પડ્યો રહ્યો છે ? કેલવાએ કહ્યું કે, "ભગવાનને મળવા."

પૂજારીએ તિરસ્કારમાં કહ્યું, "તારો ભગવાન તો હવે સૂઈ ગયો. કાલે જાગે ત્યારે આવજે. દરવાજા બંધ થઈ ગયા. એમ કહી પૂજારી ચાલ્યા ગયા. એકલો એકલો નિઃશ્વાસ નાખતો તે પ્રાર્થના કરે છે. હે ભગવાન ! તમે તો અંતર્યામી છો. આટલે બધે દૂરથી તમને સંભારતો-સંભારતો ને મળવા આવ્યો છું. આપ તો બહુ દયાળું છો. પ્રભુ ! મારાથી હવે ચાલી શકાતું પણ નથી. અને હવે તો દરવાજા પણ બંધ થઈ ગયા છે. માટે આપ મારો હાથ ઝાલો દયાળું પ્રભુ !

ત્યાં તો મંદિરમાંથી અવાજ આવ્યો, "કેલવા ! તું અહીં આવ. મારા તમામ દરવાજા તારે માટે ચોવીસે કલાક ખુલ્લા છે." કેલવો બોલ્યો, "તમે કોણ છો ? સામેથી જ જવાબ આવ્યો," હું ભગવાન બોલું છું." હે પ્રભુ ! આ તમારા કેલવાથી હવે એક ડગલું પણ ચાલી શકાતું નથી. હું તો અહીં સુધી આવ્યો. હવે તમારે અહીં સુધી આવવું પડશે."

ત્યાં તો આખું મંદિર પૂર્વથી પશ્ચિમમાં ફરી ગયું. ને દરવાજા આપો આપ ખૂલી ગયા ને ભગવાને બહાર આવી કેલવાને ઉંચકી લીધો અને ભેટી પડ્યા. ખૂબ જ રાજી થયા. કેલવાને સુખી સુખી કરી દીધો અને સદાય તેને વશ થઈને ભગવાન તેની સાથે જ રહ્યા. દ્વારકાના મંદિરનું મુખ દ્વાર હજુયે પશ્ચિમ દિશામાં જ છે..

કેલવો ભગવાનની કથા સાંભળવા જતો હતો તો તેમાંથી તેને ભગવાનમાં વિશ્વાસ અને શ્રદ્ધા દૃઢ થયા તો તેને ભગવાન મળ્યા ને તેને વશ થયા. આપણે પણ ભગવાનની કથા સાંભળવાનું નિયમ રાખવું. ને ભગવાન તથા સંત તેમના વચનમાં વિશ્વાસ અને શ્રદ્ધા દૃઢ રાખવા. આશરો દૃઢ રાખવો. તોજ ભગવાનની પ્રાપ્તિ થાય છે.

●

### અષાઢીનો તોલ

- પટેલ નિશા વિષ્ણુભાઈ (ગુલાબપુરા)

અ.મૂ.સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીના ચમત્કારો અદ્યાપિ ચાલું છે. તેનો એક દાખલો અષાઢી તોલ છે. ટોરડામાં અષાઢી પૂર્ણિમાની રાત્રે ગામ લોકો અને સોની લોકો ટોરડાના મંદિરમાં ભેગા થાય છે. પછી દરેક અનાજ, રસકસ, તેલીબીયા લાલમાટી (મનુષ્ય માટે) કાળી માટી (પશુ માટે) વગેરે અડધો અડધો તોલો લઈ સોનાના કાંટે સોની લોકો તોલે છે પછી તે વસ્તુઓ ભગવાનના વાઘામાં નવ પોટલીઓ બાંધી માટીના કોરા ઘડામાં મૂકી ઉપર કોડિયું ઢાંકી દેવાય છે. ને તોલનો કાંટો, તેમજ તોલ (બાટ) એ ઘડાની ઉપર મૂકી દેવામાં આવે છે. પછી ઘડાનું મોં રાધિકાજીની સાડીથી બાંધી દેવામાં આવે છે. આ ઘડો રાત્રે ગોપાલ લાલજીના (સ્વામિનારાયણના) મંદિરમાં સિંહાસનમાં મૂકી દેવામાં આવે છે. બીજે દિવસે સવારે એટલે કે અષાઢ વદ પડવાના રોજ ગામ લોકો અને સોનીઓ મંદિરમાં આવે છે. અડધો કલાક-ભજન ધૂન કરવામાં આવે છે. ત્યારબાદ એ ઘડાને બહાર મંદિરના ધુમ્મટ નીચે મુકવામાં આવે છે. ઘડાનું મોઢું છોડી અંદરથી પોટલું બહાર કાઢવામાં આવે છે. જે વસ્તુઓ વધારે પાકવાની હોય તે તોલમાં વધે છે. અને જે ઘટવાની હોય તે તોલમાં ઓછી થાય છે. જેમાં વધ ઘટ થવાની ન હોય તેમાં ફેર પડતો નથી. આ પ્રમાણે દર વર્ષે અષાઢી બોલાય છે. વેપારી અને ખેડૂત લોકો એના સમાચાર જાણવા આતૂર હોય છે આ પરિણામોના આધારે તેઓ ખેતી અને વેપાર કરે છે. આ ચમત્કાર દર વર્ષે થાય છે.

●

### નીલકંઠવર્ણી બોચાસણમાં

- તરલાબેન અતુલભાઈ ખોથીવાલા (અમદાવાદ)

ગામ બોચાસણમાં કાનજી પટેલ ભગવાનના પરમભક્ત હતા. એકવાર તે ઘરમાં સૂતા હતા. ત્યાં આકાશવાણી થઈ "ઉઠ, કાનદાસ, આ પૃથ્વીના પરમ પિતા તારા ગામમાં બાવાજીની જગ્યામાં ઉતર્યા છે. હમણાં જ જા તેમને પ્રણામ કરીને, પ્રાર્થના કરીને ઘેર પધરાવ, સેવા કરી લે. તારું ભાગ્ય ખૂલી જશે. તારો મોક્ષ થશે જલ્દી જા નહિ તો બાળબ્રહ્મચારી સ્નાન કરીને ચાલ્યા જશે."

કાનદાસ પટેલ આંખો ચોળતા ઊભા થયા. મોઢું ધોઈ તરત જ પોતાની માતાને બધી વાત કરી એટલે ડોશીમાં કહે "જા જા જલ્દીથી બ્રહ્મચારીને બોલાવી લાવ. આજે બ્રાહ્મણોને જમાડવા મેં રસોઈ બનાવી છે તે બ્રાહ્મણ ભેળા પ્રભુને પણ જમાડીશું." કાનદાસ તો આ સાંભળી તરત જ દોડ્યા. આ બાજુ ડોશીમાએ કાનજી પટેલની વહુ નાનીબાઈને બધી વાત કરી તેણે તેના દીકરા કાશીદાસને કહ્યું. થોડી જ વારમાં વાયુવેગે આખા ગામમાં વાત પ્રસરી ગઈ. આથી ગામના કેટલાક શ્રધ્ધાળુ લોકો બાવાની જગ્યામાં દોડ્યા.

નીલકંઠવર્ણીના શરીરમાંથી અનંત સૂર્યો કરતા પણ અધિક પ્રકાશ નીકળવા લાગ્યો. એ પ્રકાશ છતાંય શીતળ હતો. નીલકંઠ ને જોઈ સૌની આંખો અંજાઈ ગઈ. થોડીવાર નીલકંઠે બધું તેજ પોતામાં સમાવી લીધું. એમણે આંખો ખોલી ધીરે ધીરે બધા નીલકંઠ પાસે આવ્યા, પગે લાગી એમના ચરણોમાં પડી ગયા. પછી કાનદાસ પટેલના દીકરા કાશીદાસે ઉભા થઈને નીલકંઠવર્ણીને પ્રાર્થના કરી, "હે પ્રભુ ! હે બાળબ્રહ્મચારી મહારાજ ! મારો તથા અમારા માતૃશ્રીનો સંકલ્પ પુરો કરવા આપ અમારા ઘેર પધારો. ગામના બધા જ ભક્તજનોનો મનોરથ પૂરો કરવા અમારા ગામમાં પધરામણી કરો."

સૌ ભક્તજનોની વિનંતી ને માન આપી નીલકંઠવર્ણી

બોચાસણ ગામમાં કાનદાસ પટેલના ઘેર પધાર્યા. નીલકંઠવર્ણીનું સ્વરૂપ નિહાળી કાનદાસનાં વૃધ્ધ માતૃશ્રી ખૂબ રાજી થઈ ગયા. બધા બ્રાહ્મણો દ્વારા નીલકંઠનું પૂજન કરાવ્યું. પછી બ્રાહ્મણોની પંક્તિ થઈ. નીલકંઠવર્ણીને અંદરના ઓરડામાં પાટલા ઉપર જમવા બેસાડ્યા. થાળીમાં લાડુ પીરસ્યો. ડોશીમાનો મનોરથ પૂરો કરવા નીલકંઠે લાડુની સહેજ કોર ભાંગીને મોમાં મૂકી. પછી ભાણા ઉપર બેસી રહ્યા. થોડી વારે ડોશીમાની નજર નીલકંઠના ભાણા પર પડી. તેમણે કહ્યું, "પ્રભુ! આપ કેમ જમતા નથી ?" "અમારાથી આટલું ભારે અન્ન ખાઈ શકાશે નહિ. ઘરમાં દૂધ હોય તો લાવો, તો દૂધ-ભાત જમીએ." બપોરનું ટાણું એટલે કાનદાસ મૂંઝાયા. અત્યારે દૂધ ક્યાંથી કાઢવું ? સાંજનું ટાણું હોય તો ઠીક, ભેંસ દૂધ દે. ભેંસ અત્યારે ક્યાંથી દૂધ દે ? પરંતુ કાનદાસના પત્ની નાનીબાઈને નીલકંઠવર્ણીના શબ્દોમાં વિશ્વાસ હતો. તેથી તે હાથમાં દોણી લઈને ભેંસ પાસે ગયાં. નાનીબાઈ તથા ડોશીમાના આશ્ચર્યનો પાર ન રહ્યો. જોયું તો ભેંસના આંચળમાંથી દૂધની ધારા છૂટી તે દોણી ભરાઈ ગઈ!

પછી ઘરમાં આવી નીલકંઠવર્ણીને દૂધ, ભાત તથા સાકર જમાડ્યા. નીલકંઠ જમીને તૃપ્ત થયા ચળું કરીને નીલકંઠ ઊભા થયા. ડોશીમા એ કહ્યું, "મહારાજ હવે અમારા ઘેર જ રહો. પણ નીલકંઠવર્ણી બોલ્યા," અમારે હજી ઘણાં કામ કરવાના છે. તેથી અમે જઈશું. પરંતુ આપના પુત્ર અને આપનું કુટુંબ મહાન ભાગ્યશાળી થશે. આખું કુટુંબ ભક્ત બનશે અને અમારી ભક્તિ કરશે. દશ વર્ષ પછી અમારાં દર્શન તમને વડતાલમાં થશે."

આવા રૂડાં આશિષ આપી નીલકંઠવર્ણી બીજે દિવસે વહેલી પરોઢે ત્યાંથી ચાલી નીકળ્યાં. ડોશીમા સહિત આખું પટેલ કુટુંબ નીલકંઠવર્ણીનાં પ્રભાવશાળી સ્વરૂપને ઓઝલ થયું ત્યાં સુધી જોતું રહ્યું.

●

## સંતોની નિષ્ઠા

- પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (સુરત)

વહાલા ભક્તો ! પ્રવર્તમાન સમય એટલે ઘોર કળિકાળ. આવા કળિકાળમાં પણ આપણે સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમસ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ થઈ છે. તેની પ્રાપ્તિ થઈ છે એથી મોટી પ્રાપ્તિ આ જગતમાં બીજી કાંઈ ન હોઈ શકે. આવા અવતારી પૂર્ણ પુરુષોત્તમભગવાનની આજ્ઞામા રહેવુ એ આપણા સૌ કોઈની ફરજ બને છે. આજે કરોડોની સંખ્યામાં મનુષ્યો ભગવાન સ્વામિનારાયણના ભક્તો છે. પરંતુ આવા અલૌકિક સંપ્રદાયના પ્રચાર માટે આપણા સંતોએ જે સહન કર્યું છે તે આપણે ભૂલવું ન જોઈએ તેની એક સુંદર વાત છે.

સંતોને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા હતી કે ભિક્ષામાં જે મળે એ લઈ લેવું. સવાર-સવારમાં એક સંત નીકળ્યા. નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ! કોઈ ગૃહસ્થના ઘરના આંગણામાં ઉભા રહ્યા. ઘરમાં કોઈ પુરુષ નહિ. એક બહેન હતા તે જરા તામસ પ્રકૃતિના હતા. સવારમાં જ પતિ સાથે ઝગડો થયેલો. પતિદેવ તો ધંધે જતા રહેલા. પરંતુ બાઈ ધુંઆપુંવા થતી પોતા મારતી હતી. ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે ક્રોધી માણસનો વિશ્વાસ નહિ. ક્રોધમાં માણસ ઘણી વખત ન કરવાનું આચરણ કરી બેસતો હોય છે.

બન્યું એવું કે બહેનને ક્રોધ ચડ્યો હતો. તમો ગુણ અંદર ઉભરાતો હતો. તેને બહાર નિકળવાનો રસ્તો જોઈતો હતો. ત્યાં આ સંત મળી ગયા. બહેન કહે અહીં તમારા બાપ મુકી ગયા હશે તે નારાયણ હરે કરીને ઉભા છો. એમ કહીને પોતુ હાથમાં હતુ તે સંતને ફટકાર્યું. માટીવાળુ પોતું સંતના મોઢા ઉપર આવ્યું અને મોઢામાં અથડાઈને ઝોળીમાં પડ્યું. પ્રભુની આજ્ઞા પ્રમાણે ઝોળીમાં આવે તે લઈ લેવું. સંત તો ચાલતા થયા.

તલાવની પાળે ગયા. પોતું પાણીમાં ધોઈ નાખ્યું. કામ લાગે એવું નહોતુ. સડી ગયેલું હતું પણ સંત કોનું નામ! સડી ગયેલા કાપડના તાંતણા જુદા કર્યા. ભાર દઈને વાટ બનાવી અને કોઈકના ઘેરથી ભિક્ષામાં બે ચમચી ઘી મળ્યુ હશે એમાં વાટો પલાળી અને પરમાત્માની આરતી ઉતારી. આરતી તો પરમાત્માની મૂર્તિ સમક્ષ ફરી રહી હતી પરંતુ જ્યોતનું અજવાળું પેલા ગૃહસ્થના ઘેર પહોંચ્યું. પેલી સ્ત્રીએ પોતાના પતિને કહ્યું આજે સવારે એક બહુ ખરાબ બનાવ બની ગયો. સવારમાં તમે તો જતા રહ્યા

પરંતુ પાછળથી બે સંતો આવેલા. ક્રોધ માને ક્રોધમાં મેં સાધુને પોતું મારી દીધું. સંત તો સહનશીલ હતા તે કંઈપણ બોલ્યા વિના ચાલતા થયા.

હવે મને ખૂબ પસ્તાવો થાય છે. મેં બહુ પાપ કર્યું. સાધુનું અજાણતા અપમાન થઈ ગયું. તમે જાઓ અને એ સાધુ જ્યાં હોય ત્યાંથી તેને બોલાવી લાવો અને આપણે તેની માફી માંગી લઈએ. લોટ આપવાને બદલે મેં તેમનો તિરસ્કાર કર્યો છે.

પતિ તો હાથમાં લાકડી લઈને સંતને શોધવા નિકળ્યા. શોધતા શોધતા તલાવની પાળે પહોંચ્યા. સંતો તો પ્રભુની ભક્તિ કરતા હતા. ભાઈ બોલ્યા સ્વામીજી જય જય ! એટલે સંતને ખબર પડી ગઈ કે આ ભાઈ નવા જ લાગે છે. એટલે કે તેને જય સ્વામિનારાયણ કહેતા પણ આવડતું નથી. પેલા ભાઈએ બધી જ વિગતે વાત કરી. સંત તો અતિ પવિત્ર મૂર્તિ છે. સંતોએ તો સાવ શાંતિથી જવાબ આપ્યો.

સંતોની શાંતિ પ્રિયતા જોઈ પેલા ભાઈ તો આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેના અનુગ્રહ ને માન આપીને બીજા દિવસે તેને ઘેર ભિક્ષાગ્રહણ કરવા ગયા. સંત કૃપાથી તે દંપતિ આપણા સંપ્રદાયના આશ્રિત બન્યા.

જોયુંને વહાલા ભક્તો ! આપણા સંતો એ કેટલું સહન કરીને આ સંપ્રદાયનો પાયો બનાવ્યો છે. માટે ભક્તો આપણે પણ શ્રીજી મહારાજે જે જે આજ્ઞા કરી છે તે આજ્ઞા પ્રમાણે વર્તવુ. પ્રભુ એ બાંધેલી ધર્મ મર્યાદા ને અનુલક્ષીને પ્રભુની ભક્તિ કરવી. પ્રભુના અપર સ્વરૂપ એવા પૂજ્ય પાદ આચાર્ય મહારાજશ્રી તેમજ આપણા સમગ્ર સ્ત્રી ભક્તોના ગુરૂપદે વિરાજમાન અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાને શિર સાટે પણ પાળવાની તત્પરતા હંમેશા રાખવી. (શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાંથી સાભાર)

●

### સમજણ વગરનો પ્રેમ

- પટેલ અંજના આર. (વજાપર)

પરમાત્માની ભક્તિ અતિ ઉત્તમ વસ્તુ છે. ભગવાનની ભક્તિ ધર્મે સહિત કરવી. ધર્મ વગરની ભક્તિ પાંગળી ગણાય છે. ધર્મ વગરની ભક્તિ એ ભક્તિ જ નથી માટે ધર્મ સહિત ભક્તિ કરવી.

એક સંતે ગામડામાં એક ભાઈને કંઠી બાંધી. ભગવાનની દીક્ષા લે ભાઈ. પ્રભુ ભજન કર બહુ સુખી થઈશ. એણે કંઠી બાંધી - હવે રોજ માળા ફેરવજે. ભજન કરજે. દર્શને આવજે. હા જરૂર આવીશ. ભજન કર્યા સિવાય બીજું આ સંસારમાં છે શું ? વાહ વાહ સમજુ ચેલો મળ્યો. સંત રાજી થયા. પેલા ભાઈ ખેડૂત હતા. એના ઘરમાં બે સારી ભેંસો હતી એમાંથી એક ભેંસ અચાનક મરી ગઈ. ખેડૂતે તેની પત્નીને પૂછ્યું આ ક્યારે મરી ગઈ ? ત્યારે તેને કહ્યું પા કલાક થયો. પા કલાક પહેલાં જ મને સાધુએ કંઠી બાંધેલી. હેં આ શું કરી આવ્યા ? કંઠી બાંધીને ભગવાનનો ભક્ત થયો. પણ ક્યારે થયા ? પા કલાક થયો. તો તમે ત્યાં કંઠી ગળામાં નાખી હશે અને અહીં આ ભેંસ મરી ! તો તો ખોટું કહેવાય લાવ નાખી આવું કંઠી પાછી. એ સાધુ પાસે પાછો ગયો. મહારાજ લો આ કંઠી. કેમ શું થયું ? ઘરે મજબૂત હાથણી જેવી ભેંસ મરી ગઈ. સંત વિચાર કરે છે. આને ભગવાનમાં કઈ જાતનો પ્રેમ થયો હશે ? માહાત્મ્ય વગરનો અને જ્ઞાન વગરનો આ સ્નેહ. સ્નેહ થયો ભાવના થઈ પણ એની પાછળ નહોતું માહાત્મ્ય કે જ્ઞાન. સાધુ પુરૂષ વિચાર કરે છે એના માટે તો સાધના કરવી પડે છે. સંત સમાગમ કરવો પડે છે. પેલા સંત બહુ જબરા તેમણે તરત જ વિચાર્યું કે આને જરૂર બચાલી લેવો છે. અને પછી કહ્યું. જો ભાઈ તું જાણતો નહી હોય પણ અમારા મંત્ર એવા છે કે કંઠી બાંધે એટલે એક ભેંસ મરે અને કંઠી કાઢે એટલે બીજી મરે. પેલો વિચાર કરે છે કે તો તો કંઠી નથી કાઢવી. કારણ કે એના ઘરે બે જ ભેંસો હતી. ઘેર આવી તેની પત્નીને કહે છે કે આ સાધુ એ તો કાયમનું લાકડું ગળામાં ઘાલ્યું. કેમ શું થયું ? અરે એવા મંત્ર કર્યા છે કે કંઠી બાંધે ત્યારે એક ભેંસ જાય અને કાઢે તો બીજી જાય. એટલે ઘરવાળા કહે છે કે સાચવજો. હવે ભૂલે ચૂકે તૂટી ન જાય. બિલકુલ ધ્યાન રાખજો. પેલા નાહવા બેસે તો કહેવા આવે. સાચવજો. એના ઘરવાળાં દિવસમાં દશવાર ટકોરે કંઠી સાચવજો અને સમય જતાં કંઠી ખરેખર ટકી ગઈ. ધીમે ધીમે એને સંતમાં હેત થયું. પછીથી તે શાંતિથી ભજન કરવા માંડ્યો ભક્તિ કરવા માંડ્યો અને સંત સમાગમ થતાં થતાં માહાત્મ્ય અને જ્ઞાન પણ આવ્યું. પછી સમજણ આવી અને બનેલી આખી બાબત એ સમજી ગયો. (શિક્ષાપત્રી ભાષ્ય વિવેચનમાંથી સાભાર)

# .....પ્રશ્નપેટી.....

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુરધામ)**

પ્ર. : ૧ બ્રહ્માનંદ સ્વામી પીંગલ ભાષા ક્યા ગામમાં ભણ્યા ?
પ્ર. : ૨ ગૃહસ્થોએ કેવી રીતે વ્યવહાર કરવો ?
પ્ર. : ૩ ભગવાનના ભક્તોએ ધર્માદો કેટલો કાઢવો ?
પ્ર. : ૪ ભગવાનનું સ્વરૂપ કેવું છે ?
પ્ર. : ૫ પૃથ્વી નીચેના સાત લોકના નામ આપો ?
પ્ર. : ૬ સંતદાસજી ક્યા સરોવરમાં ડુબકી મારીને બદ્રિકાશ્રમમાં નીકળ્યા ?
પ્ર. : ૭ દાસનું લક્ષણ કોણે સિદ્ધ કરીને બતાવ્યું ?
પ્ર. : ૮ યમદંડની રચના કોણે કરી છે ?

## ઓકટોબર-૨૦૧૦ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી. **(૨)** ગ.મ.પ્ર. ૬૨. **(૩)** (૧) વેદ (૨) વ્યાસસુત્ર (૩) શ્રીમદ્ ભાગવત (૪) ભગવદ્ ગીતા (૫) વિષ્ણુ સહસ્ત્રનામ (૬) વિદુરનીતિ (૭) વાસુદેવ માહાત્મ્ય (૮) યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ **(૪)** સંવત ૧૮૮૬ જેઠ સુદ-૧૦ **(૫)** કાલવાણી ગામ **(૬)** મૂળજી - સ.ગુ. ઘનશ્યામાનંદ સ્વામી, કૃષ્ણજી - સ.ગુ. સર્વતાનંદ સ્વામી **(૭)** સ.ગુ. પ્રેમાનંદ સ્વામી

૧. સાં. નીતાબેન દુધઈ (કચ્છ)
૨. પટેલ કોકીલાબેન નટવરભાઈ (અમદાવાદ)
૩. પટેલ વ્રજ સતીષભાઈ (અમદાવાદ)
૪. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૫. પટેલ મેઘાબેન કમલેશભાઈ (કુહા)
૬. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૭. શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું - ઓઢવ)
૮. સાં. શિલ્પાબા, શિતલબા (અમદાવાદ હવેલી)
૯. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૦. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૧. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૨. સોની વર્ષાબેન અરવિંદભાઈ (અમદાવાદ)
૧૩. સાં. ભારતીબા, મંજુબા (અમદાવાદ હવેલી)
૧૪. ઠક્કર હસુબેન કનૈયાલાલ (ઈસનપુર)
૧૫. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૬. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૭. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કરી)
૧૮. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૧૯. કા. પટેલ અલ્કાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૨૦. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૨૧. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૨૨. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર)
૨૩. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૨૪. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૫. પટેલ નથુભાઈ ભગવાનજીભાઈ ઘુંટુ (મોરબી)
૨૬. સાંખ્યયોગી બહેનો (સ્વા. મંદિર જુનું મોરબી)
૨૭. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૮. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૯. પટેલ શકરીબેન અંબાલાલ (ઝુલાસણ)
૩૦. મોદી રંજનબેન રમેશભાઈ (વિસનગર)
૩૧. ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૨. ભાવસાર સુમિત્રાબેન નરેશભાઈ (વિસનગર)
૩૩. ખંધડિયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૩૪. ડાભી પ્રભાતસિંહ કેસરજી (ડાંગરવા)
૩૫. મોદી અમૃતલાલ ક. (સોજા)
૩૬. ભાવસાર પલ્લવીબેન વિજયભાઈ (લાંઘણજ)
૩૭. પરમાર નંદલાલ એમ. (ભક્તિનગર - હળવદ)
૩૮. સાં. સવિતાબેન, બચીબા (જેતલપુરધામહવેલી)
૩૯. પટેલ નયનાબેન ઘનશ્યામભાઈ (ઉવારસદ)
૪૦. ગાંધી ખુશ્બુ પવનકુમાર (નારણપુરા)
૪૧. સોની વર્ષાબેન અરવિંદભાઈ (મેમનગર)
૪૨. કાછીયા રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૪૩. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (લુણાવાડા)
૪૪. ટાંક ઈશાબેન ભાવેશકુમાર (બોડકા)
૪૫. કાચા કૌશિકા
૪૬. ટાંક ચંદ્રિકાબેન (જીરાગઢ)
૪૭. પટેલ પ્રવિણભાઈ ભેમાભાઈ (વડુ-ન્યુજર્સી)
૪૮. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે શરદોત્સવ

આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ મંગળ દિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને શ્રીહરિના ૬ઠ્ઠા વંશજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મંદિરના વિશાળ રમણીય પટાંગણમાં સુંદર દેદિપ્યમાન શ્વેત વસ્ત્રોના ભવ્ય અલૌકિક મંડપમાં ઠાકોરજીને બિરાજમાન કરીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ પરંપરાગત શરદોત્સવના ઉચ્છવમાં ગુલતાન બની નંદસંતો રચિત કીર્તનોની રમઝટ બોલાવતા અને સૌ ઝીલતા હતા. આજે ચંદ્રમાં સોળે કળાએ આકાશમાં નહી પણ શ્રી નરનારાયણદેવના દરબારમાં ખીલ્યો હતો. અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્તે પૂર્ણાહુતિની આરતી ધામધૂમથી થઈ હતી. ત્યારબાદ સૌને દુધ પૌંવાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. (શા. નારાયણમુનિદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં દીપોત્સવીના ઉત્સવોની ભવ્ય ઉજવણી

**સમૂહ શારદા પૂજન :** આસો સુદ-૧૪ તા. ૫-૧૧-૨૦૧૦ ના શુભ દિને સાંજે ૬-૦૦ કલાકે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે વિદ્વાન પંડિતોના સુમધુર મંત્રોચ્ચાર વડે સંપન્ન થયું. પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં એક હજારથી પણ વધુ શ્રધ્ધાળુ ભાવિક વહેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગ અને વેપારની શુદ્ધતા, નિષ્ઠા, નીતિમતા અને શ્રીહરિની શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ વેપાર ધંધાનો વ્યવહાર સુંદર થાય તે માટે સમૂહ શારદાપૂજનમાં લાભ લીધો હતો. ખરેખર આજનું વાતાવરણ એટલું દિવ્ય અને ભવ્ય હતું કે દરેકના મન પ્રફુલ્લિત અને આનંદિત હતા. શ્રીહરિના ૭માં વંશજ અને અપર સ્વરૂપના હસ્તે પૂજનનો લ્હાવો લેવો એ જીવનનું સદ્‌ભાગ્ય માનતા હતા. આખો સભા મંડપ ચિક્કાર ચોપડાઓથી સુંદર શોભાયમાન લાગતો હતો. શારદાપૂજન વિધિની પૂર્ણાહુતિની આરતી ઉતાર્યા બાદ પ.પૂ. મહારાજશ્રી સ્વસ્થાન પધાર્યા હતા.

સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, બળદેવ સ્વામી (બાપૂ સ્વામી), નટુ સ્વામી, શા. સ્વામી વિશ્વવિહારીદાસજી, બ્રહ્મચારી સ્વામી રાજેશ્વરાનંદજી, યોગી સ્વામી, મુનિ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, ભૂષણ ભગત આદિ સંત પાર્ષદ મંડળ તથા ઉર્મિક, હાર્દિક, તપનભાઈ અને કોઠાર સ્ટાફે આ પ્રસંગે સુંદર સેવા બજાવી હતી. આ સુંદર પ્રસંગને દૂર દર્શન અને ઈ-ટી.વી.ની કેમેટા ટીમે કવરેજ કરીને સમગ્ર ગુજરાતની ધર્મપ્રેમી જનતાને તેના દર્શન કરાવ્યા હતા.

**છપન્ન ભોગ અન્નકૂટ દર્શન :** તા. ૬-૧૧-૨૦૧૦ ને શનિવારના શ્રી નરનારાયણાદિદેવોને ભવ્યાતિ ભવ્ય છપન્ન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી વિધિવત રીતે સંપન્ન થઈ હતી. આ પ્રસંગના દર્શન દિવ્યાતિ દિવ્ય હતા. સંત-હરિભક્તોની અપરંપાર ભીડ હતી. શહેર, પરા વિસ્તાર અને બહાર ગામના ઘણાજ હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. અન્નકૂટની શોભા અક્ષરધામ તુલ્ય લાગતી હતી. આ પ્રસંગે અન્નકૂટની સમગ્ર સેવામાં મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા માર્ગદર્શનથી જે.પી. સ્વામી, બળદેવ સ્વામી (બાપૂ), જે. કે. સ્વામી, શા.સ્વામી વિશ્વવિહારીદાસજી, યોગી સ્વામી, નટુ સ્વામી, મુનિ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, ભૂષણ ભગત, ચેતન ભગત, વૈભવ તથા

કાઠીયાવાડી હરિભક્તો સેવામાં જોડાયા હતા. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી એ ભંડારમાં અન્નકૂટ પ્રસંગે સુંદર વ્યવસ્થા સંભાળી હતી. ૨૮ દેશના ગામોમાં અન્નકૂટ પ્રસાદ પહોંચાડવા માટે સંતોના વિવિધ મંડળોએ નોંધપાત્ર સેવા બજાવી હતી. દિપોત્સવી પ્રસંગે નિજ મંદિરને લાઈટની રોશનીથી ભવ્ય રીતે શણગાર્યુ હતું.

**સંવત ૨૦૬૭નું નૂતન વર્ષ :** સંવત ૨૦૬૭ નૂતન વર્ષ તા. ૭-૧૧-૨૦૧૦ ને રવિવારના રોજ બ્રાહ્મ મુહૂર્તમાં પ્રાતઃ ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી ઉતારવા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા. ત્યારબાદ સવારે ૬-૩૦ કલાકે શણગાર આરતી શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોએ પોતાના વરદ્ હસ્તે ઉતારી હતી. ત્યારબાદ બેઠકમાં સંત-હરિભક્તોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. આજે હજારોની સંખ્યામાં હરિભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. અને જે કોઈ સામા મળે એટલે ઈષ્ટદેવનું નામ'જયશ્રી સ્વામિનારાયણ' બોલીને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવતા હતા. આજનો દિન ધન્ય અતિ ધન્ય બની ગયો. (શા. દિવ્યપ્રકાશદાસ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટના આંગણે ભવ્ય શરદોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ તેમજ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાયણઘાટના આંગણે તા. ૨૩-૧૦-૨૦૧૦ ને આસો સુદ-૧૫ શરદ પૂનમના શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને દર્શન આપી નારાયણઘાટ તીર્થનો મહિમા આશીર્વાદ સાથે કહ્યો હતો. આ પ્રસંગે નિજ મંદિર અને ભગવાનનું સિંહાસન સુંદર શણગારવામાં આવ્યું હતું.

શરદોત્સવના મુખ્ય યજમાન પ.ભ. ભાલજા સાહેબના મંડળના પ.ભ. પ્રબોધભાઈ છગનલાલ ઝાલા હ. ડૉ. નિકુંજ ઘનશ્યામભાઈ (એમ.ડી.) પરિવારે સુંદર લાભ લીધો હતો. યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

પૌંવાની સેવા પટેલ વિનોદભાઈ ડાહ્યાભાઈ અને દૂધની સેવા બદપુરા અને ઈશ્વરપુરા સત્સંગ સમાજે અને ખાંડની સેવા પટેલ ગીરીશભાઈ સાંકળચંદભાઈ આદિ હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. રાત્રે મંદિરના ચોગાનમાં રાસની રમઝટ બાદ સૌને દુધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. મહંત સ્વામીએ સમૂહ આરતીનું સુંદર આયોજન કર્યું હતું. રાસમાં સારું રમનારને યજમાન તરફથી અમદાવાદ મંદિરના મહંત સ્વામી શા. હરિકૃષ્ણદાસજીના હસ્તે પ્રોત્સાહિત ઈજ્ઞામ આપવામાં આવ્યા હતા. સભા સંચાલના શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ (કોટેશ્વર ગુરુકુળ) સંભાળ્યું હતું. (કોઠારી સ્વામી બાલસ્વરૂપદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ ખાતે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં બહેનોની ભવ્ય સત્સંગ સભા

પવિત્ર સાબરમતી નદીના રમણીય સુંદર કિનારે દિવ્યતમ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે તા. ૨૮-૯-૨૦૧૦ ને મંગળવારના શુભ દિને સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના શુભ સાનિધ્યમાં બપોરે ૨ થી ૪-૩૦ દરમ્યાન આયોજીત સત્સંગ સભામાં સાંખ્યયોગી બહેનોએ ભગવાનનું લીલા ચરિત્ર અને ધર્મકુળ માહાત્મ્ય વિસ્તારપૂર્વક વર્ણવ્યુ હતું.

જેમાં શાહીબાગ, રાણીપ, નવાવાડજ, સાબરમતી, મેઘાણીનગર અને ઘાટલોડીયા વગેરે વિસ્તારના બહેનોએ દર્શન આશીર્વાદનો લાભ લીધો હતો. સંપ્રદાયની મર્યાદાને ધ્યાનમાં રાખીને શ્રી ઘનશ્યામ મહિલા મંડળ નારાયણઘાટ તેમજ પ.ભ. નારણભાઈ (ગવાડાવાળા) તથા મણીભાઈ (વાગોસણાવાળા) ભક્તિભાઈ (દેઉસણા) આદિ હરિભક્તો સુંદર વ્યવસ્થામાં સહયોગી બન્યા હતા.

(સત્સંગ મહિલા મંડળ વતી પુષ્પાબેન)

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં કર્મ શક્તિ મંદિર ૧૦૦૮ સમૂહ મહાપૂજા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેમજ સમગ્ર ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા નારણઘાટ મહંત સ્વામી શા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નાના પી.પી. સ્વામી) ની પ્રેરણાથી તા. ૨૬-૯-૨૦૧૦ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કર્મ શક્તિ પાર્ક ૧૦૦૮ સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન સંપન્ન થયું.

અ.મુ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. અખંડાનંદ સ્વામી રચિત અને પર્વતિત સંકલ્પ સિધ્ધ મહાપૂજાનું સુંદર આયોજન શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શુભ પ્રારંભ થયો. બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અહીંના સત્સંગને અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃતિને બિરદાવી હતી. મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સહિત પધાર્યા હતા. અને ૧૦૦૮ સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. આજે હરિભક્તોને સમસ્ત ધર્મકુળના દર્શનનો અલૌકિક લ્હાવો મળ્યો હતો. બાપુનગરના ઘણાજ હરિભક્તોએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પોતાની સેવા લખાવી હતી.

આ સમગ્ર પ્રસંગમાં અમદાવાદ મંદિરના સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા નારણઘાટ મંદિરના મહંત નાના પી.પી. સ્વામીએ પ્રેરણા માર્ગદર્શન આપ્યું હતું. સમસ્ત બાપુનગરના હરિભક્તોને પ.પૂ. મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

અત્રે પ્રસંગમાં નારણઘાટ મંદિર મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. રાજેશ્વરાનંદજી આદિ સંતો પધાર્યા હતા.

સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)એ સંભાળ્યુ હતું. છેલ્લે ૪૦૦૦ જેટલા હરિભક્તોએ દર્શન અને પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. આ પ્રસંગે ૧૦૮ જેટલા માનવ પ્રેમી હરિભક્તોએ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કર્યું હતું. (મનોજ પટેલ, શ્રી ન.ના.દેવ યુવક મંડળ બાપુનગર)

### પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં પ્રેરણાત્મક સંકલ્પ વાળા શ્રધ્ધાળુ ભક્તો

પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય અને અલૌકિક સંકલ્પ દિવ્યાતિ દિવ્ય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ખાત મુહૂર્તથી લઈ અત્યાર પર્યન્ત આપણે ઘણા આશ્ચર્યકારી પ્રસંગો બનતા જોયા છે. જેમાંના હમણા અમદાવાદના સીટી વિસ્તારના ખાડીયામાં વાડાપોળ માં રહેતા પ.ભ. જેઠાભાઈ મીઠાભાઈ રાઠોડ અને તેમના પત્ની કાંતાબેન (ઉંમર ૯૦ અને ૮૧ વર્ષ) પ્રાથમિક શાળા વિરમગામથી નિવૃત થયા. જેમના એક પુત્ર હર્ષદભાઈ છે જે મંદબુદ્ધિના છે. જે મંદબુદ્ધિની શાળામાં અભ્યાસ કરે છે.

પરંતુ વાત કરવી છે તેમની શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અને તેના સંકલ્પ કર્તા પ.પૂ. મોટા મહારાજશ્રી પરત્વેની નિષ્ઠા અને ભાવનાની ! આ દંપતિને રૂા. ૪૦૦૦-૦૦ પેન્શનમાંથી ઘરખર્ચ કાઢીને આટલી જૈફ વયે આવા મહા ભગીરથ સર્વોપરિથી સર્વોપરિ વિશ્વમાં તો શું કોઈ બ્રહ્માંડમાં સર્વોપરિ ભગવાનનું આવું દિવ્યાતિદિવ્ય મ્યુઝિયમ જોવા ન મળે કે સાંભળવા પણ ન મળે આવા મહાન કાર્યમાં જેની પાસે આવકનો કોઈ સ્તોત્ર નથી કે કોઈ મોટી મિલ્કત પણ નથી પણ સેવાની ખુમારી જોઈને અન્યને પણ કાંઈક કરી છૂટવાનું મન થાય તેવો સંકલ્પ કર્યો છે કે અમારે સેવા કરીને સંપૂર્ણ સર્મપિત થવુ છે. અમારે તો આ જીવનું ભવોભવનું ભાથું બાંધીને કલ્યાણ કરી લેવું છે. શ્રીજી મહારાજે આવા ભક્તોને જ મોટા કહ્યા છે. તેમની સેવા બદલ તેમને અનેકાનક ધન્યવાદ ઘટે છે. (પ્રફુલ ખરસાણી)

### જેતલપુરધામની સમકક્ષ શ્રી સ્વામિ. મ્યુઝિયમની પદયાત્રા એ એક યુવાનને નવજીવન બક્ષ્યું

